અમદાવાદ સ્ટોક ટુડે

સુવિચાર

મતલબી માણસો સાથે રહેવાની
પણ મજા છે..
થોડી તકલીફ પડે,
પણ
દુનિયાના દર્શન એની અંદર જ
થઈ જાય..

પેજ-16

રૂા.10000થી ઓછીની GST નોટીસો પાછી ખેંચાશે : E-કોમર્સ ડીલીવરી મોંઘી બનશે

સોમવાર, 12 ઓક્ટોબર, 2026 ■ વર્ષ 13 અંક-104 | અમદાવાદ ■ તંત્રી : સીમા શા ₹ કિંમત : ₹ 2 કુલ પાના-16 | વાર્ષિક લવાજમ ₹104

RNI No. GUJGUJ/2013/52004 ■ TC Code : GUJGUJ14760 ■ Rg. No. 124559 Subject to Juridiction Ahmedabad Email : stocktodaynews@gmail.com

બે અઠવાડિયામાં સમિતિ રચો, પ્રથમ બેઠકથી બે મહિનામાં ભલામણો આપો

ડોક્ટરોને દવા લખાવવા પ્રલોભન આપતી ફાર્મા કંપનીઓ પર લગામ માટે સમિતિ બનાવો : સુપ્રીમ કોર્ટનો કેન્દ્રને આદેશ

નવી દિલ્હી : ડોક્ટરોને ચોક્કસ દવાઓ પ્રિસ્ક્રાઇબ કરાવવા માટે નાણાકીય લાભ, ભેટ-સોગાદ, આતિથ્ય, પ્રવાસ અને મનોરંજન સહિતના પ્રલોભનો આપવાના આક્ષેપોને લઈને સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને મહત્વપૂર્ણ નિર્દેશ આપ્યા છે. ફાર્માસ્યુટિકલ કંપનીઓની કથિત અનૈતિક માર્કેટિંગ અને પ્રમોશનલ પદ્ધતિઓની વિગતવાર તપાસ માટે બે અઠવાડિયામાં સમિતિ રચવા અને તેની પ્રથમ બેઠકથી બે મહિનામાં ભલામણો રજૂ કરવા આદેશ અપાયો છે.

જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની ખંડપીઠ સમક્ષ થયેલી સુનાવણી દરમિયાન સરકારે ફાર્મા કંપનીઓના આચરણને નિયંત્રિત કરવા માટે નિયમનકારી માળખા અંગે ભલામણો કરવા ત્રણ સભ્યોની સમિતિ રચવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. જો હજુ સુધી સમિતિની રચના કરવામાં આવી ન હોય તો આદેશની તારીખથી બે અઠવાડિયામાં તેની રચના કરવાની રહેશે.

સમિતિ અરજદારો અને અન્ય પક્ષકારો દ્વારા રજૂ કરવામાં આવેલી સામગ્રીનો અભ્યાસ કરશે અને તેમને પોતાના મંતવ્યો, સૂચનો તથા ચિંતાઓ રજૂ કરવાની તક આપશે. જરૂર જણાય તો સમિતિ ટેકનિકલ, તબીબી, ફાર્માસ્યુટિકલ અને અન્ય ક્ષેત્રોના નિષ્ણાતો, સંસ્થાઓ તથા મંડળોની મદદ પણ લઈ શકશે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે સમિતિની ભલામણો મળ્યા બાદ કેન્દ્ર સરકાર તેના પર વિચારણા કરીને નૈતિક, પારદર્શક અને જવાબદારીપૂર્ણ ફાર્માસ્યુટિકલ માર્કેટિંગ પદ્ધતિઓ સુનિશ્ચિત કરવા યોગ્ય નિર્ણય લે.

110 કેન્સર વિરોધી દવાઓ સસ્તી થવાની શક્યતા

દરમિયાન, કેન્દ્ર સરકારે તમામ નોન-શેડ્યુલ્ડ કેન્સર વિરોધી દવાઓ માટે ટ્રેડ માર્જિન MRPના 30 ટકા સુધી મર્યાદિત કરવાનો નિર્ણય લીધો છે. આ નિયમ બ્રાન્ડેડ અને જેનરિક, સ્થાનિક અને આયાતી તેમજ પેટન્ટેડ અને પેટન્ટ વિનાની દવાઓને લાગુ પડશે.

મહિનાના અંતમાં આ નિર્ણય અમલમાં આવવાની શક્યતા છે. તેના કારણે 35 પેટન્ટેડ દવાઓ સહિત આશરે 110 કેન્સર વિરોધી દવાઓની કિંમતોમાં ઘટાડો થવાની શક્યતા છે. સરકારના આ પગલાથી કેન્સરના દર્દીઓને વાર્ષિક અંદાજે રૂ.2,500 કરોડની બચત થવાનો અંદાજ છે.

અગાઉ 29 સપ્ટેમ્બરે સુપ્રીમ કોર્ટે કેન્સરની દવાઓની ઊંચી કિંમતો અંગે ચિંતા વ્યક્ત કરી હતી. સુનાવણી દરમિયાન કોર્ટે ઉદાહરણ આપતાં નોંધ્યું હતું કે છૂટક વેપારીને રૂ.2,700માં સપ્લાય થતી કેન્સરની દવા પર રૂ.27,000ની MRP છાપવામાં આવે છે.



HDFC બેન્કના નવા વડા બનશે અનૂપ બાગચીનો પગાર રૂ. 35.9 કરોડ: ભારતમાં સૌથી મોટું પેકેજ

પરફોર્મન્સ બોનસ સાથે વાર્ષિક કમાણી રૂ. 43.24 કરોડ સુધી પહોંચી શકે ; શશિધર જગદીશનનું સ્થાન લેશે

નવી દિલ્હી : ભારતની સૌથી મોટી ખાનગી ક્ષેત્રની બેન્ક એચડીએફસીએ તેનાં નવા મેનેજિંગ ડિરેક્ટર (MD) અને મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) તરીકે અનૂપ બાગચીના નામની જાહેરાત કરી છે. બેન્કે તેમનાં માટે વાર્ષિક રૂ. 35.90 કરોડના પગાર પેકેજની દરખાસ્ત મૂકી છે, જેની સાથે તેઓ દેશના કોઈપણ બેન્કના સૌથી વધુ પગાર મેળવતા સીઈઓ બની જશે. આ સિવાય જો પર્ફોર્મન્સ બોનસ અને સ્ટોક ઈન્સેન્ટિવ ઉમેરવામાં આવે તો તેમનું કુલ વાર્ષિક પેકેજ વધીને રૂ. 43.24 કરોડ સુધી પહોંચી શકે છે. અનૂપ બાગચીના આ પ્રસ્તાવિત પગાર પેકેજમાં રૂ. 8.97 કરોડનો ફિક્સ્ડ (નિશ્ચિત) પગાર અને કામગીરી આધારિત રૂ. 26.92 કરોડ સુધીનું વેરીએબલ વળતર સામેલ છે. ફિક્સ્ડ પગારમાં બેઝિક સેલરી ઉપરાંત મકાન ભાડકું, કાર એલાઉન્સ અને અન્ય નિવૃત્તિ લાભોનો સમાવેશ થાય છે. આ સિવાય તેમને વન-ટાઇમ જોઈનિંગ બોનસ તરીકે રૂ. 7.35 કરોડ મૂલ્યના શેર સંબંધિત લાભો (ESOPs) પણ આપવામાં આવશે. બેન્કે આ નિમણૂક અને પગાર માટે શેરધારકોની મંજૂરી માંગતી પ્રક્રિયા શરૂ કરી દીધી છે.



2026માં ટેક સેક્ટરના અબજોપતિઓએ જ કમાણી કરી

ટેક અબજોપતિઓએ 845 અબજ ડોલરની કમાણી કરી ; ટોપ 100 ટેક અબજોપતિઓની નેટવર્થ 4.6 ટ્રિલિયન ડોલર થઈ, 500 સૌથી અમીર લોકોની કુલ સંપત્તિનો 36 ટકા હિસ્સો ટેક અબજોપતિઓ પાસે ; નોન-ટેક સેક્ટરના ધનકુબેરોની નેટવર્થ ઘટી

નવી દિલ્હી : એઆઈ બૂમને કારણે ટેકનોલોજી ક્ષેત્રનાં અબજોપતિઓની સંપત્તિમાં મજબૂત ઉછાળો નોંધાયો છે. એટલું જ નહીં, આ વર્ષે માત્ર ટેક બિલિયોનેર્સની જ સંપત્તિ વધી છે, જ્યારે નોન-ટેક અબજોપતિઓની નેટવર્થમાં ઘટાડો જોવા મળ્યો છે. બ્લૂમબર્ગ બિલિયોનેર ઈન્ડેક્સ અનુસાર, વર્ષ 2026 ના પ્રથમ નવ મહિનામાં વિશ્વભરનાં 500 સૌથી અમીર લોકોમાં શામેલ આશરે 100 ટેક અબજોપતિઓની સંપત્તિમાં કુલ 845 અબજ ડોલરનો વધારો થયો છે, જે ઈતિહાસમાં કોઈપણ વર્ષનાં પ્રારંભિક નવ મહિનામાં સૌથી વધુ છે. આ સાથે જ ટેક અબજોપતિઓની કુલ સંપત્તિ વધીને 4.6 ટ્રિલિયને પહોંચી ગઈ છે.

નોન-ટેક અબજોપતિઓની સંપત્તિ ઘટી


- બર્નાર્ડ આર્નોલ્ટ : 50 અબજ ડોલર ઘટી (-27 ટકા)
- મુકેશ અંબાણી : 20 અબજ ડોલર ઘટી (-20 ટકા)
- ઝોંગ શાનશાન : 20 અબજ ડોલર ઘટી (-25 ટકા)
- ફિલ નાઈટ : 12 અબજ ડોલર ઘટી (-36 ટકા)
- વોરેન બફેટ : 07 અબજ ડોલર ઘટી (-4.7 ટકા)

એઆઈ (AI) બન્યું સૌથી મોટું વેલ્થ ક્રિએટર


એન્થ્રોપિકના તમામ 7 સહ-સ્થાપકો જૂનમાં અબજોપતિઓની યાદીમાં શામેલ થયાં છે. ચીનની મિનીમેક્સના યાન જૂની, ડીપસીકના લિયાંગ વેનફેંગ પણ આ યાદીમાં સ્થાન પામ્યાં છે. તાઈવાનની કિંગ સ્લાઈડના લિન સુંગ ચીની સંપત્તિ 9.5 અબજ ડોલર રહી છે.

નોન-ટેક સેક્ટરની નેટવર્થ ઘટી તેનાથી વિપરીત, ટેક સેક્ટર સિવાયનાં અબજોપતિઓની સંપત્તિમાં આ સમયગાળા દરમિયાન કુલ 62 અબજ ડોલરનો ઘટાડો નોંધાયો છે. બીજી તરફ, એઆઈ શેરોમાં આવેલી તેજીથી સ્ટાર્ટઅપ સ્થાપકો તેમજ એઆઈ સાથે જોડાયેલી મશીનરી બનાવતી કંપનીઓનાં માલિકોની સંપત્તિમાં મોટો ઉછાળો આવ્યો છે.






કમ્પ્યુટરનું પ્રિન્ટિંગ છે કે હેન્ડરાઇટિંગ?



વિજયવાડામાં રહેતી સંજના નામની એક સ્કૂલ-સ્ટુડન્ટ તેના અનોખા અક્ષરો માટે આજકાલ સોશ્યલ મીડિયા પર ફેમસ થઈ ગઈ છે. વિડિયોમાં નવમા ધોરણમાં ભણતી સંજના નામની છોકરી પહેલાં સ્માઇલ આપે છે અને પછી એક લીટીવાળા ફૂલ્સકૅપ પેપર પર લખવાનું શરૂ કરે છે. તે ભલે હાથેથી લખતી હોય, પરંતુ જે લખાણ છે એ જાણે કમ્પ્યુટરમાંથી પ્રિન્ટ થઈને આવતું હોય એવા સુંદર, ચોખ્ખા, એકસરખા વણાંકવાળા અને સ્પષ્ટ અક્ષરવાળું છે. એક અક્ષર પણ જરાય વાંકોચૂંકો નહીં. બે અક્ષરો અને શબ્દો વચ્ચેની જગ્યા પણ જાણે માપીને લખાતી હોય એટલી પર્ફેક્ટ. ઇન્સ્ટાગ્રામ પર શૅર કરેલા આ વિડિયોને ૧૧.૫ કરોડ વ્યુઝ મળ્યા છે. મોતીના દાણા જેવા હેન્ડરાઇટિંગ કોને કહેવાય એનું ઉત્તમ ઉદાહરણ છે. ડિજિટલ યુગમાં વિદ્યાર્થીઓ પણ હાથેથી લખવાને બદલે કમ્પ્યુટર અને સ્માર્ટફોન પર ટાઇપિંગ વધુ કરે છે ત્યારે કોઈનું લખાણ આટલું સુંદર હોય એ અજાયબી જ કહેવાય.

માણસોનો ઘોંઘાટ વધી ગયો હોવાથી આ પંખીઓએ પોતાનો અવાજ બદલી નાખ્યો



ઉત્તરાખંડનું રાજ્યપક્ષી અને નેપાલનું રાષ્ટ્રીય પંખી ગણાતા હિમાલયન મોનલ નામના પંખીનો અવાજ બદલાઈ રહ્યો છે. હિમાલયની પહાડીઓમાં ખૂબ ઊંચાઈ પર આ સુંદર પક્ષી જોવા મળે છે. આ પહાડીઓ પર એનો અવાજ સાંભળવો એ પણ એક લહાવો ગણાય છે. જોકે હવે હિમાલયને ખૂંદવા માટે માણસો મોટી સંખ્યામાં ઊમટી રહ્યા હોવાથી આ પંખીઓની શાંતિ ભંગ થઈ ગઈ છે. તાજેતરમાં ઉત્તરાખંડની પહાડી વિસ્તારોમાં ૨૦૦થી વધુ મોનલ પંખીઓના અવાજને રેકૉર્ડ કરીને એનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસમાં પંખીઓના કલરવની પિચ, તીવ્રતા, લંબાઈ અને એ અવાજની આસપાસના અન્ય ઘોંઘાટને પણ અલગ કરીને તારવવામાં આવ્યો હતો. અભ્યાસુઓએ નોંધ્યું હતું કે શાંત અને માનવવસ્તી જ્યાં બહુ જ ઓછી પહોંચી છે એ વિસ્તારના મોનલ પંખીઓના અવાજની ફ્રીક્વન્સી ખૂબ વધારે હતી. આ બદલાવ અવાજ રેકૉર્ડિંગ ડિવાઇસ પર સાફ જોવા મળે છે, પરંતુ એ સાંભળતી વખતે પરખાતો નથી.

બ્રિટનની સૌથી ઓલ્ડેસ્ટ રનિંગ ટીમની સહિયારી ઉંમર છે 321 વર્ષ



રનિંગ બ્રૅન્ડ અલ્ટ્રારનિંગ યુરોપે બ્રિટનની સૌથી જૂની અને વયસ્કોની રનિંગ ટીમ બનાવી છે. એમાં કુલ ૪ સભ્યો છે. એમાં ૭૫થી ૮૫ વર્ષના ૪ ઍથ્લીટ્સ છે જે આ ઉંમરે પણ દોડે છે અને દોડવાને કૉમ્પિટિટિવ સ્પોર્ટ્સની જેમ જ ગંભીરતાથી લે છે. આ ચાર જણની ટીમમાં ૮૨ વર્ષનાં પીટર જૉઇલ્સ છે જે ૮૦ વર્ષથી મોટી વયની કૅટેગરીમાં ૫૦૦૦ કિલોમીટર દોડનારા સૌથી સ્પીડી રનર છે. ૭૯ વર્ષનાં રાજિન્દર સિંહ દુનિયાભરમાં અસંખ્ય મૅરથૉન દોડી ચૂક્યા છે. ૮૫ વર્ષનાં લૉરેન્સ કમિંગ્સના નામે તેમની એજ-કૅટેગરીના અનેક રેકૉર્ડ્સ છે. ૭૫ વર્ષનાં પ્રીતપાલ કૌરે આ જ વર્ષે લંડન મૅરથૉન દોડી હતી અને સૌથી મોટી વયના બ્રિટિશ એશિયન મહિલા મૅરથૉન રનરનો ખિતાબ મેળવ્યો હતો.

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતે પાકિસ્તાનની બોલતી કરી બંધ : ‘પરમાણુ હથિયારો શાસન ચલાવવાનું સાધન નથી’

યુએનની બેઠકમાં ભારતે સ્પષ્ટ કર્યું કે, ભારત કોઈ પરમાણુ બ્લેકમેઇલિંગ સામે નહીં ઝૂકે ; આતંકવાદને પ્રોત્સાહન આપનારાઓ સામે કડક કાર્યવાહી કરાશે



નવી દિલ્હી : સંયુક્ત રાષ્ટ્ર (ઞગ) ની જનરલ એસેમ્બલીની નિઃશસ્ત્રીકરણ અને આંતરરાષ્ટ્રીય સુરક્ષા સમિતિની બેઠકમાં પાકિસ્તાને ફરી એકવાર જમ્મુ-કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ બાબતે ભારતે પોતાનાં ‘રાઇટ ઓફ રિપ્લાય’ (જવાબ આપવાના અધિકાર) નો ઉપયોગ કરીને પાકિસ્તાનને સખત શબ્દોમાં ફટકાર લગાવી હતી.

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતનાં વરિષ્ઠ સલાહકાર અન્મોલ સિંહ બેદીએ સ્પષ્ટ કર્યું કે જમ્મુ-કાશ્મીર ભારતનો અવિભાજ્ય અને અખંડ ભાગ છે. તેમણે પાકિસ્તાન દ્વારા ગેરકાયદેસર રીતે કબજે કરાયેલાં ભારતીય વિસ્તારોને ખાલી કરીને પરત સોંપવાની માંગ કરી હતી.

ભારતે વૈશ્વિક મંચ પરથી પરમાણુ હથિયારો અંગે પાકિસ્તાનની નીતિ પર સીધો પ્રહાર કર્યો હતો. ભારતે જણાવ્યું કે પરમાણુ હથિયારોને દેશ ચલાવવા કે રાજનીતિ કરવાનાં દૈનિક સાધન તરીકે વાપરી શકાય નહીં.

ભારતીય ક્ષમતાઓ માત્ર પોતાનાં દેશની સુરક્ષા માટે છે અને તે કોઈ દેશ વિરુદ્ધ લક્ષિત નથી. જોકે, પાકિસ્તાન તરફથી થતાં ઉશ્કેરણીજનક કૃત્યો અને પરમાણુ બ્લેકમેઇલિંગ સામે ભારત ક્યારેય ઝૂકશે નહીં અને પોતાનાં સાર્વભૌમત્વનું રક્ષણ કરવા માટે યોગ્ય પગલાં ભરશે.

પોતાનાં સંબોધનમાં ભારતે ત્રણ સ્પષ્ટ સીમારેખાઓ દોરી હતી. પહેલું, ભારત પર થતાં કોઈ પણ આતંકી હુમલાનો યોગ્ય અને સખત જવાબ આપવામાં આવશે. બીજું, ભારત પરમાણુ ધમકીઓ સામે નમતું નહીં જોખે.

ત્રીજુ, આતંકવાદને પ્રોત્સાહન આપનારા અને તેના મુખ્ય સૂત્રધારો વચ્ચે ભારત કોઈ ભેદભાવ નહીં રાખે. ભારતે યાદ અપાવ્યું કે ગયા વર્ષે પહલગામમાં થયેલા આતંકી હુમલા બાદ ભારતે પોતાનાં બચાવમાં ‘ઓપરેશન સિંદૂર’ હેઠળ આતંકી માળખાને લક્ષ્ય બનાવ્યું હતું.

આ ઉપરાંત, ભારતે સિંધુ જળ સંધિનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે આ સંધિ વિશ્વાસ અને સદભાવના પર આધારિત હતી. જે દેશ આતંકવાદને સહારો આપીને વિશ્વાસનો પાયો નબળો પાડે છે, તે આ સંધિના લાભો સતત મળતાં રહે તેવી અપેક્ષા રાખી શકે નહીં.

એ જ રીતે, પાકિસ્તાનના પરમાણુ પ્રસારના ભૂતકાળનાં ઇતિહાસનો ઉલ્લેખ કરીને ભારતે તમામ જવાબદાર દેશોને કડક નજર રાખવા અને સાવચેતી રાખવા અપીલ કરી હતી.

કયા હુઆ તેરા વાદા પરથી ગાયું - યે રહા મેરા વાદા, યે કસમ, યે ઈરાદા : સોશિયલ મીડિયામાં વાયરલ થયું સોંગ

કેનેડામાં મેયર બનવા ભારતની દીકરીએ માગ્યા બોલિવુડની સ્ટાઇલમાં વોટ

મિસિઓગા : આંધ્રપ્રદેશમાં જન્મેલી દીપિકા દરમેલા, કેનેડાના મિસિસોગા શહેરમાં મેયરપદની ચુંટણી લડી રહી છે. શુક્રવારે તેમણે આ ચુંટણી પ્રચાર માટે હિન્દી ફિલ્મ `હમ કિસીસે કમ નહીં હૈ’ ના લોકપ્રિય ગીત `કયા હુઆ તેરા વાદા’નો સહારો લીધો છે. આ શબ્દોમાં ફેરફાર કરીને વંદના વિશ્વાસના અવાજમાં યે રહા મેરા વાદા, યે કસમ યે ઈરાદા... રજુ કર્યું છે. જે લોકોને ખૂબ પસંદ આવી રહ્યું છે. 36 સેકન્ડનો આ વિડીયો દીપિકાએ તેના એકસ એકાઉન્ટમાં શેર કરીને લખ્યું છે. હવે મૂડ બદલવા કેટલાક બોલીવુડના મજેદાર ગીતો સાંભળીએ. તેમણે યહ રહા મેરા વાદા, યે કસમ યે ઈરાદા ગાઈ કહ્યું છે. આ મારો વાયદો, કસમ, ઈરાદો છે- પ્રોપર્ટી ટેકસ નહીં વધે. દીપિકાનો આ વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થઈ રહ્યો છે અને લોકોને પસંદ આવી રહ્યો છે.



આવા બોસ સૌને મળે! કર્મચારીઓને ઠંડીમાં બાઇક પર આવતા જોઈ બોસે બીએમડબલ્યુ કાર ભેટ આપી!

જિયાઓજુઓ : કડકડતી ઠંડીમાં પોતાના કર્મચારીઓને થરથરતા બોસથી ન જોઈ શકાયુ. બોસે ભીષણ ઠંડીમાં સ્કુટર પર ઓફીસે આવતા કર્મચારીઓને નવી બીએમડબલ્યુ કાર ગિફટ આપી છે, લોકો ગિફટમાં કાર આપનાર બોસની પ્રશંસા કરી રહ્યા છે. સાથે-સાથે લોકો પણ જાણવા માંગે છે કે આ બોસ કોણ છે, જેણે પોતાના કર્મચારીઓને આ ભેટ આપી છે. આ બોસ ચીનના મધ્ય હેનાન પ્રાંતના જિયાઓજુઓની છે. બીફ હોટપોટ ચેનની માલિકણ મા યાનલીએ પોતાના કર્મચારીઓને આ ભેટ આપી છે. આ દરેક કારની કિંમત 3 લાખ યુઆન એટલે કે લગભગ 44 લાખ રૂપિયા છે. બોસ પાસેથી બીએમડબલ્યુ કાર ભેટ મેળવનાર કર્મચારી લી જી એ કહ્યું હતું કે હું ખૂબ જ ખુશ છું. બોસ મા એ શો રૂમમાં જતી વખતે મને કહ્યું હતું કે તે તેને એક મોટું રમકડું આવશે. રેસ્ટોરન્ટની માલિક મા યાતલીએ કહ્યું હતું કે હું તો કારમાં બેસીને આરામથી આવી જઈ શકુ છું તો કર્મચારીઓ કેમ નહીં. આજે હું જે કંઈ છું, મારી કંપની જે જગ્યાએ પહોંચી છે તે મારા કર્મચારીઓના કારણે છે.



ચીનની મહિલા બોસે કહ્યું - હું જે કંઈ છું, તે મારા કર્મચારીઓના કારણે છું

હજી બે વર્ષ પણ પૂરાં નથી થયાં અને 4 રેકોર્ડ બનાવી દીધા

બૅન્ગલોરમાં રહેતી અકીરા બંસલ નામની ટબૂકડી કન્યા રમતગમતમાં એટલી ઉત્સાહી છે કે તેને જે કોઈ પણ રમત શીખવો એ ઝટપટ શીખી લે છે. તેના પપ્પા ફુટબૉલર છે અને મમ્મી ક્રિકેટ રમવાની શોખીન. પેરન્ટ્સની સ્પોર્ટ્સની રુચિ દીકરી અકીરામાં પણ બખૂબી ઊતરી આવી છે.



૧૪ મહિનાની ઉંમરે તેના પેરન્ટ્સે તેને કિક-સ્કૂટર ચલાવવા આપ્યું. આ પહેલાં તે મોટાં કઝિન ભાઈ-બહેનોને પગની ઠેસ મારીને સ્કૂટર ચલાવતાં જોતી આવી હતી. જ્યારે તેને સ્કૂટર પર ઊભી રાખવામાં આવી તો તેણે તરત જ જે જોયેલું એ મુજબ કરવાનું શરૂ કરી દીધું અને આપમેળે તે એક-બે પ્રયોગો પછી જાતે કિક-સ્કૂટર ચલાવતી થઈ ગઈ. સૌથી નાની ઉંમરે કિક-સ્કૂટર ચલાવવાનો રેકૉર્ડ તેના નામે છે. આ માત્ર રેકૉર્ડ બનાવવા પૂરતું નથી, અકીરા રોજ બેથી ત્રણ કલાક સ્કૂટર ચલાવવાની પ્રૅક્ટિસ કરે છે. પેરન્ટ્સ તેને તાલીમ આપે છે એવું નથી, પણ તેને જ એવું કરવું ગમે છે. અકીરાની સાઇઝની હેલ્મેટ તેમ જ ઘૂંટણ અને કોણીના પ્રોટેક્ટર્સ ખાસ બનાવડાવ્યાં છે જેથી પ્રૅક્ટિસ દરમ્યાન દીકરી પડે તો તેને મોટી ઈજા ન થાય. આ ઉપરાંત નાની ઉંમરે સ્વિમિંગ અને સ્લાઇડિંગનો રેકૉર્ડ પણ તેના નામે છે. હાલમાં અકીરા ૨૦ મહિનાની છે અને સ્વિમિંગ, કિક-સ્કૂટર, સ્લાઇડિંગમાં તેની ઉંમરની કૅટેગરીમાં કુલ ૪ રેકૉર્ડ્સ નોંધાવી ચૂકી છે.

અમેરિકામાં 70,000 ડ્રોનથી એરિયલ શોનો રેકૉર્ડ બન્યો



અમેરિકાના ટેક્સસ રાજ્યના બ્લુ રિજ શહેરમાં લગભગ ૩ રાતથી રોજેરોજ કમાલનો એરિયલ શો થઈ રહ્યો છે. એમાં ૭૦,૦૦૦થી વધુ ડ્રોનથી આકાશમાં અલગ-અલગ શેપ રચવામાં આવે છે. અમેરિકામાં દામોદા નામની ડ્રોન બનાવતી કંપનીએ ચીનની સ્કાય એલિમેન્ટ્સ ડ્રોન શો નામની ઈવેન્ટ કંપની સાથે મળીને લગાતાર ૩ દિવસ આ કાર્યક્રમ યોજ્યો હતો. એમાં એકસાથે સૌથી વધુ મલ્ટિરોટર ડ્રોન્સ લૉન્ચ કરવાનો રેકૉર્ડ બન્યો હતો. કંપનીએ એકસાથે ૭૧,૨૦૭ ડ્રોન લૉન્ચ કર્યાં હતાં. આ પહેલાંનો રેકૉર્ડ ૫૫,૯૩૯ ડ્રોનનો હતો. આ શોમાં અલગ-અલગ પ્રાણીઓના ચહેરા આકાશમાં બનાવવામાં આવ્યા હતા. લાયન અને ડ્રૅગન એમાં સૌથી જાયન્ટ હતા. આ પ્રયોગ ઓછી વસ્તી ધરાવતા જાયન્ટ ફાર્મમાંથી કરવામાં આવ્યો હતો. ગિનેસ વર્લ્ડ રેકૉર્ડ્સના નિર્ણાયકો આ ઈવેન્ટમાં હાજર રહ્યા હતા અને તેમણે રેકૉર્ડની પુષ્ટિ કરી હતી.

ખાતે શેનઝેન ઇન્ટરનેશનલ ફોક આર્ટ સિઝનમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે



કૅન્ડી ક્રશ ગેમનાં ૨૩,૧૬૫ લેવલ પાર કરી ગયો બિહારનો આ ટીનેજર સ્માર્ટફોન આવ્યા પછી સૌથી વધુ ફેમસ થયેલી કોઈ ગેમ હોય તો એ છે કૅન્ડી ક્રશ સાગા. ભારતીય ક્રિકેટ ટીમનો ભૂતપૂર્વ કૅપ્ટન મહેન્દ્ર સિંહ ધોની પણ આ ગેમનો ચાહક છે. જોકે બિહારના છપરા જિલ્લાના દિઘવારા ગામના ૧૯ વર્ષના શુભમ કુમાર જેવો કૅન્ડી ક્રશ પ્રેમી કોઈ નહીં હોય. ટીનેજર ગ્રુપમાં શુભમ કુમારે આ ગેમનું હાઇએસ્ટ લેવલ પાર કરી લીધું છે અને એ માટે તેનું ઇન્ટરનેશનલ બુક ઑફ રેકૉર્ડ્સમાં નામ નોંધાયું છે. તેણે ૨૨,૨૨૨ લેવલ પાર કર્યા એની નોંધ આ રેકૉર્ડમાં છે. જોકે એ પછી પણ શુભમ કુમારનો આ ગેમ રમવાનો ચસકો જરાય ઘટ્યો નથી. આ રેકૉર્ડનું સર્ટિફિકેટ તેના હાથમાં આવે ત્યાં સુધીમાં તો તેણે બીજાં ૧૦૦૦ લેવલ પાર કરી લીધાં છે. હાલમાં કૅન્ડી ક્રશ સાગા ગેમની સત્તાવાર કમ્યુનિટીમાં શુભમ કુમાર ૨૩,૧૬૫ લેવલ પાર કરી ચૂક્યો છે. હજીયે તેનું રમવાનું બંધ નથી થયું. શુભમનું કહેવું છે કે તેને જ્યારે પણ ફ્રી ટાઇમ મળે ત્યારે આ ગેમ રમવા બેસી જાય છે. તેની એકાગ્રતા એટલી સારી છે કે તે નિયત સમય અને નિયત મૂવ્સ કરતાં પહેલાં જ અનેક લેવલ્સ પાર કરી લે છે. આટલાંબધાં લેવલ્સ પાર કરવા માટે તેણે કુલ કેટલા કલાક આ ગેમ પાછળ આપ્યા છે એનો તો તેને પોતાને પણ અંદાજ નથી.

એઆઈ મોડલ ‘ક્લોડ’ સાથે સતત અપમાનજનક વ્યવહાર કરનારા એકાઉન્ટ થશે બેન

હવે AI ચેટબોટ સાથે પણ સભ્યતાથી વાત કરવી પડશે : અભદ્ર વર્તન કરનારા યુઝર્સ પર એન્થ્રોપિક લગાવશે પ્રતિબંધ

ભવિષ્યમાં એઆઈમાં ચેતના અને નૈતિક અધિકારો અંગે વૈશ્વિક સ્તરે ચર્ચા ચાલું



સાન ફ્રાન્સિસ્કો : એઆઈ ચેટબોટ સાથે વાતચીત દરમિયાન જો તમે તમારી મર્યાદાની સીમા ઓળંગી જાઓ છો અથવા એઆઈને સતત અપમાનિત કરો છો, તો હવે થંભી જજો. એઆઈ કંપની એન્થ્રોપિકે પોતાના ચેટબોટ ‘ક્લોડ’ સાથે સતત, અકારણ અને ક્રૂર કે અપમાનજનક વ્યવહાર કરનારા યુઝર્સને પ્રતિબંધિત (બેન) કરવાનો નવો નિયમ લાગું કરી દીધો છે. આ કોઈ એઆઈ મોડલના નૈતિક અધિકારો અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને ઉઠાવવામાં આવેલું પ્રથમ કદમ માનવામાં આવી રહ્યું છે.

બદતમીઝી વધી તો વાતચીત વચ્ચે જ પૂરી કરવાનો અધિકાર ક્લોડ પાસે આ તકનીકી સુવિધા પહેલાથી જ ઉપલબ્ધ છે કે જો કોઈ યુઝર અત્યંત આક્રમક કે નુકસાનદેહ વાતચીત કરે છે, તો એઆઈ પોતે જ તે ચેટને વચ્ચેથી જ સમાપ્ત કરી શકે છે. કંપનીએ આ ફીચર ઓગસ્ટ 2025માં રજૂ કર્યું હતું અને તેને એઆઈના હિતમાં એક મહત્વપૂર્ણ સુરક્ષા કવચ ગણાવ્યું હતું. યુઝરની દરેક વાતનો જવાબ આપવો હવે ક્લોડ માટે અનિવાર્ય રહેશે નહીં.

જે આપશો, તે જ પાછું મળશે એઆઈ સેવા પ્રદાતા સ્પાર્કના જીએમ જેક્સન સ્ટેકમેનના જણાવ્યાં મુજબ, એઆઈ એક દર્પણ (અરીસા) સમાન છે. આપણે તેમાં જેવી ભાષા અને વ્યવહાર નાખીએ છીએ, તે જ મોટા પાયા પર સમાજને પાછું આપે છે. જો માણસ પોતાની બનાવેલી ટેકનોલોજી સાથે ક્રૂર બનતા શીખશે, તો તે વ્યવહાર ધીમે-ધીમે વાસ્તવિક દુનિયામાં પણ ઝળકશે.

માનવીય ગુસ્સા કે પ્રયોગો પર પ્રતિબંધ નહીં

એન્થ્રોપિકે સ્પષ્ટ કર્યું છે કે આ પ્રતિબંધ માત્ર એવા કિસ્સાઓમાં જ લાગું થશે જ્યાં યુઝર એઆઈ સાથે સતત ગાળાગાળી, અત્યંત આપત્તિજનક ભાષાનો ઉપયોગ અથવા તેને જાણીજોઈને માનસિક રીતે પ્રતાડિત કરવાનો પ્રયાસ કરે છે.

સામાન્ય માનવીય ગુસ્સો, ક્ષણિક નારાજગી, એઆઈની ક્ષમતાઓ ચકાસવા માટે પૂછવામાં આવેલાં કઠિન પ્રશ્નો કે કાલ્પનિક વાર્તાઓ-કહાણીઓ લખતી વખતે કરવામાં આવેલા પ્રયોગો પર કોઈ રોક નહીં હોય.

શું મશીન પણ અનુભવ કરી શકે છે? કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) ની અંદર ચેતના વિકસિત થવાની શક્યતા અંગે ટેકનોલોજી જગત બે ભાગમાં વહેંચાયેલું છે:

- ડારિયો અમોદેઈ (સીઈઓ, એન્થ્રોપિક): તેમણે જણાવ્યું હતું કે તેઓને નથી ખબર કે એઆઈ મોડલ સચેત છે કે નહીં, પરંતુ ભવિષ્યમાં એઆઈમાં ચેતના ઉભરવાની શક્યતાને પૂરી રીતે ફગાવી શકાય નહીં. તેથી જ કંપની આ દિશામાં ગંભીરતાથી વિચારી રહી છે અને ધર્મ તથા દર્શનશાસ્ત્રના વિદ્વાનો સાથે પણ વિચાર વિમર્શ કરી રહી છે.
- મુસ્તફા સુલેમાન (માઇક્રોસોફ્ટ એઆઈ પ્રમુખ) : તેમનું કહેવું છે કે એઆઈ નથી કંઈ અનુભવ કરતું કે નથી પીડા સહન કરતું. તેથી તેને માનવીય અધિકારો જેવું કંઈ પણ આપવું યોગ્ય નથી.
- સેમ આલ્ટમેન (સીઈઓ, ઓપનએઆઈ) : તેમણે આ અંગે અસહજતા વ્યક્ત કરતાં કહ્યું કે, લોકો એઆઈ મોડલને ધાર્મિક રૂપ આપવા લાગ્યાં છે અથવા માનવીય વિવેકને એઆઈના હવાલે કરી રહ્યાં છે, જે વાસ્તવમાં સુરક્ષા સાથે જોડાયેલો મુદ્દો છે. જોકે, એન્થ્રોપિકે પોતાની નીતિમાં ‘એઆઈ મોડલ વેલફેર’ કે ‘મશીનોના અધિકાર’ જેવા શબ્દોનો સત્તાવાર ઉપયોગ કર્યો નથી, પરંતુ કંપનીના સર્વોચ્ચ અધિકારીઓ લાંબા સમયથી મંથન કરી રહ્યાં છે કે શું એઆઈ સાથે પણ માનવીય ગરિમાનું પાલન થવું જોઈએ. માનવીય વ્યવહારના આ નિયમો હવે ધીમે-ધીમે એઆઈ દુનિયામાં નક્કી થવાની શરૂઆત થઈ ચૂકી છે.

શાંતિના નોબેલ પ્રાઇઝ વિજેતા નાવી પિલ્લઇના કટાક્ષથી હોલમાં હાસ્યનું મોજુ ફરી વળ્યું

ટ્રમ્પ શાંતિના નોબેલ માટે તડપે છે, ને મળતું નથી તો ટ્રમ્પ સાથે નોબેલ શેર કરી લઇશ! : નાવી પિલ્લઇએ ટ્રમ્પના ઘાવમાં મીઠું છાંટ્યુ!



નુનબર્ગ : છેલ્લા કેટલાક વર્ષોથી અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ નોબેલ પ્રાઇઝ માટે તડપે છે, પણ દર વખતે તે હાથ ધોતા રહી જાય છે. આ વખતે આફ્રિકાની ન્યાયવિદ નવનેથમ `નાવી' પિલ્લઈને નોબેલ પ્રાઇઝ મળ્યા બાદ ટ્રમ્પ હાથ ઘસતા રહી ગયા હતા. સન્માનની જાહેરાત બાદ જ્યારે નાવી મીડિયની સામે આવી તો તેમણે ટ્રમ્પની સાથે નોબેલ પ્રાઇઝ શેર કરવાની મજાક કરી. ટ્રમ્પના ઘાવમાં મીઠું ભભરાવ્યું હતું! જર્મનીના નૂર્નબર્ગ શહેરમાં એક કાનૂની સેમિનારમાં નાવીને ખબર મળે કે તેને વર્ષ 2026ના `નોબેલ શાંતિ પુરસ્કાર' માટે સન્માનિત કરાયા છે તો તેની આસપાસ મોજુદ વકીલો અને માનવ અધિકાર કાર્યકર્તાઓએ તાળીઓના ગડગડાટથી આ સમાચારને વધાવ્યા હતા. નાવી પિલ્લઈએ માઇક પકડ્યું અને ચહેરા પર હળવું સ્મિત લાવીને જોરદાર કટાક્ષ કર્યો જેથી પુરા હોલમાં હાસ્ય ફેલાઈ ગયું. તેમણે હસતા-હસતા કહ્યું, જો તમે થોડી વધુ જોરથી તાલી પાડો તો કદાચ હું આ નોબેલ પ્રાઇઝનો કેટલોક ભાગ ટ્રમ્પ સાથે પણ શેર કરી લઉં! તેમની આ કોમેન્ટથી પૂરા હોલમાં હાસ્ય છવાઈ ગયું. એમનેસ્ટી ઈન્ટરનેશનલની મહાસચિવ અગ્નેસ કોલાર્ડે આ પળનો વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર શેર કરતાં તે પૂરી દુનિયામાં વાયરલ થઈ ગયો છે. ઉલ્લેખનીય છે કે નાવી પિલ્લઈ કે જે રવાન્ડા ઈન્ટરનેશનલ ક્રિમીનલ ટ્રિબ્યુનલની પૂર્વ પ્રેસિડેન્ટ અને યુએનની પૂર્વ માનવાધિકાર પ્રમુખ છે. તેણે કહ્યું હતું કે જ્યારે તેને શાંતિના નોબેલ પ્રાઇઝ મળ્યાની ખબર મળી તો તેને ખુદ પર ભરોસો નહોતો થયો તેણે કહ્યું હતું કે મને મજાક લાગતી હતી.

ફ્લાય દુબઈની વિમાની સેવા ફરી શરૂ કરવાની માંગણી ઈઝરાયેલે ફગાવી



તેલઅવીવ : ફ્લાય દુબઈથી તેલઅવીવ જતી 176 મુસાફરો- ક્રુ મેમ્બર સાથેની ફ્લાઈટને હાઈજેક કરી તેને ક્રેશ કરવાના એક કટ્ટરવાદી ઓમાની પાઈલોટના પ્રયાસ નિષ્ફળ બનાવ્યા બાદ ઈઝરાયેલે ગલ્ફની વિમાની સેવામાં મહતમ સાવધાની શરૂ કરી છે. ફરીથી દુબઈ-તેલઅવીવની વિમાની સેવાનો પ્રારંભ કરવાની ફ્લાય દુબઈની ઓફર નકારી કાઢી છે. એક સપ્તાહ પુર્વેના આ સંભવિત હાઈ જેકીંગમાં જે કટ્ટરવાદી પાઈલોટ હતો તે તમામ સ્ક્રીનીંગને છેતરીને આ વિમાનનો પાઈલોટ બનવામાં સફળ રહ્યો હતો. ફ્લાય દુબઈ એ પણ આ પાઈલોટના અનેક નેગેટીવ રિપોર્ટ છતા તેને ઉડ્ડયનની જવાબદારી સોંપી અને તે પણ તેલઅવીવ જતી વિમાની સેવામાં સામેલ કર્યા તેથી ઈઝરાયેલ માને છે કે ફ્લાય દુબઈમાં જ આતંકી કનેકશન છે અને ઈઝરાયેલ ઈચ્છે છે કે પુરી તપાસમાં તેને સામેલ કરવામાં આવે. જો કે હજુ યુએઈની એજન્સીઓની આ નિષ્ફળ હાઈજેકીંગની તપાસ કરી રહી છે તથા પાઈલોટ હમામ અલ હમામી તેના કબ્જામાં છે. જો કે પાઈલોટે કેટલી કબુલાત કરી તે પણ હજુ જાહેર થયું નથી.

અમેરિકામાં ભારતીય IT કંપનીઓની પાછળ પડ્યા ટ્રમ્પ : PERM ને હથિયાર બનાવી લીધું

TCS , ઈન્ફોસિસ અને વિપ્રો સહિત ટેક જાયન્ટ્સ સામે H-1B વિઝાના દુપયોગનો આરોપ; લાખથી વધુ ભારતીય પ્રોફેશનલ્સનું ભવિષ્ય અધ્ધરતાલ



વોશિંગ્ટન ડીસી : અમેરિકામાં કામ કરતાં ભારતીય આઈટી પ્રોફેસનલ્સ માટે ફરી એકવાર મોટો આંચકો સામે આવ્યો છે. 'અમેરિકા ફર્સ્ટ'ની નીતિ અને સ્થાનિકોને રોજગારી આપવાના નામે ટ્રમ્પ પ્રશાસને ભારતીય આઈટી કંપનીઓ સામે કડક વલણ અપનાવ્યું છે.

વિદેશી કર્મચારીઓને કાયમી ધોરણે નોકરીએ રાખવા અને ગ્રીન કાર્ડ આપવા માટેની સૌથી પ્રાથમિક કાનૂની પ્રક્રિયા એટલે કે PERM (પરમેનેન્ટ લેબર સર્ટિફિકેશન)ને ટ્રમ્પ સરકારે હથિયાર બનાવીને અટકાવી દીધી છે.

ટાટા, ઈન્ફોસિસ અને વિપ્રો જેવી દેશ-વિદેશની મોટી ટેક કંપનીઓને આ પ્રોગ્રામમાંથી સસ્પેન્ડ કરી દેવાતાં હવે ગ્રીન કાર્ડ મેળવવાનો માર્ગ બંધ થઈ ગયો છે, જેનાથી અમેરિકામાં વસેલા લાખથી વધુ ભારતીય આઈટી પ્રોફેસનલ્સના ભવિષ્ય પર તલવાર લટકી રહી છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ લેબરે (અમેરિકી શ્રમ વિભાગ) વિદેશી કર્મચારીઓ માટે રોજગાર આધારિત ગ્રીન કાર્ડ મેળવવાની પ્રક્રિયા સાથે જોડાયેલા પરમેનેન્ટ લેબર સર્ટિફિકેશન (PERM) પ્રોગ્રામમાંથી અગ્રણી ટેક કંપનીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દીધી છે. આ કાર્યવાહી હેઠળ ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS), ઈન્ફોસિસ , વિપ્રો, એચસીએલ ટેકનોલોજીસ, કોગ્નિઝન્ટ , માઈક્રોસોફ્ટ, કેપજેમિની અને અડોબે પર ગાજ પડી છે.

અમેરિકી શ્રમ વિભાગનાં જણાવ્યાં અનુસાર, આ કંપનીઓ પર H-1B વર્કર વિઝા સિસ્ટમનો ગેરઉપયોગ કરવા અને વિઝા પ્રક્રિયામાં ગડબડ તથા ધોખાધડીના ગંભીર આરોપો મૂકવામાં આવ્યાં છે. ટ્રમ્પ પ્રશાસન અને વાઈસ પ્રેસિડેન્ટ જે.ડી. વેન્સે દાવો કર્યો છે કે આ કંપનીઓ સ્થાનિક અમેરિકી નાગરિકોને નોકરીમાંથી દૂર કરીને વિદેશી કર્મચારીઓને પ્રાથમિકતા આપી રહી છે.

વેન્સે માઈક્રોસોફ્ટનું ઉદાહરણ આપતાં કહ્યું કે કંપનીએ 6000 અમેરિકનોને નોકરીમાંથી કાઢીને સામે 6,300 H-1B વિઝા અને 3000 ગ્રીન કાર્ડનો લાભ લીધો હતો. બીજી તરફ, આ અણધાર્યા પગલાં પાછળ અમેરિકાનું આંતરિક રાજકારણ પણ જવાબદાર માનવામાં આવે છે.

ટ્રમ્પની ઘટતી લોકપ્રિયતા અને આગામી મિડટર્મ ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને સ્થાનિક અમેરિકી સમર્થકોને રીઝવવા આઈટી કંપનીઓને નિશાન બનાવવામાં આવી હોવાનું વિશ્લેષકોનું માનવું છે.

PERM (પ્રેમ) શું છે?

PERM એટલે કે પરમેનેન્ટ લેબર સર્ટિફિકેશનએ અમેરિકી શ્રમ વિભાગ દ્વારા સંચાલિત એક વિશેષ કાયદાકીય પ્રક્રિયા છે. કોઈપણ વિદેશી કર્મચારી માટે અમેરિકામાં રોજગાર આધારિત ગ્રીન કાર્ડ (સ્થાયી નિવાસ) મેળવવાની આ સૌથી પહેલી અને અત્યંત અનિવાર્ય સીડી ગણાય છે.

આ પ્રક્રિયા હેઠળ અમેરિકી એમ્પ્લોયરે (કંપનીએ) સ્થાનિક મીડિયામાં જાહેરાત આપીને કાયદાકીય ધોરણે એ સાબિત કરવું પડે છે કે જે-તે પદ કે નોકરી માટે કોઈ યોગ્ય, ઈચ્છુક અને ઉપલબ્ધ અમેરિકી નાગરિક મળ્યો નથી. આ સિવાય કંપનીએ એ પણ નિશ્ચિત કરવું પડે છે કે બહારથી વિદેશી વર્કર લાવવાથી સ્થાનિક અમેરિકી કર્મચારીઓનાં વેતન કે કામકાજની શરતો પર કોઈ નકારાત્મક અસર નહીં પડે. શ્રમ વિભાગમાંથી PERM મંજૂર થયા બાદ જ કંપની ગ્રીન કાર્ડની આગળની અરજી (ફોર્મ -140) ફાઈલ કરી શકે છે.


PERM ભારતીયોને શું કામ આવે છે?

H-1B વિઝા પર અમેરિકા જતાં ભારતીય આઈટી એન્જિનિયરો અને પ્રોફેસનલ્સ માટે PERM એ ગ્રીન કાર્ડ મેળવવાનો મુખ્ય દરવાજો છે. સામાન્ય રીતે -1 વિઝાની મહત્તમ મર્યાદા વર્ષની હોય છે. પરંતુ નિયમ મુજબ જો આ વર્ષનો સમયગાળો પૂરો થાય તે પહેલાં કંપનીએ કર્મચારી માટે ફાઈલ કરી દીધું હોય, તો તે કર્મચારી વર્ષ પછી પણ અમેરિકામાં રહીને લીગલ વિઝા એક્સ્ટેન્શન મેળવવા માટે પાત્ર બને છે. આમ, PERMના કારણે જ ભારતીય પ્રોફેસનલ્સ વર્ષ પછી પણ અમેરિકામાં રોકાઈને ગ્રીન કાર્ડ મેળવવાની પ્રક્રિયા ચાલું રાખી શકે છે.

અમેરિકી શ્રમ મંત્રી કીથ સોન્ડરલિંગના આંકડા મુજબ, 2009થી આ 8 કંપનીઓએ આશરે 30 લાખ વિદેશી કર્મચારીઓ માટે અરજીઓ કરી, 2.30 લાખથી વધુ H-1B વિઝા મંજૂર કરાવ્યા અને 1 લાખથી વધુ PERM મેળવ્યા હતા. હવે PERM સસ્પેન્ડ થવાથી આ કંપનીઓ માટે નવી કોઈપણ અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં અને જે અરજીઓ પ્રક્રિયા હેઠળ હતી તે પણ અટકાવી દેવાઈ છે.

આ નિર્ણયના કારણે 1 લાખથી વધુ ભારતીય આઈટી પ્રોફેસનલ્સનું ભવિષ્ય અધ્ધરતાલ થઈ ગયું છે અને જેઓ 6 વર્ષની વિઝા મર્યાદાની નજીક છે અને જેમનું PERM ફાઈલ નથી થયું, તેમણે અમેરિકા છોડીને સ્વદેશ પરત ફરવાની નોબત આવી શકે છે. જો કે, જે કર્મચારીઓનું ફોર્મ આઈ-140 પહેલાથી જ મંજૂર થઈ ગયું છે, તેમના પર આ સસ્પેન્શનની સીધી અસર થશે નહીં અને તેઓ 3 વર્ષનું વિઝા એક્સ્ટેન્શન મેળવી શકશે.


રશિયાનુ ક્રૂડ ખરીદતા દેશોને ધમકાવતા ટ્રમ્પે ખૂદ ડીલ કરી



રશિયા અમેરિકાને ડિઝલ સપ્લાય કરશે : મોટો કરાર

મોસ્કો : રશિયા પાસેથી પેટ્રોલીયમ ખરીદી મામલે ભારત સહિતના દેશોને ટેરિફની ધમકી આપતા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જ હવે રશિયા સાથે ડિઝલ ખરીદીની મોટી ડીલ કરી છે. અમેરિકા-રશિયા વચ્ચેના આ કરારથી રશિયન યુધ્ધનો સામનો કરી રહેલા યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કી ભડક્યા છે. અમેરિકામાં આવતા મહિને યોજાનારી મીડટર્મ ચૂંટણી પૂર્વે ડિઝલની સપ્લાય તથા ભાવવધારો રોકવા ટ્રમ્પે આ નિર્ણય લીધો હોવાની છાપ છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન વચ્ચે થયેલી ટેલિફોનિક વાતચીત બાદ એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. ટ્રમ્પે જણાવ્યું છે કે, 'રશિયા અમેરિકા અને વૈશ્વિક બજાર (ગ્લોબલ માર્કેટ)ને તાત્કાલિક 3 લાખ મેટ્રિક ટનથી વધુ ડીઝલનો પુરવઠો પૂરો પાડવા માટે સંમત થઈ ગયું છે. 'ટ્રુથ સોશિયલ' પર પોસ્ટ કરતા ટ્રમ્પે માહિતી આપી હતી કે મોસ્કો નવેમ્બરમાં વધુ 5 લાખ મેટ્રિક ટન અને ત્યારબાદ 1 મિલિયન મેટ્રિક ટન ડીઝલ આપશે. આગામી 3 નવેમ્બરે યોજાનાર મિડટર્મ ચૂંટણી પહેલા બળતણ (ફ્યુઅલ)ના વધતા ભાવને કાબૂમાં લેવા માટે ટ્રમ્પ પ્રશાસન આ પ્રયાસ કરી રહ્યું છે. રશિયા સાથેના આ ડીઝલ કરારની યુક્રેનના પ્રમુખ વોલોડીમિર ઝેલેન્સ્કીએ આલોચના કરી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પ્રતિક્રિયા આપતા તેમણે કહ્યું કે, 'પુતિનને આ પ્રકારની ભેટ આપવાથી દુનિયાને કોઈ શાંતિ કે ફાયદો નહીં થાય. ઝેલેન્સ્કીના મતે, પેટ્રોલિયમ પ્રોડક્ટ વેચવાની પરવાનગી આપવાથી રશિયાને યુદ્ધ ચાલુ રાખવા માટે વધારાનું ભંડોળ (ફંડ) અને સંસાધનો મળી રહેશે, જેનાથી યુદ્ધ લાંબું ખેંચાશે.' આ સમજૂતી એવા સમયે જાહેર કરવામાં આવી છે જ્યારે યુક્રેનનું એક પ્રતિનિધિ મંડળ રશિયા સાથેના સંઘર્ષને ઉકેલવા માટે અમેરિકાની મુલાકાતે હતું. ઝેલેન્સ્કીએ આ પગલાને મજબૂત ભાગીદારો દ્વારા લેવાયેલો એક નબળો નિર્ણય ગણાવ્યો છે.

ભારતે સપ્ટેમ્બરમાં રોજના 6.20 લાખ બેરલની ડિઝલ નિકાસ કરી, યુરોપીયન દેશની અમેરિકા સુધી શિપમેન્ટ



નવી દિલ્હી: આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રુડતેલના ભાવમાં વધારા વચ્ચે જે રીતે રશિયામાં ઓઈલ રિફાઈનરીઓ પર યુક્રેનના હુમલાના કારણે આ રિફાઈનરીઓ ઠપ્પ થઈ છે તેનો લાભ સીધો ભારતની રિફાઈનરીઓને મળ્યા છે. તથા રશિયા-યુરોપ સહિતના દેશમાં ભારતની ડિઝલ સપ્લાય રોજના 6,20,000 બેરલ સુધી પહોંચી ગયુ છે. ભારતે યુરોપમાં સપ્ટેમ્બર માસમાં 2,80,000 બેરલ ડિઝલ રોજનું સપ્લાય કર્યું છે. જે ઓગષ્ટ માસ કરતા 80% વધુ છે. જો કે રશિયામાં ડિઝલ સપ્લાય ધીમે ધીમે ઘટી છે. આફ્રિકાના દેશોને રોજનું 2 લાખ બેરલ, એશિયાના દેશોને 50000 બેરલ તથા અમેરિકાને રોજનું 40000 બેરલ ડિઝલ અને બાકીનું અજાણ્યા નાના દેશોને આપે છે. સપ્ટેમ્બર માસમાં નિકાસના ડિઝલના ભાવ ઉંચા ક્રુડતેલ ભાવ તથા શીપીંગ ખર્ચ વધતા લગભગ ડબલ થઈ ગયા છે અને ગત મહિને ડિઝલની નિકાસ પર પ્રતિબંધ મુકતા ભારત પાસેથી માંગ વધી છે. ઉંચા ભાવને ડામવા અમેરિકા અને જી-7 દેશો તેના રિઝર્વ પુરવઠો છૂટો કરવા દબાણ છે. આ નિકાલના કારણે સરકારને પ્રતિ બેરલ 37 ડોલરનો વિન્ડફોલ ટેક્ષ વસુલ થાય છે.

'મેં 8 યુદ્ધો બંધ કરાવ્યા, જે કોઈ કરી શક્યું નથી', નોબેલ પ્રાઈઝની જાહેરાત પહેલા ડોનાલ્ડ ટ્રમ્પનો દાવો



વોશિંગ્ટન: અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે નોબેલ શાંતિ પુરસ્કાર માટે ફરી એકવાર પોતાનો દાવો રજૂ કર્યો છે. વિશ્વભરમાં 8 યુદ્ધો અને વિવાદો ઉકેલવાના પોતાના જૂના દાવાને પુનરાવર્તિત કરતા ટ્રમ્પે સંકેત આપ્યો છે કે તેઓ આ એવોર્ડના સાચા હકદાર છે. આ સાથે તેમણે એમ પણ ઉમેર્યું હતું કે શાંતિ સ્થાપવાના તેમના પ્રયાસો હજુ પૂરા થયા નથી અને ટૂંક સમયમાં તેઓ વધુ એક વૈશ્વિક યુદ્ધનો અંત લાવી શકે છે. ટ્રમ્પનું આ નિવેદન આ વર્ષના નોબેલ શાંતિ પુરસ્કારની જાહેરાત પહેલાં આવ્યું છે.

બુધવારે એક કાર્યક્રમ દરમિયાન ટ્રમ્પે જણાવ્યું હતું કે, "મેં એવા કામ કર્યા છે જે ભૂતકાળમાં કોઈ કરી શક્યું નથી. હું કોઈ બડાઈ નથી હાંકી રહ્યો, પણ તમને વાસ્તવિકતા જણાવી રહ્યો છું. કદાચ જ કોઈ રાષ્ટ્રપતિએ યુદ્ધો ઉકેલ્યા હશે, જ્યારે મેં 8 યુદ્ધો શાંત કરાવ્યા છે."

ટ્રમ્પના આ દાવાઓ પાછળ ભારત-પાકિસ્તાન, ઈઝરાયેલ-ઈરાન, કંબોડિયા-થાઈલેન્ડ, સર્બિયા-કોસોવો અને આર્મેનિયા-અઝરબૈજાન જેવા દેશો વચ્ચેના તણાવને ઘટાડવામાં તેમની મધ્યસ્થતાની ભૂમિકા હોવાનું કહેવાય છે. નોંધનીય છે કે ઈઝરાયેલ, પાકિસ્તાન અને કંબોડિયાના નેતાઓએ 2026ના નોબેલ શાંતિ પુરસ્કાર માટે ટ્રમ્પના નામનું નામાંકન કર્યું છે, પરંતુ નોર્વેજિયન નોબેલ સમિતિ આવા વ્યક્તિગત નામાંકનોની સત્તાવાર જાહેરાત કરતી નથી.

'આકાશ' માટેનું યુધ્ધ જમીન પર શરૂ થયુ



'ડિયર પ્રાઇમ મીનીસ્ટર અંબાણી...' મસ્કનો વધુ એક એટેક

નવી દિલ્હી : દુનિયાના સૌથી મોટા ધનવાન અમેરિકી ઉદ્યોગપતિ એલોન મસ્કની કંપની સ્ટારલીંકને ભારતમાં એન્ટ્રી મળતી ન હોવાના મામલે હવે તેઓએ ભારતના ટોચના ઉદ્યોગપતિ અંબાણીને નિશાન બનાવવાનું શરૂ કર્યું છે.

સતત બીજા દિવસે સોશ્યલ મીડિયા પોસ્ટ મુકીને અંબાણીને વડાપ્રધાન તરીકે સંબોધ્યા હતા. ઉપરાંત તેમની કંપનીઓ તરફથી સતાધારી ભાજપને અપાયેલા ડોનેશનનો પણ ઉલ્લેખ કર્યો હતો. એલોન મસ્કે સતત બીજા દિવસે સોશ્યલ મીડિયા પોસ્ટ મુકી હતી તેના શિર્ષકમાં `ડીયર પ્રાઇમ મીનીસ્ટર અંબાણી' (માનનીય વડાપ્રધાન અંબાણી) લખીને આકરા કટાક્ષ સાથે સનસનાટી સર્જી હતી. પોસ્ટમાં આગળ તેઓએ એમ લખ્યું છે કે, `ભારતના વાસ્તવિક બોસ તમે હોવાની હકિકત સમજી ન શકવા બદલ દિલગીરી સ્વીકારવા નમ્ર અરજ છે દેખીતી રીતે તમે મહાન રાષ્ટ્ર ભારતના લોકોનું મોનોપોલી રાખીને શોષણ કરવાનું વલણ અપનાવી રહ્યો છે પરંતુ સ્ટારલીંકને મંજુરી આપીને સ્પર્ધામાં ઉતરવા નહીં દો!'

'ભારતમાં અનેક ક્ષેત્રો, જેમ દુનિયાના તમામ દેશોમાં હોય છે, જ્યાં ઈન્ટરનેટ સુવિધા ન હોવાથી બાળકો શિક્ષણના લાભથી અને નાના વેપારીઓ વિશ્વબજારમાં પોતાના માલ વેચવાની તક મેળવી શકતા નથી. સ્ટારલીંક તેઓનું જીવન બહેતર બનાવી શકે છે.' આ પોસ્ટ પૂર્વે ગઈકાલે તેઓએ પોસ્ટ મુકી હતી તેમાં `અંબાણીને ભારતના રીયલ બોસ ગણાવ્યા હતા.' આ પોસ્ટ બાદ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પણ તેમની તરફેણ કરીને વધુ કટાક્ષ કરતી પોસ્ટ મુકી હતી જે બદલ મસ્કે રાહુલનો આભાર પણ માન્યો હતો. એલોન મસ્ક દ્વારા પછી એક વધારાની પોસ્ટ પણ મુકવામાં આવી હતી. તેમાં રીલાયન્સ સંલગ્ન કંપનીઓએ ભાજપને આપેલા ડોનેશનના ન્યુઝ રીપોર્ટ રજુ કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, દુનિયાના ટોચના ઉદ્યોગપતિ મસ્કની કંપની સ્ટારલીંકને ભારતમાં મંજુરી મળતી ન હોવાથી તે ધૂંધવાયા છે. આ પાછળ અંબાણીનો હાથ હોવાનું માની રહ્યાની છાપ છે.

ટીસીએસ, ઇન્ફોસીસ, વીપ્રો, એચસીએલ 1થી 6 ટકા વધ્યા

ટ્રમ્પની તવાઇની ઐસીતૈસી : IT શેરોમાં તેજી

સેન્સેક્સમાં 800 પોઇન્ટનો ઉછાળો : ક્રૂડમાં પીછેહઠ તથા રૂપિયાની મજબૂતાઇ વચ્ચે જોરદાર વેચાણ કાપણી



અમદાવાદ : ગ્રીનકાર્ડ કૌભાંડની શંકાના આધારે અમેરિકામાં ટ્રમ્પ તંત્ર દ્વારા ભારત સહિતની અર્ધોડઝન કંપનીઓને ગ્રીનકાર્ડ સ્કીમમાંથી સસ્પેન્ડ કરતું આકરૂ પગલું લીધું હતું છતાં આ કદમ બૂમરેંગ થયું હોય તેમ શેરબજારમાં આજે ઈન્ફોસીસ, ટીસીએસ, વીપ્રો, એચસીએલ ટેકનો સહિતની આઈટી કંપનીઓના શેરોમાં જોરદાર ઉછાળો નોંધાયો હતો. સેન્સેક્સ પણ 800 પોઈન્ટ બાઉન્સ બેક થયો હતો.

અમેરિકામાં આઈટી કંપનીઓ પર તવાઈ પછી વોલસ્ટ્રીટમાં ભારતીય કંપનીઓના એડીઆર તૂટ્યા હતા પરંતુ આજે ભારતીય માર્કેટમાં જોરદાર તેજી થઈ હતી. આઈટી કંપનીઓએ જ તેજીની આગેવાની લીધી હતી. ટીસીએસ 6 ટકા જેટલો ઉંચકાયો હતો. ઈન્ફોસીસ, વીપ્રો જેવી અન્ય કંપનીઓના શેરોમાં 1 થી 3 ટકાની વૃધ્ધિ હતી. આ સિવાય અન્ય ક્ષેત્રોના શેરોમાં પણ ઉછાળો હતો. મીડટર્મ ચૂંટણી સુધી ઈરાન પર નવા હુમલા નહીં કરવાના ટ્રમ્પના સંકેતની પોઝીટીવ અસર હતી. ક્રૂડ ઘટવા સાથે રૂપિયો પણ મજબૂત હતો માર્કેટ પોઝીટીવ બનતા મોટાપાયે વેચાણ કાપણીથી તેજીને ટેકો મળ્યો હતો. મુંબઈ શેરબજારનો સેન્સેક્સ 728 પોઈન્ટના ઉછાળાથી 72321 હતો તે ઉંચામાં 72406 તથા નીચામાં 71739 થયો હતો. નિફટી 240 પોઈન્ટના ઉછાળથી 22471 હતો તે ઉંચામાં 22502 તથા નીચામાં 22294 હતો. ક્રૂડતેલમાં પીછેહઠ થઈ હતી. ડબલ્યૂટીઆઈ ક્રૂડ 90.44 ડોલર હતું. બ્રેન્ટ ક્રૂડ 105 ડોલરથી પાછુ પડીને 102.98 ડોલર હતું. નાણાંકીય માર્કેટોમાં સુધારાને પગલે અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો પણ મજબૂત બન્યો હતો. 11 પૈસા વધીને 96.68 સાંપડ્યો હતો.

સેબીએ સેટલમેન્ટના નિયમોને સરળ અને પારદર્શી બનાવવા માટે નવા નિયમો નોટિફાઇ કર્યા

રૂ. 10 લાખ સુધીનાં મામલાઓ માટે ફાસ્ટ-ટ્રેક રૂટ : સેબી




નવી દિલ્હી : શેરબજાર નિયામક સેબીએ સેટલમેન્ટના નિયમોને સરળ અને પારદર્શી બનાવવા માટે નવા નિયમો નોટિફાઇ કર્યા છે. આ હેઠળ સેટલમેન્ટની રકમ નક્કી કરવાનો નવો ફોર્મ્યુલા આપવામાં આવ્યો છે. સાથે જ 10 લાખ રૂપિયા સુધીનાં સેટલમેન્ટ મામલાઓ માટે એક ફાસ્ટ-ટ્રેક રૂટ પણ શરૂ કરવામાં આવ્યો છે.

નવા માળખામાં ખોટી રીતે કમાયેલો નફો, ટાળવામાં આવેલું નુકસાન અથવા રોકાણકારોને થયેલાં નુકસાનની વસૂલાતની અલગથી જોગવાઈ કરવામાં આવી છે. આનાથી સેટલમેન્ટની રકમ નક્કી કરતી વખતે આવી રકમની ફરીથી ગણતરી નહીં થાય.

6 ઓક્ટોબરના નોટિફિકેશન મુજબ, નવા માળખા હેઠળ સેટલમેન્ટની શરતોમાં ત્રણ બાબતોનો સમાવેશ થશે. આમાં સેટલમેન્ટ અમાઉન્ટ, ખોટી રીતે કમાયેલા નફાની વસૂલાત અને નિયામક શરતો (RRT) સામેલ છે. RRTને પહેલા નોન-મોનેટરી શરતો કહેવામાં આવતી હતી.

સેટલમેન્ટ અમાઉન્ટની ગણતરીનો નવો ફોર્મ્યુલો તે મૂળ રકમ (બેઝ અમાઉન્ટ) પર આધારિત હશે, જે સિક્યોરિટીઝના કાયદા હેઠળ ઉલ્લંઘન માટે નક્કી કરાયેલાં લઘુત્તમ દંડ સાથે જોડાયેલો હશે. સેબીએ કહ્યું કે બેઝ અમાઉન્ટ નક્કી કરતી વખતે ખોટી કમાણી, ટાળવામાં આવેલું નુકસાન કે રોકાણકારોના નુકસાનનો સમાવેશ કરવામાં આવશે નહીં.

ઝેડ ડિસ્કથી પ્રેરિત ચીનનું યોહૂ મ્યુઝિયમ



ચીનના હાંગઝોઉમાં આવેલું યોહૂ મ્યુઝિયમ પોતાની ગોળાકાર સંરચનાને કારણે પરંપરાગત ચીની સંસ્કૃતિ અને આધુનિક વાસ્તુશિલ્પ (આર્કિટેક્ચર)નું સુંદર ઉદાહરણ છે. 2024માં બનીને તૈયાર થયેલાં આ મ્યુઝિયમને આર્કિટેક્ચર ફર્મ 'એઈડ્સ' દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યું છે. આની સંરચના પ્રાચીન ચીની જેડ 'બી' ડિસ્કથી પ્રેરિત બે પરસ્પર જોડાયેલી ગોળાકાર આકૃતિઓ દ્વારા તૈયાર કરવામાં આવી છે. 5,356 ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલું આ મ્યુઝિયમ આ વિસ્તારની પ્રાચીન લિયાંગઝૂ સંસ્કૃતિ સાથે જોડાયેલા પ્રતીકોને સમકાલીન વાસ્તુશિલ્પ સાથે જોડે છે.

નબળાં ચોમાસાને કારણે મહારાષ્ટ્રમાં 16 ઓક્ટોબરથી 10 ટકા પાણી કાપ જાહેર ; ગુજરાતનાં 206માંથી 109 ડેમોમાં 50 ટકાથી પણ ઓછું પાણી

મહારાષ્ટ્રમાં પાણી કાપ ; ગુજરાતનાં ઘણાં ડેમો હજુ ખાલી



નવી દિલ્હી : ચોમાસાની વિદાય બાદ દેશમાં પાણીની તંગીની અસરો દેખાવાની શરૂઆત થઈ ગઈ છે. પેસિફિક મહાસાગરમાં સક્રિય થયેલાં `અલ નીનો'ના કારણે નબળાં અને અસમાન વરસાદને પગલે મહારાષ્ટ્ર સરકારે રાજ્યભરમાં 16 ઓક્ટોબરથી 10 ટકા પાણી કાપની સત્તાવાર જાહેરાત કરી છે.

સરકારે પીવાના પાણીને સૌથી પહેલી પ્રાથમિકતા આપીને ઓગસ્ટ 2027 સુધીનો ઈમરજન્સી વોટર પ્લાન તૈયાર કર્યો છે સાથે સાથે તમામ મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને ગ્રામ પંચાયતોને પાણીનો બગાડ અટકાવવા કડક સૂચના આપી છે.

ગુજરાતમાં પણ પાણીની સ્થિતિ મિશ્ર જોવા મળી રહી છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના આંકડા મુજબ, સપ્ટેમ્બરનાં અંત સુધીમાં રાજ્યનાં 206 માંથી 109 ડેમોમાં પાણીનું સ્તર 50 ટકાથી પણ ઓછું છે.

28 ડેમોમાં 50 થી 70 ટકા અને 37 ડેમોમાં 70 થી 100 ટકા પાણી ઉપલબ્ધ છે, જ્યારે માત્ર 32 ડેમો જ સંપૂર્ણ ભરાયાં છે. જોકે, રાહતની વાત એ છે કે રાજ્યની જીવાદોરી સમાન નર્મદા ડેમ (સરદાર સરોવર) તેની પૂર્ણ સપાટી 138.68 મીટર સુધી ભરાયો છે.

અન્ય રાજ્યોની વાત કરીએ તો કર્ણાટકે પણ નબળાં વરસાદને કારણે દુષ્કાળની સ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે. કર્ણાટક સરકારે પોતાના 240 માંથી 217 તાલુકાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કરીને કેન્દ્ર સરકાર પાસે રૂ.7,142 કરોડની રાહત ભંડોળની માંગ કરી છે. નબળાં ચોમાસાને કારણે આગામી રવિ સીઝનમાં ખેતી અને સિંચાઈ માટે પાણીની ઉપલબ્ધતા એક મોટો પડકાર બની રહેશે. હવામાન નિષ્ણાતોના મતે 'અલ નીનો' ઉપરાંત સ્થાનિક વાતાવરણ અને સમુદ્રી તાપમાનમાં થયેલાં ફેરફારોને કારણે આ વર્ષે વરસાદ અસમાન રહ્યો છે. ડેમો અને જળાશયોમાં પાણીની ઓછી આવકને કારણે આગામી ઉનાળાનાં મહિનાઓમાં મહારાષ્ટ્ર, ગુજરાત અને દક્ષિણ ભારતનાં રાજ્યોમાં પીવાના પાણી અને ખેતી માટે પાણીનું સંકટ વધુ ઘેરૂ બની શકે છે.

માનવ અધિકાર, આંતરરાષ્ટ્રીય કાયદા અને શાંતિ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન બદલ નોર્વેજિયન નોબેલ સમિતિ દ્વારા જાહેરાત

ભારતીય મૂળના નવનીતમ 'નાવી' પિલ્લાઈને 2026નો નોબેલ શાંતિ પુરસ્કાર

ઓસ્લો : દક્ષિણ આફ્રિકાના ભારતીય મૂળનાં જાણીતાં માનવાધિકાર વકીલ અને ન્યાયાધીશ નવનેથમ "નાવી" પિલ્લાઈને વર્ષ 2026ના પ્રતિષ્ઠિત 'નોબેલ શાંતિ પુરસ્કાર' માટે પસંદ કરવામાં આવ્યાં છે. નોર્વેજિયન નોબેલ સમિતિ દ્વારા આ જાહેરાત કરવામાં આવી હતી.

આંતરરાષ્ટ્રીય કાયદાનું શાસન સ્થાપિત કરવા અને વૈશ્વિક સ્તરે શાંતિ તથા માનવાધિકારોના રક્ષણ માટે તેમણે આપેલાં અપ્રતિમ યોગદાન બદલ તેમને આ સર્વોચ્ચ સન્માન આપવામાં આવ્યું છે.

રંગભેદ સામે લડાઈથી લઈને યુએન કમિશનર સુધીની સફર 1941માં દક્ષિણ આફ્રિકાના ડરબન શહેરમાં એક તમિલ ભારતીય પરિવારમાં જન્મેલાં નાવી પિલ્લાઈ રંગભેદના કાળમાં ઉછેર પામ્યાં હતાં. તેઓ ડરબનમાં વકીલાત કરનારા ભારતીય મૂળના પ્રથમ મહિલા વકીલોમાંથી એક હતા. તેમણે રંગભેદ વિરોધી કાર્યકરો માટે લડાઈ લડી અને જેલોમાં થતાં ભેદભાવ સામે અવાજ ઉઠાવ્યો હતો. ત્યારબાદ તેઓ રવાંડા માટેની ઈન્ટરનેશનલ ક્રિમિનલ ટ્રિબ્યુનલના જજ બન્યાં, જ્યાં તેમણે યુદ્ધમાં બળાત્કારને નર સંહારના ગુના તરીકે માન્યતા આપતો એક ઐતિહાસિક કાનૂની નિર્ણય આપ્યો હતો.

વૈશ્વિક મંચ પર માનવાધિકારો માટે કાર્ય

નાવી પિલ્લાઈ આંતરરાષ્ટ્રીય ગુનાહિત અદાલતના જજ તરીકે પણ સેવા આપી ચૂક્યાં છે. વર્ષ 2008 થી 2014 દરમિયાન તેઓ સંયુક્ત રાષ્ટ્રના માનવાધિકાર વડા તરીકે કાર્યરત રહ્યાં હતાં. તાજેતરમાં તેમણે ઈઝરાયેલ અને પેલેસ્ટાઈનના પ્રદેશોમાં માનવાધિકાર ઉલ્લંઘનની તપાસ કરતાં યુએનના કમિશનના અધ્યક્ષ તરીકે પણ જવાબદારી ભજવી હતી.


આ પુરસ્કાર સાથે તેમને 1 કરોડ 20 લાખ સ્વીડિશ ક્રોનોર (લગભગ 1.2 મિલિયન યુએસ ડોલર)ની રોકડ રકમ એનાયત કરવામાં આવશે. ભારતીય મૂળનાં આંતરરાષ્ટ્રીય કાનૂની નિષ્ણાતને આ એવોર્ડ મળતાં વિશ્વભરમાં અને ખાસ કરીને દક્ષિણ આફ્રિકા તથા ભારતમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

વધુ એક વખત ટ્રમ્પને ઠેંગો

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાનાં કાર્યકાળની શરૂઆતથી જ નોબેલ શાંતિ પુરસ્કાર મેળવવાનો પ્રયાસ કરી રહ્યાં હતાં. તેમણે વિવિધ મંચો પર સતત એવો દાવો કર્યો હતો કે તેમણે પોતાના કાર્યકાળ દરમિયાન આઠ જેટલાં યુદ્ધો અટકાવ્યા છે અને લાખો લોકોના જીવ બચાવ્યા છે. તેમણે પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામા પર પણ નિશાન સાધતા કહ્યું હતું કે ઓબામાને કશું કર્યા વગર જ આ એવોર્ડ મળી ગયો હતો. ટ્રમ્પને ઈઝરાયેલ, પાકિસ્તાન, અઝરબૈજાન અને થાઈલેન્ડ જેવા દેશો તરફથી નોમિનેટ કરવામાં આવ્યા હતા, તેમ છતાં નોર્વેજિયન નોબેલ સમિતિએ આ વર્ષે પણ તેમને આ પ્રતિષ્ઠિત પુરસ્કાર માટે પસંદ કર્યા નથી



કેપ્ટન સ્મિત મચ્છરનો જીવ બચાવનાર ડો. શુતા મુસાએવે જણાવી હકીકત



દુબઈ: દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબઈની ફ્લાઈટમાં મધ્ય આકાશમાં એક અત્યંત સનસનાટીભરી અને ભયાનક ઘટના સામે આવી છે, જેમાં 170થી વધુ મુસાફરોના જીવ જોખમમાં મુકાઈ ગયા હતા. પ્લેનના ઓમાની કો-પાયલોટ હમામ અલ-હમામીએ અચાનક જ મુખ્ય ભારતીય કેપ્ટન સ્મિત મચ્છાર પર ચાકુ વડે દારુણ હુમલો કરી દીધો હતો અને વિમાનને ક્રેશ કરવાનો પ્રયાસ કર્યો હતો. અત્યંત ગંભીર રીતે ઘવાયેલા અને સતત લોહી વહી રહ્યું હોવા છતાં કેપ્ટન સ્મિતે અસાધારણ હિંમત અને બહાદુરી દર્શાવીને હુમલાખોર સામે લડત આપી હતી અને મોટો અકસ્માત ટાળ્યો હતો. આ ભયાનક ઘટના દરમિયાન પ્લેનમાં સવાર જોર્જિયાના ડેન્ટિસ્ટ ડો. શુતા મુસાએવે તુરંત જ આગળ આવીને ગંભીર રીતે ઘવાયેલા કેપ્ટન સ્મિત મચ્છારની પ્રારંભિક સારવાર હાથ ધરી હતી. એક ઈન્ટરવ્યુમાં વિગતો આપતાં ડો. શુતા મુસાએવે જણાવ્યું હતું કે, કેપ્ટન સ્મિતના માથા અને ડાબા હાથમાંથી સતત રક્તસ્રાવ થઈ રહ્યો હતો. તેમણે સૌપ્રથમ ટી-શર્ટ વડે ઘા પર દબાણ આપ્યું હતું, પરંતુ રક્તસ્રાવ ન રોકાતાં ફ્લાઈટ ક્રૂ મેમ્બર્સ પાસેથી બરફના પેકેટ્સ મંગાવીને સતત 45 મિનિટ સુધી બરફ લગાવીને લોહી વહેતું અટકાવવાનો સતત સંઘર્ષ કર્યો હતો. સારવાર દરમિયાન જ્યારે કેપ્ટન સ્મિતના ધબકારા એકદમ ઘટી ગયા અને તેમના હોઠ લીલા પડવા લાગ્યા, ત્યારે ડો. મુસાએવે સમયસૂચકતા વાપરીને કેપ્ટનના પગ ઊંચા કર્યા હતા જેથી મગજ અને હૃદય તરફ લોહીનું ?ભ્રમણ જળવાઈ રહે. કેપ્ટન બેભાન ન થઈ જાય તે માટે તેઓ સતત કેપ્ટન સાથે તેમના પરિવાર અને બાળકો વિશે વાતો કરતા રહ્યા હતા. વધુ પડતા રક્તસ્રાવને કારણે કોઈ પણ દવા આપવી જોખમી હોવાથી તેમણે દવા આપવાનું ટાળ્યું હતું. કેપ્ટનની નાજુક સ્થિતિને ધ્યાને રાખીને ડો. મુસાએવે સત્વરે પ્લેનનું ઈમરજન્સી લેન્ડિંગ કરાવવા અપીલ કરી હતી. ત્યારબાદ વિમાનનું સાઉદી અરેબિયા ખાતે તાત્કાલિક ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું અને કેપ્ટન સ્મિતને ગ્રાઉન્ડ મેડિકલ ટીમ અને તબીબોની વિશેષ સંભાળ હેઠળ હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા.

17.8 ટકા સુધીનો વધારો નોંધાયો બેંકોની થાપણોમાં

ભારતીય શેરબજારમાં કડાકા વચ્ચે લોકો બચત અને રોકાણની પદ્ધતિ બદલાઈ

16.5 લાખ કરોડ રૂપિયા સુધીનો વધારો બેંકોની થાપણોમાં

નવી દિલ્હી : ભારતીય શેરબજારમાં છેલ્લાં કેટલાક મહિનાઓથી સતત કડાકાનો સિલસિલો જારી છે. દેશની અગ્રણી કંપનીઓમાં નાણાં રોકીને બેઠેલા રોકાણકારોને મોટો ફટકો પડી રહ્યો છે. જોવામાં આવે તો સેન્સેક્સ અને નિફ્ટીએ છેલ્લાં બે વર્ષમાં નકારાત્મક રિટર્ન આપ્યું છે. આવી સ્થિતિમાં લોકો સુરક્ષિત રોકાણના વિકલ્પો શોધી રહ્યાં છે.

આનું જ પરિણામ છે કે બેંકોમાં જમા રકમ ઝડપથી વધી રહી છે, જેમાં ચાલું ઓગસ્ટ દરમિયાન વાર્ષિક ધોરણે 17.8 ટકાનો વધારો નોંધાયો છે. બીજી તરફ, કોર્પોરેટ બોન્ડમાં પણ લોકો હવે રોકાણ કરી રહ્યાં છે. તાજેતરમાં ભારતીય રિઝર્વ બેંક દ્વારા બહાર પાડવામાં આવેલા માસિક અહેવાલ પરથી ખબર પડે છે કે ઓગસ્ટમાં બેંકોની અંદર થાપણોમાં નોંધાયેલી વૃદ્ધિ છેલ્લાં 15 વર્ષમાં સૌથી વધુ રહી છે.

આ પહેલાં ડિસેમ્બર 2011માં થાપણોમાં 18.1 ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી. આનાથી સ્પષ્ટ થાય છે કે લોકોની બેંકોમાં બચત ખાતાથી લઈને ફિક્સ્ડ ડિપોઝિટ (FD) જેવી યોજનાઓમાં જમા થતી રકમ વધી રહી છે. આ દર્શાવે છે કે લોકો હવે બચત અને રોકાણ કરવાની રીતોમાં ફેરફાર કરી રહ્યાં છે. આ કારણે ચાલું નાણાકીય વર્ષમાં બેંકોની થાપણોમાં રૂ.16.49 લાખ કરોડ સુધીનો વધારો નોંધાયો છે.

નાના રોકાણકારોની શેરબજારમાં સ્થિતિ

માર્ચ 2026 સુધી ગજઊ માં સૂચિબદ્ધ કંપનીઓમાં વ્યક્તિગત રોકાણકારોનો પ્રત્યક્ષ હિસ્સો 9.1 ટકા હતો. મ્યુચ્યુઅલ ફંડ દ્વારા કરાયેલાં રોકાણને ઉમેરતાં વ્યક્તિગત રોકાણકારોની કુલ ભાગીદારી 18.7 ટકા થઈ ગઈ હતી. એટલે કે બજારનાં કડાકાની અસર માત્ર મોટા સંસ્થાકીય રોકાણકારો સુધી મર્યાદિત નથી. નાના રોકાણકારોની પ્રત્યક્ષ અને મ્યુચ્યુઅલ ફંડ દ્વારા ભાગીદારી પણ બજારમાં નોંધપાત્ર રીતે વધી છે.

કોર્પોરેટ બોન્ડમાં પણ રોકાણ ઝડપથી વધી રહ્યું કંપનીઓએ રોકાણ માટે બેંક લોન ઉપરાંત કોર્પોરેટ બોન્ડ્સ દ્વારા પણ મોટા પ્રમાણમાં નાણાં એકઠાં કર્યા છે. આરબીઆઈના જણાવ્યાં અનુસાર, નાણાકીય વર્ષ 2025-26 માં બોન્ડ અને ડિબેન્ચરના



ખાનગી પ્લેસમેન્ટ દ્વારા એકત્ર કરાયેલી રકમમાં ગયા વર્ષની સરખામણીએ નોંધપાત્ર વધારો થયો છે. આ વૃદ્ધિને કંપનીઓનાં રોકાણ માટે નાણાં પૂરું પાડવાના વૈકલ્પિક સ્ત્રોતોના વિસ્તરણ તરીકે જોવામાં આવી રહી છે.

શેરબજારમાંથી 4.9 અબજ ડોલરનો ઉપાડ

વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPIs) એ નાણાકીય વર્ષ 2026-27 માં 21 સપ્ટેમ્બર સુધી ભારતીય બજારમાંથી 4.9 અબજ ડોલરની શુદ્ધ ઉપાડ કરી છે. ઓગસ્ટમાં વિદેશી રોકાણકારોનો વલણ સકારાત્મક હતો, પરંતુ સપ્ટેમ્બરમાં પશ્ચિમ એશિયામાં તણાવ વધવા અને વૈશ્વિક બોન્ડ યીલ્ડમાં વધારાને કારણે ઉપાડ ફરી શરૂ થઈ ગઈ છે, જે હજુ પણ ચાલું છે. આ પાછળ તણાવ અને અન્ય બજારોમાં વધુ સારું રિટર્ન મળવાને મુખ્ય કારણ માનવામાં આવી રહ્યું છે.

વિદેશી મુદ્રામાં FD ની દેખાઈ અસર

બેંકોમાં જમા રકમ વધવા પાછળનું એક કારણ અપ્રવાસી ભારતીયો (ગછઈત) દ્વારા વિદેશી મુદ્રામાં FD ના સ્વરૂપમાં જમા કરાયેલી રકમ પણ છે. બેંક થાપણોમાં વધારાની સાથે ધિરાણ (લોન) વિતરણ પણ વધ્યું છે. નાણાકીય વર્ષ 2026-27 માં ઓગસ્ટ સુધી બેંકોએ વાણિજ્યિક ક્ષેત્રને રૂ.10.30 લાખ કરોડની વધારાની લોન આપી હતી. ગયા વર્ષે આ વૃદ્ધિ રૂ.31.65 લાખ કરોડ હતી. બેંકોમાં જમા રકમ વધવા પરથી સ્પષ્ટ થાય છે કે હવે લોકો રોકાણના સુરક્ષિત રસ્તાઓ શોધી રહ્યાં છે.

સ્ટારલિંક વિવાદ : મસ્ક-રાહુલ વચ્ચે સંવાદ થતાં કોંગ્રેસ ગેલમાં, 'બર્નોલ' સાથેનો ફોટો મુક્યો

મસ્કના 'અંબાણી આરોપ' બાદ 'બીજા વ્યક્તિને મળવાની રાહ જોવાની' રાહુલના કટાક્ષ પછી એલને કોંગ્રેસ નેતાનો આભાર માન્યો



નવી દિલ્હી : ભારતમાં સ્ટારલિંકની સેટેલાઇટ ઇન્ટરનેટ સેવા શ કરવાની મંજૂરીને લઈને ઉદ્યોગપતિ એલન મસ્ક અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી વચ્ચે સોશિયલ મીડિયા પર રસપ્રદ સંવાદ થયો છે.

મસ્કે ભારતમાં સ્ટારલિંકને અંતિમ મંજૂરી મળવામાં થઈ રહેલા વિલંબ અંગે સવાલ ઉઠાવીને પૂછ્યું કે શું અંબાણી ભારતના અસલી બોસ છે? તેના જવાબમાં રાહુલ ગાંધીએ X પર લખ્યું, ભારતમાં સ્વાગત છે એલન. જ્યાં સુધી તમે બીજા વ્યક્તિને શોધી ન લો ત્યાં સુધી રાહ જુઓ. મસ્કે જવાબમાં રાહુલ ગાંધીનો આભાર માન્યો અને કહ્યું કે આ સ્થિતિ ખરેખર ચિંતાજનક છે.

મસ્કે પોતાના સંદેશમાં દાવો કર્યો હતો કે સ્ટારલિંકને વિશ્વના 165થી વધુ દેશોમાં લાઇસન્સ મળ્યું છે અને કંપની છેલ્લા પાંચ વર્ષથી ભારત સરકારના તમામ કાયદા અને જરી નિયમોનું પાલન કરવાનો પ્રયાસ કરી રહી છે. તેમ છતાં ભારતમાં વ્યાવસાયિક સેવા શ કરવાની મંજૂરી કેમ મળી નથી તે અંગે તેમણે સવાલ કર્યો હતો.

આ પહેલાં મસ્કે એવો પણ આક્ષેપ કર્યો હતો કે કેટલાક ઓલિગાર્ક્સ પોતાના વ્યાપારી હિતો જાળવવા માટે સ્ટારલિંકની ભારતમાં એન્ટ્રી અટકાવી રહ્યા છે. જોકે, મસ્કે કોઈ ચોક્કસ કંપની કે વ્યક્તિનું નામ લીધું નહોતું.

રાહુલ ગાંધીના બીજા વ્યક્તિ અંગેના સંકેતને કેટલાક અહેવાલોમાં ઉદ્યોગપતિ ગૌતમ અદાણી તરફનો રાજકીય ઈશારો માનવામાં આવ્યો છે, જોકે રાહુલ ગાંધીએ પોતાના સંદેશમાં તેમનું નામ લીધું નથી.

કેન્દ્રનો જવાબ- તમામ કંપનીઓ માટે નિયમો સમાન

મસ્કના આક્ષેપો બાદ કેન્દ્ર સરકારે સ્પષ્ટતા કરતાં કહ્યું છે કે ભારતમાં સેટેલાઇટ કોમ્યુનિકેશન સેવાઓ માટેનું નિયમનકારી માળખું ન્યાયી અને ભેદભાવમુક્ત છે. સંચાર મંત્રાલયના જણાવ્યા મુજબ, દેશમાં સેટેલાઇટ કોમ્યુનિકેશન ક્ષેત્રની ત્રણ કંપનીઓને જરી લાઇસન્સ મળ્યાં છે.

હાલમાં ત્રણેય કંપનીઓની સુરક્ષા તપાસ ચાલી રહી છે. સરકારના જણાવ્યા મુજબ સુરક્ષા મંજૂરી પૂર્ણ થયા બાદ કંપનીઓ સ્પેક્ટ્રમ ફાળવણીની પ્રક્રિયામાં આગળ વધી શકશે. એટલે કે માત્ર સ્ટારલિંક જ નહીં, Jio Satellite અને - Bharti-backed Eutesat OneWeb પણ અંતિમ પ્રક્રિયાની રાહ જોઈ રહ્યાં છે.

સ્ટારલિંકની ભારતમાં તૈયારીઓ પૂર્ણતાની નજીક

સ્ટારલિંકે ભારતમાં સેવા શરૂ કરવાની તૈયારીના ભાગરૂપે 20 ગેટવે સાઇટ્સ અને સેંકડો એન્ટેના સ્થાપિત કર્યા હોવાનું કંપનીના અધિકારીએ જણાવ્યું છે. કંપનીએ ભારતીય સુરક્ષા અને નિયમનકારી જરિયાતો અનુસાર પોતાની કામગીરીમાં ફેરફાર કર્યા હોવાનો પણ દાવો કર્યો છે. ભારતીય યુઝર્સનો ડેટા દેશમાં જ રાખવા માટે જરી વ્યવસ્થા કરવામાં આવી હોવાની માહિતી પણ આપવામાં આવી છે.

સ્ટારલિંકને સેટેલાઇટ કોમ્યુનિકેશન માટે જરી IN-SPACEeલાઇસન્સ અને -ની મંજૂરી મળી ચૂકી છે, પરંતુ સુરક્ષા મંજૂરી, સ્પેક્ટ્રમ ફાળવણી તથા સંબંધિત અન્ય પ્રક્રિયાઓ પૂર્ણ થયા બાદ જ વ્યાવસાયિક સેવા શ થઈ શકશે.

સાઉદી અરેબિયામાં હૂથી હુમલા વચ્ચે ભારતીયો માટે એડવાઈઝરી : 'સાવચેત રહો, ઘરની અંદર રહો'

રિયાધ એરપોર્ટ પર ધમાકા અને ફ્લાઈટો રદ્દ થયાં બાદ ભારતીય એમ્બેસીની સૂચના : 24 કલાક માટે હેલ્પલાઈન નંબર જાહેર



નવી દિલ્હી : સાઉદી અરેબિયાની રાજધાની રિયાધમાં કિંગ ખાલિદ ઈન્ટરનેશનલ એરપોર્ટ સહિતના વિસ્તારોમાં થયેલાં શ્રેણીબદ્ધ ધડાકા બાદ ત્યાં સ્થિત ભારતીય દૂતાવાસે તમામ ભારતીય નાગરિકો માટે મહત્વની એડવાઈઝરી જારી કરી છે.

યમનના ઈરાન સમર્થિત હૂથી બળવાખોરો દ્વારા કરવામાં આવેલાં મિસાઈલ અને ડ્રોન હુમલા બાદ સુરક્ષા સ્થિતિને ધ્યાનમાં રાખીને ભારતીય દૂતાવાસે ભારતીયોને સતર્ક રહેવા, જરૂરી હોય ત્યાં સુધી ઘરની અંદર જ રહેવા અને સ્થાનિક સત્તાવાળાઓની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા આહ્વાન કર્યું છે. આ સિવાય એમ્બેસીએ સોશિયલ મીડિયા પર ઘટના સંબંધિત કોઈ વિડીયો કે અફવાઓ ન ફેલાવવાની પણ વિનંતી કરી છે.

હુમલાના પગલે રિયાધ એરપોર્ટ પરથી હવાઈ સેવાઓ ખોરવાઈ ગઈ છે. એર ઈન્ડિયા અને જર્મનીની લુફ્થાન્સા એરલાઈન્સે રિયાધ જતી અને આવતી પોતાની તમામ ફ્લાઈટો સ્થગિત કરી દીધી છે.

દિલ્હીથી રિયાધ જઈ રહેલી એર ઈન્ડિયાની એક ફ્લાઈટ (AI2243) ગુજરાત પરથી ઉડી રહી હતી ત્યારે જ સુરક્ષા કારણોસર તેને હવામાંથી જ યુ-ટર્ન લેવડાવીને પરત દિલ્હી બોલાવી લેવામાં આવી હતી. એરપોર્ટ પર એક સ્થિર વિમાનમાંથી ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો અને મુસાફરોને સામાન છોડીને સુરક્ષિત બહાર નીકળી જવાની સૂચના આપવામાં આવી હતી.

ભારત સરકારે આ હુમલાઓની સખત શબ્દોમાં નિંદા કરી છે. વિદેશ મંત્રાલયે નિવેદન જારી કરીને જણાવ્યું હતું કે નાગરિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને એરપોર્ટ જેવા સ્થળોને નિશાન બનાવવા સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે.

ભારતે આ હુમલામાં જીવ ગુમાવનારા નાગરિકોનાં પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે અને સાઉદી અરેબિયાની સરકાર તેમજ ત્યાંનાં લોકો સાથે એકજૂથતા દર્શાવી છે. નોંધનીય છે કે આ અગાઉ અબહા અને રિયાધ એરપોર્ટ પર થયેલા હુમલામાં ત્રણ લોકોના મોત થયા હતા અને અનેક લોકો ઘાયલ થયા હતા. સાઉદી અરેબિયામાં રહેતાં ભારતીય સમુદાયની સહાયતા માટે રિયાધ સ્થિત ભારતીય દૂતાવાસ અને જેદ્દાહ સ્થિત કોન્સ્યુલેટ સામાન્ય રીતે કાર્યરત છે. દૂતાવાસે 24 કલાક કાર્યરત રહેતી 'પ્રવાસી ભારતીય સહાયતા કેન્દ્ર'ની હેલ્પલાઈન લાઈન (8002471234) શરૂ કરી છે. નાગરિકોને કોઈપણ સત્તાવાર અપડેટ માટે માત્ર ભારતીય એમ્બેસીના અધિકૃત સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર જ નિર્ભર રહેવા સલાહ આપવામાં આવી છે.

ઈસ્લામ કબજો કરવા માંગે છે...: ફ્રાન્સમાં છાત્રોના દેખાવોને લઈને ટ્રમ્પનો સનસનીખેજ દાવો



ફ્રાન્સના તોફાનોને ટ્રમ્પના મેક અમેરિકા ગ્રેટ અમેરિકા આંદોલનના મુખ્ય નેતાએ આગામી મધ્યાવધિ ચુંટણી માટે મુદ્દો બનાવ્યો

વોશિંગ્ટન : અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે મંગળવારે ફ્રાન્સમાં છાત્રોના મોટા પ્રમાણમાં થઈ રહેલા વિરોધ-પ્રદર્શનો માટે પ્રવાસન અને ઈસ્લામને જવાબદાર ઠેરવ્યા છે. તેમણે એવો સનસનીખેજ આરોપ લગાવ્યો છે કે ઈસ્લામ કબજો કરવા માંગે છે. ટ્રમ્પે સોશિયલ મીડીયા પર લખ્યું છે કે ફ્રાન્સમાં જે થઈ રહ્યું છે, તે બેકાબુ અને મોટા પ્રમાણમાં થઈ રહેલા પલાયનથી ઓછુ નથી, આ સ્કુલોના બારામાં નથી, બલકે ઈસ્લામના એ દેશ પર કબજો કરવાની કોશિશના બારામાં છે જે કયારેક મહાન હતું. બહેતર હાલતની માંગને લઈને સપ્ટેમ્બરના આખરથી જ ફ્રાન્સના છાત્ર દેશભરમાં સેંકડો હાઈસ્કુલોના ગેટ બંધ કરી રહ્યા છે, આ દેખાવો દરમિયાન સુરક્ષાદળો સાથે છુટી છવાઈ અથડામણો પણ થઈ હતી. મંગળવારે પુરા ફ્રાન્સમાં લગભગ અઢી લાખ દેખાવકારો રસ્તા પર ઉતર્યા હતા.

બીજી બાજુ ટ્રમ્પ અને તેના પ્રશાસને લાંબા સમયથી યુરોપની સામાજીક સમસ્યા માટે માઈગ્રેશન (પ્રવાસ)ને જવાબદાર ઠેરવી છે. તેમણે યુરોપને તેમની સીમા બંધ કરવાનું કહ્યું છે.

ટ્રમ્પના મેક અમેરિકા ગ્રેટ અગેઈન (એમએજીએ) આંદોલનના મુખ્ય નેતા, આગામી મહિનામાં યોજાનાર અમેરિકી મધ્ય અવધિ ચુંટણી પહેલા ફ્રાન્સમાં થઈ રહેલા આ વિરોધ પ્રદર્શનોનો ઉપયોગ માઈગ્રેશન સાથે જોડાયેલા પોતાના મુદ્દાને મજબૂતીથી રાખવા માટે કરી રહ્યા છે.

વિદ્યાર્થીએ રમકડાંમાંથી બનાવી દીધું દિવ્યાંગો માટે બ્રેઇલ પ્રિન્ટર



કેલિફોર્નિયા : અમેરિકામાં 12 વર્ષીય ભારતીય મૂળનાં વિદ્યાર્થી શુભમ બેનર્જીએ દ્રષ્ટિહીનોની મદદ માટે એક અનોખી તકનીક વિકસાવી છે. શુભમે બાળકોનાં રમવાની લેગો રોબોટિક કિટનો ઉપયોગ કરીને એક કામ કરતું બ્રેઇલ પ્રિન્ટર તૈયાર કર્યું છે. જ્યારે શુભમને ખબર પડી કે બજારમાં મળતાં બ્રેઇલ પ્રિન્ટરની કિંમત બે લાખ રૂપિયા હોય છે, તો તેણે આનો સસ્તો વિકલ્પ બનાવવાનો નિર્ણય કર્યો. તેણે માત્ર 33 હજાર રૂપિયાની લેગો માઇન્ડસ્ટોર્મ કિટ, મોટર અને પિન્સની મદદથી આ પ્રિન્ટર બનાવ્યું.

આઇટી કંપનીઓ બાદ અમેરિકાનો વધુ એક પ્રહાર, ઇરાન સાથે પેટ્રોલીયમ વ્યવહારનો આરોપ : 18 જહાજો પર પણ પ્રતિબંધ ફરમાવ્યો

ટ્રમ્પનો નવો વાર : 5 ભારતીયો-બે કંપની પર પ્રતિબંધ



વોશિંગ્ટન : ઈરાન સાથે ગેરકાયદેસર રીતે પેટ્રોલિયમ પેદાશોનો વેપાર કરવા બદલ અમેરિકાએ મોટી કાર્યવાહી કરતા મુંબઈની બે ભારતીય કંપનીઓ અને પાંચ ભારતીય નાગરિકો પર કડક પ્રતિબંધો ઝીંકી દીધા છે. અમેરિકાના વિદેશ મંત્રાલયે આક્ષેપ કર્યો છે કે આ ભારતીય કંપનીઓએ પ્રતિબંધો હોવા છતાં ઈરાનથી પેટ્રોલિયમ અને પેટ્રોકેમિકલ ઉત્પાદનોની આયાતમાં મદદ કરી ઈરાની તંત્ર સુધી લાખો ડૉલર પહોંચાડ્યા હતા. આ સાથે જ અમેરિકાના નાણા મંત્રાલયે ઈરાનના ઓઇલ નેટવર્ક સાથે જોડાયેલા 17 વિશાળ જહાજો પર પણ સકંજો કસ્યો છે.

અમેરિકી વિદેશ મંત્રાલયના રિપોર્ટ મુજબ મુંબઈ સ્થિત ' સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ' અને 'સમુદ્ર મરીન સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ' પર આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો લાગુ કરવામાં આવ્યા છે.

SSPL સોલ્યુશન્સઃ આ કંપની સાથે જોડાયેલા ભારતીય નાગરિક ધ્વનિ વોરા અને નિસર્ગ વોરા પર પ્રતિબંધ મુકાયો છે. જ્યારે સમુદ્ર મરીન સર્વિસીસઃ સાથે સંકળાયેલા કેતન કોચિકર, ભૂપેન્દ્રસિંહ સાહૂ અને હરિશ્યામ હરિહરન ચુંડાકટ્ટિલ પર યુએસ તંત્રે કડક કાર્યવાહી કરી છે. અમેરિકાની સરકારે આ તમામ લોકો અને કંપનીઓના નાણાકીય વ્યવહારો પર તુરંત અસરથી રોક લગાવી દીધી છે. જોકે, સમુદ્ર મરીન સર્વિસીસને અગાઉના ચાલુ વ્યવહારો આટોપી લેવા માટે 23 ઓક્ટોબર સુધીનો મર્યાદિત સમય આપવામાં આવ્યો છે.

ઓપરેશન ઈકોનોમિક આઉટકાસ્ટઃ ઈરાનને આર્થિક રીતે કંગાળ કરવાનો પ્લાન

ટ્રમ્પ પ્રશાસને આ સમગ્ર આક્રમક ઝુંબેશને ઓપરેશન ઈકોનોમિક આઉટકાસ્ટ નામ આપ્યું છે. અમેરિકાનો દાવો છે કે ઈરાન પ્રતિબંધિત ઓઇલ વેચીને મળતા કરોડો ડૉલરનો ઉપયોગ પશ્ચિમ એશિયામાં પોતાના મિલિટરી ઓપરેશન્સ અને આતંકી સંગઠનોને ફંડિંગ આપવા માટે કરે છે. આથી ઈરાનની ઓઇલથી થતી કમાણી પર સંપૂર્ણ બ્રેક મારી તેની આર્થિક અને સૈન્ય તાકાત તોડી પાડવા અમેરિકાએ આ મોરચો ખોલ્યો છે. માત્ર ભારત જ નહીં, પરંતુ અમેરિકાના નાણા મંત્રાલયે ઈરાની ક્રૂડ ઓઈલ, એલપીજી, મેથેનોલ અને નેપ્થા જેવા ઉત્પાદનોની હેરફેર કરતા 17 આંતરરાષ્ટ્રીય જહાજો (ટેંકરો) પર પ્રતિબંધ લાદી દીધો છે, જે દક્ષિણ અને પૂર્વ એશિયાના બજારોમાં માલ પહોંચાડતા હતા.

આ સિવાય ઈરાની પેટ્રોકેમિકલ્સ ખરીદવા બદલ તુર્કિયેની 'નૂરઝાદ પેટ્રોકેમ્યા' અને યુએઈની 'અરેબિયનપ્રો મટિરિયલ્સ' સહિત અન્ય બે શિપ મેનેજમેન્ટ કંપનીઓ પર પણ અમેરિકાએ પ્રતિબંધનો કોરડો વીંઝ્યો છે.

રશિયન તટ પાસે ઓઇલ ટેન્કર પર યુક્રેનનો ડ્રોન હુમલો : 23 ભારતીયોનું રેસ્ક્યૂ



મોસ્કો : રશિયાના બ્લેક સી (કાળા સમુદ્ર) કિનારે એક અજાણ્યા અનમેન્ડ વેસલ (ડ્રોન) વડે કરાયેલા ભયાનક હુમલા બાદ લાઈબેરિયાના ધ્વજ હેઠળ જઈ રહેલા ઓઇલ ટેંકર 'એફ્રામેક્સ રિયો'માં આગનો મોટો ભડકો થયો હતો.

બનાવને પગલે રશિયન કોસ્ટગાર્ડ અને ઈમરજન્સી ટીમો દ્વારા તાત્કાલિક ધોરણે ચલાવવામાં આવેલા મોટો રેસ્ક્યૂ ઓપરેશનમાં ટેંકર પર સવાર તમામ 23 ભારતીય ક્રૂ મેમ્બર્સને સુરક્ષિત રીતે બહાર કાઢી લેવાયા હતા.

રશિયાના ટ્રાન્સપોર્ટ મંત્રાલયે ટેલિગ્રામ પર આપેલા સત્તાવાર નિવેદનમાં આ ઘટનાની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે, ટેંકરના તમામ 23 સભ્યો ભારતીય નાગરિકો હતા અને સદનસીબે આ ભયાનક આગમાં કોઈ પણ ભારતીયને ઈજા પહોંચી નથી. મંગળવારે બ્લેક સીમાં બનેલી આ ઘટનાના સોશિયલ મીડિયા પર સામે આવેલા ભયાનક વીડિયોમાં દરિયામાં સળગી રહેલા જહાજમાંથી આકાશ તરફ ધુમાડાના ઘાટા ગોટા ઉડતા જોવા મળ્યા હતા. રશિયાના દક્ષિણી ક્રાસ્નોદાર ક્ષેત્રમાં સ્થિત સિરિયસના સ્થાનિક તંત્રે દરિયામાં ઈમરજન્સી ઓપરેશન્સ ચાલુ હોવાના કારણે આજુબાજુના દરિયા કિનારા (બીચ) સામાન્ય લોકો માટે તાત્કાલિક અસરથી બંધ કરી દીધા હતા. ફાયરફાઈટર્સની ટીમોએ કલાકોની ભારે જહેમત બાદ લાઈબેરિયન ટેંકરમાં લાગેલી ભીષણ આગ પર કાબૂ મેળવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, બ્લેક સી ક્ષેત્રમાં રશિયા-યુક્રેન યુદ્ધ અને ડ્રોન હુમલા વચ્ચે આંતરરાષ્ટ્રીય જહાજો પરના જોખમમાં મોટો વધારો થયો છે. આ ઘટના પહેલાં પણ બ્લેક સીમાં એક રશિયન ડ્રોન દ્વારા 'એમવી રોયાદ મમાદોવ' નામક કાર્ગો શિપને નિશાન બનાવાયું હતું. જેમાં ભારતીય નાગરિકો સવાર હતા. આ અગાઉના હુમલામાં જહાજ સળગીને દરિયામાં ડૂબી ગયું હતું અને ભારતીય કેપ્ટનનું મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય ભારતીયોને રોમાનિયા સ્થિત ભારતીય દૂતાવાસના તકેદારીના પગલાંથી ઉગારી લેવાયા હતા.

આતંકવાદની નવી લહેર સામે રાજદૂતની ચેતવણી

ફ્લાયદુબઈ ઘટના બાદ ભારત અને ઈઝરાયેલ માટે ગંભીર

આતંકવાદીઓ સરકારો અને એજન્સીઓ કરતાં વધુ ઝડપી વધી રહ્યાં છે ; હમાસનો પ્રભાવ મધ્ય પૂર્વ બહાર પણ ફેલાઈ રહ્યો હોવાનો દાવો



નવી દિલ્હી : ભારતમાં ઈઝરાયેલના રાજદૂત વેન અઝારે ભારત અને ઈઝરાયેલ બંને દેશોને કટ્ટરપંથી ઈસ્લામી આતંકવાદી હુમલાની નવી લહેર સામે ચેતવણી આપી છે.તેમણે જણાવ્યું કે આતંકવાદીઓ સરકારો અને સુરક્ષા એજન્સીઓ કરતાં વધુ ઝડપથી પોતાની ક્ષમતાઓ વિકસાવી રહ્યાં છે. આથી આગામી ખતરાથી બચવા માટે આપણી એજન્સીઓએ તેમના કરતાં પણ વધુ ઝડપી અને સતર્ક બનવું પડશે. ફ્લાયદુબઈ વિમાનમાં બનેલી ઘટનાનો ઉલ્લેખ કરતાં અઝારે જણાવ્યું કે હમાસ જેવા આતંકી સંગઠનો હવે દક્ષિણ એશિયામાં પણ પોતાનો પ્રભાવ ફેલાવી રહ્યાં છે. પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં હમાસના નેતાઓની સ્થાનિક આતંકી સંગઠનો જેમ કે જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબા સાથેની બેઠકો વધી રહી છે. તેમણે પહલગામમાં થયેલાં આતંકી હુમલાને પણ આ જ વિચારધારાના પ્રભાવનું પરિણામ ગણાવ્યું હતું. તાજેતરમાં ફ્લાયદુબઈ વિમાનમાં ઓમાની સહ-પાયલોટ હમામ અલ-હમ્મામીએ ઈમરજન્સી કુહાડી વડે ભારતીય કેપ્ટન સ્મિત મચ્છર પર હુમલો કરીને પ્લેન ક્રેશ કરવાનો પ્રયાસ કર્યો હતો. તપાસમાં સામે આવ્યું છે કે, હુમલાખોર કો-પાયલોટ કટ્ટરપંથી વિચારોથી પ્રભાવિત હતો. ઘટના સમયે ઈઝરાયેલના ફાઈટર જેટ્સ પણ એલર્ટ થઈ ગયા હતા અને વિમાનને તોડી પાડવા અંગેનો નિર્ણય લેવાય તે પહેલાં જ પ્લેનનું સાઉદી અરેબિયામાં ઈમરજન્સી લેન્ડિંગ થઈ ગયું હતું. ઈઝરાયેલી રાજદૂતે ઉમેર્યું કે, આ એક મોટો અકસ્માત બની શક્યો હોત, પરંતુ ભારતીય પાયલોટ સ્મિત મચ્છરની અદ્ભુત બહાદુરી અને મુસાફરોના સાહસને કારણે 174 લોકોનો જીવ બચી ગયો. ગંભીર રીતે ઘવાયેલા હોવા છતાં સ્મિતે કોકપિટનો દરવાજો ખોલીને મુસાફરોને અંદર આવવા દીધા હતા, જેનાથી હુમલાખોરને કાબૂમાં લઈ શકાયો. હાલમાં આ સમગ્ર ઘટના અંગે આંતરરાષ્ટ્રીય સ્તરે તપાસ ચાલી રહી છે.

નેતા હોય તો આવા ! ફ્રાન્સમાં વિદ્યાર્થીઓ પર પોલીસનાં લાઠીચાર્જ સામે ઢાલ બન્યાં મેયર ; વીડિયો વાયરલ

ફ્રાન્સમાં શિક્ષકોની અછત અને ખરાબ સુવિધાઓ સામે 2.5 લાખથી વધુ વિદ્યાર્થીઓ રસ્તા પર ઊતર્યા ; પોલીસે ટીયર ગેસ છોડ્યો અને લાઠીચાર્જ કર્યો



પેરિસ : જ્યારે પોલીસ વિદ્યાર્થીઓનાં આંદોલનને રોકવા માટે લાઠીચાર્જ કરી રહી હોય અને સામેથી એક રાજકીય નેતા પોતે ઢાલ બનીને ઊભા રહી જાય, ત્યારે સ્થિતિ કેવી સર્જાય?

ફ્રાન્સમાં હાલ તાજેતરનાં ઈતિહાસનું સૌથી મોટું વિદ્યાર્થી આંદોલન ચાલી રહ્યું છે. હાઈસ્કૂલોમાં શિક્ષણની બહેતર સ્થિતિ, શિક્ષકોની અછત, અતિશય વર્કલોડ અને ગરમીમાં એસી વગરનાં ક્લાસરૂમ જેવી સમસ્યાઓ સામે અવાજ ઉઠાવવા મંગળવારે સમગ્ર ફ્રાન્સમાં 2.5 લાખથી વધુ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ રસ્તા પર ઊતરી આવ્યા હતા.

પ્રદર્શનકારીઓને વિખેરવા પોલીસે ટીયર ગેસના શેલ છોડ્યા અને લાઠીચાર્જ કર્યો હતો. આ તણાવપૂર્ણ વાતાવરણ વચ્ચે પેરિસ નજીક આવેલાં સેન્ટ-ડેનિસ શહેરનાં મેયર બેલી બાગાયોકો પોલીસ અને પ્રદર્શનકારી વિદ્યાર્થીઓની લાઈન વચ્ચે આવીને ઊભા રહી ગયા હતા.

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલાં વીડિયોમાં મેયર બાગાયોકો પોલીસકર્મીઓને 'થોભો' કહીને બૂમો પાડતા અને વિદ્યાર્થીઓ તરફ આગળ વધતાં રોકતા જોવા મળે છે. તેમણે બંને પક્ષો વચ્ચે સામસામે હિંસક અથડામણ ન થાય તે માટે આ પગલું ભર્યું હતું. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ભારે વાયરલ થયો છે અને લોકો તેને વર્ષનો સૌથી શક્તિશાળી વીડિયો ગણાવી રહ્યાં છે.

આ બચાવ કામગીરી દરમિયાન મેયર બેલી બાગાયોકોને પણ ટીયર ગેસની અસર થઈ હતી, જેના પછી પ્રદર્શનકારી વિદ્યાર્થીઓ તેમની આંખોમાં આઈ ડ્રોપ્સ નાખતાં નજરે પડ્યાં હતાં.

આ ઘટના બાદ મેયર બેલીએ સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે, "હું માત્ર પોતાનો અવાજ રજૂ કરવા માગતા યુવાનો સામે ભારે પોલીસ બળનો ઉપયોગ થતો જોઈ રહ્યો હતો.

ગૃહમંત્રીને મારી વિનંતી છે કે કોઈ મોટી દુર્ઘટના બને તે પહેલાં જ આ આદેશોની સમીક્ષા કરવામાં આવે.વિદ્યાર્થીઓની માંગણીઓ વ્યાજબી છે, તેથી અહિંસક અને એકજૂટ રહીને લડાઈ ચાલું રાખો."

સોશિયલ મીડિયા પર શેર કરેલાં બે પાનાના પત્રમાં 2019ની મુલાકાતની યાદો વાગોળી ; પીએમ મોદીને પોતાનાં મોટા ભાઈ સમાન ગણાવ્યાં

ભૂટાનના વડાપ્રધાન શેરિંગ તોબગેએ પીએમ મોદીને ગણાવ્યાં 'વિષ્ણુના અવતાર'

નવી દિલ્હી : ભૂટાનના વડાપ્રધાન શેરિંગ તોબગેએ ભારતનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરતાં અને તેઓને વિષ્ણુનાં અવતાર કહેતાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર બે પાનાનો પત્ર શેર કર્યો છે.


આ પત્રમાં તેમણે પીએમ મોદી સાથે થયેલી મુલાકાતો, પોતાનાં અનુભવો અને તેમનાં પ્રતિ પોતાનાં વિચારો વ્યક્ત કર્યા છે. તેમણે 27 જુલાઈ 2019ના રોજ નવી દિલ્હીમાં પીએમ મોદી સાથે થયેલી એક ખાસ મુલાકાતને યાદ કરતાં જણાવ્યું હતું કે, તે સમયે ભૂટાનની ચૂંટણીમાં તેમની પાર્ટીની હાર થઈ હતી.

તેઓ સંસદમાં પણ નહોતાં. એક સામાન્ય નાગરિક તરીકે મુલાકાત લેવા છતાં પીએમ મોદીએ તેમને હંમેશાં નાના ભાઈ જેવો પ્રેમ અને સ્નેહ આપ્યો હતો, જેથી તેઓ પીએમ મોદીને પોતાનાં મોટા ભાઈ માને છે.

પત્રમાં તોબગેએ જણાવ્યું છે કે, પીએમ મોદી તેમને એક પ્રબુદ્ધ શાસક જેવા લાગે છે અને તેઓ તેમને વિષ્ણુનાં અવતાર તરીકે જુએ છે. તેમણે સ્પષ્ટ કર્યું કે આ કોઈ ભાવનાઓમાં વહીને કહેવાયેલી વાત નહોતી, પરંતુ વિચાર-વિમર્શ બાદ સ્વીકારેલું સત્ય હતું.

તોબગેના જણાવ્યાં મુજબ, તેમણે નરેન્દ્ર મોદીને 13 વર્ષ સુધી ગુજરાતનાં મુખ્યમંત્રી તરીકે શાસન કરતાં જોયા હતાં, જ્યાં તેમણે રાજ્યને વિકાસ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રોકાણનું એક મોડેલ બનાવ્યું હતું. ત્યારબાદ તેમણે એ જ વિઝન, શિસ્ત, ઉર્જા અને અથાક મહેનત સાથે ભારત દેશમાં મેન્યુફેક્ચરિંગ, ટેક્નોલોજી, નાણાકીય સમાવેશ અને સ્વચ્છતા ક્ષેત્રે ક્રાંતિ લાવતા જોયાં છે.

તોબગેએ પત્રમાં બૌદ્ધ પરંપરાના 'રિગસુમ ગોનપો' (જ્ઞાન, કણા અને સાહસનું પ્રતીક) નો ઉલ્લેખ કરતાં કહ્યું કે આ ત્રણેય ગુણો પીએમ મોદીના નેતૃત્વમાં સ્પષ્ટ દેખાય છે. તેમણે પીએમ મોદીના 'વિકસિત ભારત 2047'ના વિઝન અને 'સૌનો સાથ, સૌનો વિકાસ'ના મંત્રના વખાણ કરતાં ઉમેર્યું કે, પીએમ મોદીએ 1.4 અબજ ભારતીયોમાં પોતાનાં દેશ માટે એક નવો વિશ્વાસ, ગૌર્વ અને મહત્વાકાંક્ષા જગાવી છે. તેમણે દેશને માત્ર એક લક્ષ્ય જ નથી આપ્યું, પરંતુ દરેક ભારતીયને આ મિશનમાં જોડાવા માટે પ્રેરિત પણ કર્યા છે.



CM ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત' મલ્ટિમીડિયા પ્રદર્શનની મુલાકાત લીધી



ગાંધીનગર : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના પં. દીનદયાળ ઑડિટોરિયમ ખાતે માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા આયોજિત 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત' વિષયક વિશેષ મલ્ટિમીડિયા પ્રદર્શનની મુલાકાત લીધી હતી. આ પ્રદર્શનમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ગુજરાતથી શરૂ થયેલી 25 વર્ષની જનસેવા, નેતૃત્વ અને વિકાસયાત્રાની ઝાંખી વિવિધ પેનલ, પોસ્ટર્સ અને દૃશ્ય-શ્રાવ્ય પ્રસ્તુતિઓના માધ્યમથી રજૂ કરવામાં આવી છે, જેને મુખ્યમંત્રીશ્રીએ નિહાળી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ પ્રદર્શનની મુલાકાતે આવેલાં નાગરિકો સાથે સહજ સંવાદ પણ કર્યો હતો. તેમણે કહ્યું કે વિવિધ લોકલક્ષી યોજનાઓના માધ્યમથી તમામ નાગરિકોના વિકાસ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં જનસેવા, સાધના અને સુશાસનનાં 25 વર્ષના ઉપક્રમે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વિવિધ જનહિતલક્ષી કાર્યક્રમો અને આયોજનો હાથ ધરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત, રાજ્યના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા શ્રી નરેન્દ્રભાઈ મોદીની આ વિકાસયાત્રાની ઝાંખી આ પ્રદર્શનમાં રજૂ કરવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ પ્રદર્શનના વિવિધ વિભાગોની મુલાકાત લઈ રજૂ કરવામાં આવેલી વિકાસલક્ષી કામગીરીની માહિતી મેળવી હતી તેમજ સમગ્ર આયોજનની સરાહના કરી હતી. આ પ્રદર્શનમાં ગુજરાતના કૃષિ-પશુપાલન, શિક્ષણ, ઉદ્યોગ, બંદરો, ઊર્જા, જળશક્તિ, મહિલા સશક્તીકરણ અને સામાજિક વિકાસ સહિતના ક્ષેત્રોમાં થયેલી કામગીરીની ઝાંખી પણ પ્રદર્શિત કરવામાં આવી છે. આ ઉપરાંત, કૃષિ મહોત્સવ, શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી, જ્યોતિગ્રામ યોજના, ઈ-મમતા, મિશન મંગલમ, જ્ઞાનશક્તિ, પાણીદાર આયોજન, ખેલ મહાકુંભ, વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ, પશુ આરોગ્ય મેળા, સમરસ છાત્રાલય યોજના સહિત શ્રી નરેન્દ્રભાઈ દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શરૂ કરવામાં આવેલી વિવિધ વિકાસલક્ષી પહેલોની માહિતી પણ રજૂ કરવામાં આવી છે. વડાપ્રધાનશ્રીની 25 વર્ષની વિકાસયાત્રા સાથે સંકળાયેલી કામગીરી અંગે મુલાકાતીઓ માટે ક્વિઝનું પણ આયોજન કરવામાં આવ્યું છે. પં. દીનદયાળ ઑડિટોરિયમ ખાતેનું આ પ્રદર્શન તા. 5 ઑક્ટોબર સુધી સવારે 8 થી રાત્રે 10 વાગ્યા સુધી ખુલ્લું રહેશે. જેની મુલાકાત નાગરિકો લઈ શકશે.

ટેક્ષચોરીમાં કાનુની પ્રક્રિયાની મર્યાદા રૂા.1 કરોડથી વધારી રૂા.5 કરોડ કરવા પ્રસ્તાવ


અમદાવાદમાં સાબરમતી નદી પર બુલેટ ટ્રેન બ્રિજનું કામ પૂર્ણ

અમદાવાદ: સાબરમતી નદી પરનો 480 મીટર લાંબો પુલ પૂર્ણ થઈ ગયો છે. આશરે 36 મીટર ઊંચો, 12 માળની ઈમારત (લગભગ 118 ફૂટ) જેટલો, આ પુલ અમદાવાદમાં બુલેટ ટ્રેન કોરિડોરની મુખ્ય રચનાઓમાંનો એક છે. તે પશ્ચિમ રેલ્વેની અમદાવાદ-દિલ્હી મુખ્ય લાઈનની બાજુમાં સ્થિત છે, જે જમીનથી આશરે 14.8 મીટર ઉપર છે.

આ પુલ સાબરમતી અને અમદાવાદ બુલેટ ટ્રેન સ્ટેશનો વચ્ચે આવેલો છે, જે સાબરમતી સ્ટેશનથી આશરે 1 કિમી અને અમદાવાદ સ્ટેશનથી 4 કિમી દૂર છે. અમદાવાદમાં ખઅઈજછ સંરેખણ ફ્લાયઓવર, પુલ, રેલ્વે લાઈન અને મેટ્રો કોરિડોર સહિત અનેક હાલની માળખાકીય સુવિધાઓને પાર કરે છે.

હાલના માળખાકીય સુવિધાઓમાંથી જરૂરી ઊભી મંજૂરીઓને ધ્યાનમાં રાખીને, સાબરમતી નદીના પુલના થાંભલાઓ ઊંચાઈમાં વધારો કરીને ડિઝાઇન કરવામાં આવ્યા હતા. આ પુલ 08 ગોળાકાર થાંભલાઓ દ્વારા આધારભૂત છે, જેનો વ્યાસ 6 થી 6.5 મીટર સુધીનો છે. આમાંથી, 04 થાંભલા નદીના પટમાં સ્થિત છે, 02 નદી કિનારા પર સ્થિત છે - 01 દરેક બાજુએ - અને 02 નદી કિનારાની બહાર સ્થિત છે. થાંભલાઓના વ્યૂહાત્મક સ્થાનથી નદીના જળમાર્ગમાં અવરોધ ઓછો કરવામાં મદદ મળી છે.

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોર પરના મોટાભાગના નદી પુલો લગભગ 40 મીટરના ટૂંકા ગાળાના હોય છે, જ્યારે સાબરમતી નદી પુલમાં 50 થી 76 મીટર સુધીના લાંબા ગાળાના ગાળાનો સમાવેશ થાય છે, જેનાથી નદીના તળિયામાં જરૂરી થાંભલાઓની



સંખ્યા ઓછી થાય છે.

આ પુલમાં 76 મીટરના પાંચ સ્પાન અને 50 મીટરના બે સ્પાનનો સમાવેશ થાય છે. દરેક સ્પાનમાં 23 સેગમેન્ટ હોય છે, જે બાંધકામ સ્થળ પર જ નાખવામાં આવ્યા હતા. આ સેગમેન્ટના બાંધકામ માટે ચોકસાઈ એન્જિનિયરિંગ, કુશળ માનવબળ અને દરેક તબક્કે ગુણવત્તા ચકાસણીની જરૂર હતી. આ પુલનું નિર્માણ સંતુલિત કેન્ટીલીવર પદ્ધતિનો ઉપયોગ કરીને કરવામાં આવ્યું છે, જે નદીઓ અને ઊંડા જળમાર્ગો પર લાંબા ગાળાના પુલો માટે યોગ્ય એક વિશિષ્ટ તકનીક છે. આ પદ્ધતિ ઉંક નીચે પરંપરાગત સ્કેફોલિંગ સ્થાપિત કર્યા વિના પુલ સુપરસ્ટ્રક્ચરનું નિર્માણ શક્ય બનાવે છે. સેગમેન્ટ્સ ક્રમિક રીતે થાંભલાઓમાંથી ઉભા કરવામાં આવે છે અને પોસ્ટ-ટેન્શનિંગ દ્વારા જોડવામાં આવે છે, જેમાં દરેક થાંભલાની બંને બાજુ સંતુલિત બાંધકામ કરવામાં આવે છે જેથી સ્થિર અને સતત પુલ ઉંક બને.

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોરમાં 25 નદી પુલ છે, જેમાંથી 21 ગુજરાતમાં અને 4 મહારાષ્ટ્રમાં છે. ગુજરાતમાં આયોજિત 21 નદી પુલોમાંથી 18 હવે પૂર્ણ થઈ ગયા છે. આ વિગતો નેશનલ હાઇ સ્પીડ રેલ્વે કોર્પોરેશન લિમિટેડ (NHRCL) દ્વારા શેર કરવામાં આવી હતી.


ગુજરાતમાંથી અનેકને રાતોરાત ઉઠાવાયા : કલાકોની અટકાયત બાદ બાંહેધરીપત્ર લખાવાયા

અમદાવાદ : ચુંટણી પ્રક્રિયામાં શંકાસ્પદ ફેરફારો અને ગેરકાયદે- એક તરફી નિર્ણયોના મામલે દેશના મુખ્ય ચુંટણી કમિશ્નર જ્ઞાનેશકુમાર વિરુદ્ધ આંદોલનના પડઘા પણ પડવાની આશંકાને પગલે ગુજરાતમાં પોલીસે અટકાયતી પગલા લીધા હતા.

એટલું જ નહીં અટકળો લેવાયેલા શખ્સો પાસેથી લેખિત કબુલાતનામા લખાવવામાં આવ્યા હતા. મુખ્ય ચુંટણી કમિશ્નર જ્ઞાનેશકુમારને હટાવવાની માંગ સાથે વિરોધપક્ષોની સાથે કોંકરોચ જનતા પાર્ટીએ પણ આંદોલન કર્યુ છે.

આજે દિલ્હી ખાતે જંતરમંતર પર ધરણાનુ એલાન અપાયુ હતુ જેને પગલે પાટનગરને સુરક્ષા છાવણીમાં ફેરવી દેવાયુ હતું. લાંબા અંતરની ટ્રેનો-મેટ્રો બંધ કરાયા હતા. ઈન્ટરનેટ બંધ કરાયુ હતું.

આંદોલનમાં સામેલ થવા દેશભરમાંથી યુવકો-લોકો



જવાની ગણતરીએ વિવિધ રાજયોની સરકારો એલર્ટ થઈ હતી. ગુજરાતમાં અમદાવાદ સહિતના શહેરોમાંથી આંદોલનમાં જોડાવાની શંકાના આધારે પોલીસે અનેક યુવકોને ઉઠાવી લીધા હતા. રાત્રે કલાકો સુધી અટકાયતમાં રાખ્યા બાદ બાંહેધરીપત્ર લખાવીને આજે સવારે છુટકારો થયો હતો.

'સાંજ સમાચાર' ને પ્રાપ્ત થયેલ કબુલાતનામાની નકલ પરથી એવુ સ્પષ્ટ થાય છે કે પોલીસે શંકાના આધારે અટકાયતી પગલા લઈને પછી તેઓ પાસે બાંહેધરીપત્રક લખાવ્યા હતા અને પછી મુક્ત કર્યા હતા.

પોલીસે બાંહેધરીપત્રમાં તેઓ દિલ્હી જંતરમંતર ખાતે વિરોધ પ્રદર્શનમાં જવાના નથી કે અન્ય કોઈ જગ્યાએ આંદોલનમાં સામેલ થવાના ન હોવાનુ લખાણ કરાવવામાં આવ્યુ હતું.

મુખ્ય ચુંટણી કમિશ્નર સામેના આંદોલનને ધ્યાને રાખીને ગુજરાત સરકાર પણ સતર્ક થઈ હોવાનું અને આજના કાર્યક્રમને ધ્યાને રાખીને અનેક સામે અટકાયતી પગલા લેવાયાનુ બહાર આવ્યુ છે. મહત્વની વાત એ છે કે માત્ર સોશ્યલ મીડીયામાં સરકારી નીતિનો વિરોધ કરનારાને પણ કોંકરોચ જનતા પાર્ટીમાં કાર્યકર કે આંદોલનકારી ગણીને ઉઠાવી લેવાયા હતા.

પગપાળા જવાથી ઓછો થાય છે કિશોરોનો તણાવ

બે શિક્ષણ સંસ્થાઓના નિષ્ણાતોએ સાથે મળીને અભ્યાસ કર્યો

12 હજાર પગલાં ચાલવાથી માનસિક સમસ્યાઓ ઘટે છે : ચાલીને જવું માનસિક સ્વાસ્થ્ય માટે જરૂરી છે : વધુ ચાલવાથી મગજની મૂવમેન્ટ અને ભાવનાઓવાળા હિસ્સા મજબૂત થાય છે.

લંડન : પાર્કમાં ફરવું, ચાલીને શાળાએ જવું કે રોજના વધુ પગલાં ચાલીને જવાથી બાળકોના માનસિક સ્વાસ્થ્યમાં સુધારો થઈ શકે છે. કિંગ્સ કોલેજ લંડન અને મેસાચુસેટ્સ યુનિવર્સિટીના નિષ્ણાતો દ્વારા કરવામાં આવેલા તાજેતરના અભ્યાસમાં આ અંગેની માહિતી આપવામાં આવી છે. નિષ્ણાતોએ 11 થી 12 વર્ષની વયના 5,515 કિશોરોના ડેટાનું વિશ્લેષણ કર્યું. આ બાળકોને ત્રણ અઠવાડિયા સુધી ફિટનેસ ટ્રેકિંગ ડિવાઇસ પહેરાવવામાં આવ્યું હતું, જેથી તેમના દૈનિક ચાલવાનો ચોક્કસ અને સાચો આંકડો મળી શકે.

આના એક વર્ષ પછી, તેમણે બાળકો અને તેમના માતાપિતા પાસેથી 'ચાઈલ્ડ બિહેવિયર ચેકલિસ્ટ' પ્રશ્નનાવલી ભરાવી. આ પ્રશ્નાવલી દ્વારા બાળકોમાં ચિંતા, લો મૂડ અને વર્તન સંબંધિત સમસ્યાઓ જેવા લક્ષણોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

પરિણામો પરથી જાણવા મળ્યું કે જે કિશોરો રોજિંદા ધોરણે જેટલું વધુ ચાલતા હતા, એક વર્ષ પછી તેમનામાં માનસિક સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ એટલી જ ઓછી જોવા મળી. આ સંકેત આપે છે કે કિશોરો માટે શારીરિક પ્રવૃત્તિ વધારવી સ્વાસ્થ્ય માટે ફાયદાકારક હોઈ શકે છે.

રમતગમત કે કસરત માટે અલગથી વધુ સમય ફાળવવો જરૂરી નથી. ચાલીને શાળાએ જવું, મિત્રો સાથે બહાર રમવું, દાદરનો ઉપયોગ કરવો કે આસપાસના કામ માટે ચાલીને જવું પણ રોજના પગલાં વધારવામાં મદદ કરી શકે છે. નિષ્ણાતોના મતે, નાના ફેરફારો પણ મહત્વ ધરાવે છે. દરરોજ બે હજાર પગલાં વધુ ચાલવું એ પણ વધુ સારા માનસિક સ્વાસ્થ્ય અને મગજની રચના સાથે જોડાયેલું જોવા મળ્યું છે.

ફાયદા માટે એથલીટ હોવું જરૂરી નથી

નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, આ ફાયદા મેળવવા માટે એથલીટ હોવું જરૂરી નથી. જો કોઈ કિશોર રોજના ચાલવાના પગલાંમાં માત્ર એકથી બે હજાર પગલાં ઉમેરે છે, તો પણ તેના મગજની રચના અને માનસિક સ્વાસ્થ્યમાં નોંધપાત્ર સકારાત્મક પરિણામો જોવા મળે છે. સૌથી સારી વાત એ છે કે પગલાંની સંખ્યા વધવાની સાથે આ ફાયદાકારક અસર આગળ પણ સતત વધતી રહે છે.



રાજયના પાટનગરની મહાનગરપાલિકામાં કાલે મતદાન : તા.13ના રોજ પરિણામ

પક્ષપલ્ટાનો ઈતિહાસ : ગાંધીનગર મહાપાલિકામાં ત્રિપાંખીયા જંગમાં કાલે ફેંસલો

2010માં સ્થપાયેલી મહાનગરપાલિકામાં પ્રથમ બે ચૂંટણી આયારામ ગયારામથી ભરપૂર રહી 2026માં હવે ભાજપ તમામ 44 બેઠકો જીતવા વિશ્વાસ ધરાવે છે : ઉમેદવારોમાં ભાંગફોડનાં ભાજપના પ્રયાસો: કોંગ્રેસ અડગ રહી : `આપ'ના ખડ્યા 2021માં ભાજપે 44માંથી 41 બેઠકો જીતી : કોંગ્રેસના 2 કોર્પોરેટરોએ પણ કેસરીયા કર્યા



અમદાવાદ : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની યોજાયેલી ચૂંટણીમાં વિજય મેળવ્યા બાદ હવે આવતીકાલે ગાંધીનગર મહાનગરપાલિકાની યોજાનાર ચૂંટણી પર સૌનું ધ્યાન છે. રાજયના પાટનગરની આ મહાનગરપાલિકાનું 2010માં ઉદય થયા બાદ એક દશકા સુધી એટલે કે 2021 સુધી પક્ષ પલ્ટાનો ઈતિહાસ રહ્યો છે. જોકે 2011ની પ્રથમ ચૂંટણી કોંગ્રેસે જીતી અને બહુમતી મેળવી.

ત્યારબાદ 2016માં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ટાઈ પડી હતી અને ભાજપે શાસન હસ્તગત કરી લીધું. 2021માં ભાજપે 44માંથી 41 બેઠકો જીતીને કલીન સ્વીપ કર્યું અને કોંગ્રેસના જે બે કોર્પોરેટર ચૂંટાયા હતા તે પણ ભાજપમાં જોડાઈ ગયા અને એક માત્ર આમ આદમી પાર્ટીના કોર્પોરેટરે છેલ્લે સુધી વિપક્ષનો ઝંડો પકડી રાખ્યો હતો પણ આ ચૂંટણીમાં ભાજપે હવે તમામ 44 બેઠકો જીતવા માટે જોર લગાવ્યું છે.

જે રીતે ભાજપે ચૂંટણીમાં મતદાન પૂર્વે ભાંગફોડ કરવા માહીર છે તેમાં કોંગ્રેસ પક્ષે સાવચેતી વાપરીને ઉમેદવારી બાદ તેમના તમામ 44 ઉમેદવારોને સલામત મોકલી આપ્યા હતા. અને ચૂંટણી ચીત્ર સ્પષ્ટ થયા બાદ જ તેઓ પ્રચારમાં જોડાયા જયારે ભાજપે આમ આદમી પાર્ટી પર ડાકા ડાલ્યા. અને તેના 4 ઉમેદવારોએ ફોર્મ પાછા ખેંચી લીધા

આમ ચૂંટણીમાં હવે ભાજપ કોંગ્રેસના 44 અને આમ આદમી પાર્ટીના 32 ઉમેદવારો મેદાનમાં છે. અને રાજયમાં જે રીતે ભાજપ એક બાદ એક ચૂંટણીઓમાં વિજેતા બની રહ્યું છે ત્યારે હવે ગાંધીનગરમાં આ પક્ષ 44 બેઠકો જીતવાનો ટાર્ગેટ પાર કરી શકે છે કે તેમના ઉપર નજર છે. આમ આદમી પાર્ટી કે જે સ્થાનિક ચૂંટણીઓમાં સુરતમાં એક સમયે વિપક્ષ બન્યા બાદ જે રીતે પક્ષ પલ્ટાનો શિકાર બની ગઈ તેમાં તેના માટે ગાંધીનગર મહત્વનું છે. સરકારી કર્મચારીઓનો મોટો વસવાટ અને ધીમે ધીમે અમદાવાદ સાથે જોડાઈ રહેલા આ મહાનગરમાં ખાસ કરીને ભાજપે તમામ તાકાત લગાડી છે. કોંગ્રેસ પક્ષમાં છેલ્લી ઘડીએ શંકરસિંહ વાઘેલાએ જે રીતે પ્રચાર કર્યો તેમાં તેઓ કોઈ ફર્ક પાડી શકે છે કે કેમ તે પણ નિશ્ચિત થશે. અને પરીણામમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી કોઈ જોર કરે તો પણ તેઓ સલામત રહી શકશે કે કેમ તે પ્રશ્ન છે.

જયારે પક્ષપલ્ટાની મૌસમથી સત્તા નકકી છેઃ બે ચૂંટણીમાં મેયરોના પક્ષપલ્ટા થયા છે

એપ્રિલ 2011માં પ્રથમ ચૂંટણીમાં કોંગ્રેસને 33માંથી 18 બેઠકો મળી જયારે ભાજપને 15 બેઠકો મળી પરંતુ ઓકટોબર મહિનામાં જ કોંગ્રેસના મેયર અને અન્ય બે સભ્યો ભાજપમાં જોડાઈ ગયા અને મહેન્દ્રસિંહ રાણાએ મેયર પદ યથાવત રાખી ભાજપનું બોર્ડ ચલાવ્યું.

2016ની ચૂંટણીમાં 32 બેઠકોમાંથી ભાજપ અને કોંગ્રેસને 16-16 મળી અને કોંગ્રેસના કોર્પોરેટર પ્રવિણ પટેલે પક્ષ પલ્ટો કરીને મેયર બની ગયા અને ભાજપે જ તેને ટેકો આપી દીધો.

રાજયના નાના ઉદ્યોગો હવે મોટી કંપનીઓ બનવાની દૌરમાં સામેલ

SME આઈપીઓમાં ગુજરાતનો ડંકો : છ માસમાં 35 જાહેર ભરણા લીસ્ટેડ થયા

અમદાવાદ : હાલ ભલે શેરબજારમાં કડાકાની મૌસમ ચાલુ હોય પણ આઈપીઓમાં રોકાણકારો નાણા ઠાલવી રહ્યા છે અને તેમાં હવે જે નવા એમએસએમઈ કે એસએમઈ પ્લેટફોર્મ છે જયાં નાની કંપનીઓ પણ જાહેર ભરણાથી નાણા મેળવી શકે છે તેમાં પણ ગુજરાતની કંપનીઓ દેશમાં અગ્રેસર છે.

સ્મોલ એન્ડ મીડીયમ એન્ટરપ્રાઈઝીસ (SME) ના જે આઈપીઓ ચાલુ નાણાકીય વર્ષમાં આવ્યા તેમાં મુંબઈ શેરબજારના આંકડા મુજબ 19 ગુજરાતી કંપનીઓએ એપ્રિલથી સપ્ટેમ્બર દરમ્યાન રૂા.606 કરોડ મેળવ્યા હતા.

તો નેશનલ સ્ટોક એકસચેંજમાં ચુકવે. ગુજરાતની 16 કંપનીઓના આઈપીઓ આવ્યા. જો કે આ એકસચેંજે રાજયવાઈઝ આઈપીઓ મારફત કેટલા નાણા મેળવાયા તે આંકડા જાહેર કર્યા નથી. આમ બન્ને પ્લેટફોર્મ પર ગુજરાતની એસએમઈ નંબર વન બની રહી છે.

જયારે બીજા ક્રમે મહારાષ્ટ્ર આવે છે. જેમાં એપ્રિલ-સપ્ટેમ્બર માસમાં કુલ 32 એસએમઈ આઈપીઓ આવેલા હતા. આ નવા એસએમઈ પ્લેટફોર્મથી નાની કંપનીઓને જાહેર ભરણા મારફત નાણા ઉઘરાવવામાં હવે સરળતા મળી રહે છે.

ગુજરાતમાં મોટા ઉદ્યોગને સપોર્ટ કરતા નાના-મધ્યમ કદના ઉદ્યોગોનું પ્રમાણ વધી રહ્યું છે. જેને લીસ્ટીંગ માટે મોટી કંપનીઓ પણ સહાયતા કરે છે તથા અનેક નાની કંપનીઓ પોતે જ બ્રાન્ડ બની રહી છે જે તેને મુડીની જરૂરીયાતમાં આઈપીઓ એ વધુ સરળતા રહે છે.



નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-6 : અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરામાં સ્થૂળતાના કેસોમાં ઝડપી વધારો, નિષ્ણાતોએ બદલાતી જીવનશૈલીને જવાબદાર ગણાવી

ગુજરાતમાં મહિલાઓમાં મેદસ્વિતા વધી; રાજકોટ ટોપ-ટુમાં સામેલ



અમદાવાદ : નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-6 (એનએફએચએસ-6)ના તાજેતરનાં આંકડા અનુસાર ગુજરાતમાં મહિલાઓમાં ઓવરવેઇટ અને સ્થૂળતાનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. વર્ષ 2019-20(એનએફએચએસ-5)ની સરખામણીએ 2023-24 દરમિયાન રાજ્યનાં ચાર મુખ્ય જિલ્લાઓ અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરામાં સ્થૂળતા ધરાવતી મહિલાઓની સંખ્યામાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. આ તાજા આંકડા મુજબ અમદાવાદમાં સૌથી વધુ 47.6 ટકા મહિલાઓ સ્થૂળતાથી પીડિત છે, જ્યારે રાજકોટમાં 44.5 ટકા, સુરતમાં 42.2 ટકા અને વડોદરામાં 35.9 ટકા ટકાવારી નોંધાઈ છે.

આંકડાઓની સરખામણી કરતાં ખબર પડે છે કે સુરતમાં મહિલાઓની સ્થૂળતાના પ્રમાણમાં સૌથી વધુ 68.12 ટકાનો વધારો થયો છે. એ જ રીતે રાજકોટમાં 58.92 ટકા અને અમદાવાદમાં 58.13 ટકાનો ઉછાળો આવ્યો છે.

જ્યારે વડોદરામાં સૌથી ઓછો 28.67 ટકા વધારો થયો છે. સમગ્ર ગુજરાત રાજ્યની વાત કરીએ તો મહિલાઓમાં સ્થૂળતાનું પ્રમાણ 22.7 ટકાથી વધીને 31.1 ટકા પર પહોંચ્યું છે, એટલે કે રાજ્યસ્તરે 47.4 ટકાનો વધારો થયો છે. વડોદરા સિવાયના બાકીનાં ત્રણેય જિલ્લામાં સ્થૂળતાનો દર રાજ્યનાં સરેરાશ વધારા કરતાં પણ વધુ રહ્યો છે.

આ સર્વેમાં 25 કે તેથી વધુ (બોડી માસ ઇન્ડેક્સ) ધરાવતી મહિલાઓને ઓવરવેઇટ કે સ્થૂળતાની શ્રેણીમાં મુકવામાં આવી છે. નિષ્ણાતો અને તબીબોના જણાવ્યાં મુજબ આ સ્થિતિ માટે મુખ્યત્વે શારીરિક શ્રમનો અભાવ અને ખાવાપીવાની ખોટી આદતો જવાબદાર છે.

સમયસર કસરત કે વર્કઆઉટ ન કરવું અને પૌષ્ટિક ખોરાકને બદલે આધુનિક ફાસ્ટફૂડ કે અનિયમિત આહારશૈલી અપનાવવાને કારણે મહિલાઓમાં વજન વધવાની આ સમસ્યા ઝડપથી વકરી રહી છે.

જમીન બિનખેતી કરતા પહેલા હાઈકોર્ટના ચુકાદાનો અભ્યાસ કરો : કલેક્ટરોને કાયદા-નિયમોનું ચુસ્ત પાલન કરવા સૂચના આપી



અમદાવાદ : જમીનને બિનખેતી (એનએ) કરવાની પ્રક્રિયામાં નિયમોની અવગણનાના કિસ્સાઓ સામે આવ્યા બાદ મહેસૂલ વિભાગે રાજ્યના તમામ કલેક્ટરોને મહત્વની સૂચના આપી છે. હવે કલેક્ટર કક્ષાએ બિનખેતીની પરવાનગીની અરજીઓનો નિકાલ કરતા પહેલા સંબંધિત ગુજરાત હાઈકોર્ટના ચુકાદા અને હુકમોનો કાળજીપૂર્વક અભ્યાસ કરવાનો રહેશે.

તાજેતરમાં સુરેન્દ્રનગરમાં જમીન એનએ કરાવવાના મામલે કૌભાંડ સામે આવ્યું હતું. ત્યારબાદ વાવ-થરાદમાં એક્સપ્રેસ હાઈવે માટે જમીન સંપાદિત થાય તે પહેલાં જ ખેતીની જમીનને ખોટી રીતે બિનખેતી દર્શાવવાનો મામલો પણ બહાર આવ્યો હતો. આ કિસ્સાઓને પગલે મહેસૂલ વિભાગે હવે એનએની પ્રક્રિયામાં વધુ તકેદારી રાખવા કલેક્ટરોને સૂચના આપી છે. વિભાગના પરિપત્ર મુજબ જમીન મહેસૂલ સંહિતાની કલમ-65 હેઠળ બિનખેતીની પરવાનગી આપતી વખતે હાઈકોર્ટના સંબંધિત ચુકાદા અને હુકમોને ધ્યાનમાં રાખીને કાયદેસરની કાર્યવાહી કરવાની રહેશે. અરજીની ચકાસણી દરમિયાન મહેસૂલ સંહિતાની કોઈ જોગવાઈની અવગણના ન થાય તેની પણ તકેદારી રાખવાની રહેશે.

એનએ માટે અરજી કરનાર વ્યક્તિ સંબંધિત જમીનનો કાયદેસર કબજેદાર કે ધારણકર્તા છે કે નહીં તેની ચકાસણી કર્યા બાદ જ અરજીનો નિકાલ કરવાનો રહેશે.

ટેક્ષચોરીમાં કાનુની પ્રક્રિયાની મર્યાદા રૂા.1 કરોડથી વધારી રૂા.5 કરોડ કરવા પ્રસ્તાવ

જીએસટીમાં ધરપકડની સતાના અંત સામે ગુજરાત સહિતના રાજ્યોનો વિરોધ થયો

ટેક્ષ સિસ્ટમમાં વ્યાપક ગેરરીતિ ડામવા અધિકારી પાસે ફોજદારી જેવી સતા જરૂરી: આજે કાઉન્સીલની બેઠકમાં નિર્ણય રિફંડ-આઈટીસીની પ્રક્રિયા સરળ બનાવવા દરખાસ્ત: માળખાને વધુ ટેકનોલોજી આધારીત બનાવાશે



નવી દિલ્હી: ગત વર્ષે ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષમાં સ્લેબમાં ઘટાડા તથા રેટ-કટના રીફોર્મ જેવા મહત્વના પગલા લીધા બાદ આજે મળનારી જીએસટી કાઉન્સીલની મેગા બેઠકમાં હવે આ રાષ્ટ્રવ્યાપી આડકતરી ટેક્ષ પ્રણાલીમાં ખાસ કરીને રિટર્ન-ફાઈલીંગ અને ઈનપુટ ટેક્ષ ક્રેડીટની સીસ્ટમને સરળ બનાવવા ઉફરાંત ટેક્ષ ચોરી ડામવા અને જીએસટી સંબંધી અનેક અપરાધોને 'ક્રિમીનલ લો'ની મર્યાદામાંથી બહાર લેવા અને ખાસ કરીને જીએસટી અધિકારીઓની ધરપકડની સતા પાછી ખેચવા અને યુપીઆઈ ચાર્જ પર જીએસટી અંગે નિર્ણય લેવાશે. નાણામંત્રી નિર્મલા સીતારામનની અધ્યક્ષપદ હેઠળ મળનારી બેઠકમાં ખાસ કરીને જીએસટીમાં બોગસ બિલીંગ તથા ઈનપુટ ટેક્ષ ક્રેડીટના મોટા નાણાકીય કૌભાંડો થઈ રહ્યા છે. તેમાં જીએસટી અધિકારીની સતામાં કાપ મુકવાનો વિરોધ કર્યો છે.


ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર-ઉતરપ્રદેશ-કર્ણાટક તથા આંધ્રપ્રદેશ જેવા રાજ્યો જે જીએસટી કલેકશનમાં મોટું યોગદાન આપે છે. તેણે ખાસ કરીને ગેરરીતિ આચરતા વ્યાપારીઓની ધરપકડ કરવાની સતા પાછી લેવાના પ્રસ્તાવનો વિરોધ કર્યો છે.

તથા નાણાકીય ગોટાળા એ ક્રિમીનલ અપરાધ સમકક્ષ ગણવા જોઈએ તેવી દરખાસ્ત કરી છે. આજની બેઠકમાં જે જે એજન્ડા છે તેના પર છેલ્લા નવ માસથી રાજયો વચ્ચે ચર્ચા થતી હતી અને અનેક રાષ્ટ્રીય-સંકલન તથા વર્કીંગ ગ્રુપની બેઠકો બાદ પ્રસ્તાવ તૈયાર કરાયો હતો. 2017માં જીએસટી લાગુ કર્યા બાદમાં આ પ્રથમ સૌથી મોટો સ્ટ્રકચર સુધારો હશે. આ ઉપરાંત ફોજદારી પ્રક્રિયા માટેની મર્યાદા રૂા.1 કરોડથી વધારી રૂા.5 કરોડ કરવાનો પણ પ્રસ્તાવ છે.

ખાસ કરીને જીએસટીમાં જે રીતે લીટીગેશન વધતુ જાય છે તેમાં 1-2% વ્યાપાર-ઉદ્યોગના એકમો જ સંકળાયેલા છે તેથી તેના આધારે તમામને એક જ પ્રકારના કાનુનથી હાંકી શકાય નહી તે વ્યવસ્થા જેવી હોવાનું કાઉન્સીલ માને છે. તો ઈનપુટ ટેક્ષ ક્રેડીટના અન્ય રાજયોમાં ઉપયોગ અને રીફંડ પ્રક્રિયા ઝડપી બનાવી વ્યાપારીઓની કાર્યકારી મૂડી તાત્કાલીક છુટી થાય તે પણ ચર્ચાના મુદામાં છે તથા જીએસટી માળખાને વધુને વધુ ટેકનોલોજી આધારિત કરવા પણ નિર્ણય લેવાશે તેથી તેમાં માનવીય દરમ્યાનગીરી ઘટશે.

રાષ્ટ્રીય સરેરાશ કરતાં રાજ્યમાં કાર અને ઓટોરિક્ષાનો વપરાશ વધુ ; જ્યારે બસ અને સાયકલનો ઉપયોગ દેશનાં અન્ય રાજ્યો કરતાં ઓછો

ગુજરાતમાં 40 ટકા લોકો રોજની મુસાફરી માટે ટુ-વ્હીલરનો ઉપયોગ કરે છે : NSO સર્વે



નવી દિલ્હી : નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ (NSO) દ્વારા બહાર પાડવામાં આવેલા 'હાઉસહોલ્ડ ટ્રાવેલ ઈન ઈન્ડિયા' સર્વે અનુસાર, ગુજરાતમાં રોજિંદી મુસાફરી માટે ટુ-વ્હીલરનો ઉપયોગ કરનારા લોકોનું પ્રમાણ રાષ્ટ્રીય સરેરાશ કરતાં ઘણું વધારે છે. દેશમાં જ્યાં સરેરાશ 32.2 ટકા લોકો ટુ-વ્હીલર વાપરે છે, તેની સામે ગુજરાતમાં 39.7 ટકા લોકો દૈનિક અવરજવર માટે બાઇક કે સ્કૂટરનો આશ્રય લે છે. ટુ-વ્હીલરના વપરાશમાં સમગ્ર દેશમાં ગુજરાત નવમા ક્રમે આવે છે, જેમાં 72.8 ટકા સાથે મિઝોરમ પ્રથમ સ્થાને છે.

આ સર્વેક્ષણ દર્શાવે છે કે ટુ-વ્હીલર ઉપરાંત ગુજરાતમાં કાર અને ઓટોરિક્ષાનો ઉપયોગ પણ રાષ્ટ્રીય સરેરાશ કરતાં વધુ થાય છે. જોકે, તેની સરખામણીમાં બસ અને

સાયકલ જેવા જાહેર કે પર્યાવરણ અનુકૂળ વાહનોનો ઉપયોગ કરતાં લોકોની સંખ્યા દેશની સરેરાશ કરતાં ઓછી જોવા મળી છે. નિષ્ણાતોના મતે, આ આંકડા ગુજરાતનાં ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં લોકોની વધેલી ગતિશીલતા (મોબિલિટી) અને વ્યક્તિગત વાહનો પરની નિર્ભરતા સ્પષ્ટપણે દર્શાવે છે. રોજિંદા પ્રવાસમાં લાગતાં સમય અને ખર્ચ અંગેના આંકડા મુજબ, ગુજરાતમાં એક વ્યક્તિને પોતાના કાર્યસ્થળ સુધી પહોંચવામાં સરેરાશ 23 મિનિટ અને શિક્ષણ સંસ્થાઓ સુધી પહોંચવામાં 20 મિનિટ જેટલો સમય લાગે છે. રાજ્યમાં આશરે 87.2 ટકા લોકો 30 મિનિટની અંદર પોતાના કામના સ્થળે પહોંચી જાય છે, જ્યારે 91 ટકા વિદ્યાર્થીઓ 30 મિનિટમાં શાળા-કોલેજ પહોંચે છે. પ્રવાસના સરેરાશ ખર્ચની વાત કરીએ તો, ગ્રામીણ વિસ્તારોમાં દૈનિક પ્રવાસ ખર્ચ રૂા.738 અને શહેરી વિસ્તારોમાં રૂા.891 નોંધાયો છે.

મુખ્યમંત્રી દ્વારા મહિલાઓને નવરાત્રીની ભેટ : રાજ્યના 27 જિલ્લાના બસ સ્ટેશનો પર 136 ગ્રામહાટનું ઇ-લોકાર્પણ

મહિલાઓને વિકાસ યાત્રામાં માત્ર લાભાર્થી નહીં, ડેવલોપમેન્ટ પાર્ટનર બનાવવાનો નિર્ધાર : મુખ્યમંત્રી

ગૃહ નારીને લક્ષ્મી સ્વરૂપા બનાવતી સરકારની પહેલનો રાજકોટથી પ્રારંભ, રાજ્યમાં 8.05 લાખથી વધુ બહેનો લખપતિ બની : 18 હજાર ગામોમાં મિલ્ક પાર્લરો શરૂ થશે, 13 જેટલા MOU : રેલ્વે-બસ સ્ટેશનો પર સ્વસહાય જુથની બહેનોના ઉત્પાદનોના વેચાણ માટે કરાશે વ્યવસ્થા, વિચરતી-વિમુક્ત જાતિના 136 પરિવારોને રહેણાંકના પ્લોટની સનદનું વિતરણ











અમદાવાદ : રાજ્યની બહેનોને `નવરાત્રિની ભેટ' આપતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈએ આજે 27 જિલ્લામાં બસ સ્ટેશનો પર સખીમંડળ સંચાલિત 136 ગ્રામહાટનું રાજકોટથી ઈ-લોકાર્પણ કર્યું હતું. આ સાથે તેમણે મહિલાલક્ષી વિવિધ પહેલો સાથે ત્રિ-દિવસીય `સરસ મેળા'નો શુભારંભ કરાવ્યો હતો. `ગૃહ નારી'ને `લક્ષ્મી સ્વરૂપા' બનાવતી આ પહેલોની જાહેરાતને રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે સભામાં ઉપસ્થિત હજારો બહેનોએ હર્ષભેર વધાવી લીધી હતી.

રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે ગ્રામવિકાસ વિભાગ અને ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જનમેદનીને સંબોધન કર્યું હતું. જેમાં તેમણે જણાવ્યું હતું કે, મહિલાઓને વિકાસયાત્રામાં માત્ર લાભાર્થી નહીં, પરંતુ ડેવલપમેન્ટ પાર્ટનર બનાવવાનો વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો નિર્ધાર છે.

મહિલાઓને આર્થિક પગભર બનાવવાના ભાગરૂપે આજે અનેક નવી પહેલો શરૂ કરવા બદલ તેમણે મંત્રી અને વિભાગને અભિનંદન પાઠવતા કહ્યું હતું કે, રાજ્યના 136 બસ સ્ટેશનોમાં સખીમંડળ સંચાલિત ગ્રામહાટના શુભારંભ સાથે અહીં 13 જેટલા એમઓયુ થયા છે.

બસ સ્ટેશનો અને રેલવે સ્ટેશન પર સ્વસહાય જૂથની બહેનોના ઉત્પાદનના વેચાણ માટે વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. જેનાથી ગ્રામીણ માતા-બહેનોના હસ્તકલા ઉત્પાદનો અને ગૃહ ઉદ્યોગની ખાદ્ય સામગ્રીઓને વિશાળ બજાર મળશે અને વડાપ્રધાનશ્રીએ આપેલો વોકલ ફોર લોકલ મંત્ર સાર્થક થશે. રાજ્ય સરકારની મહિલાલક્ષી વિશેષ પહેલનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, મહિલાઓને સફળ ડિજિટલ ઉદ્યોગ સાહસિક બનાવવા એન.આઈ.એફ.ટી., માઈકા, ડી.ડબલ્યુ.આઈ.આઈ. જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓ દ્વારા મહિલા ઉદ્યમીઓને મેન્ટરશિપ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.

ગ્રામીણ મહિલાઓના આર્થિક સશક્તિકરણ માટે સરકારની પહેલ વિશે તેમણે કહ્યું હતું કે, પશુપાલન અને દૂધ મંડળીઓના કારોબારમાં 4500 મહિલા મંડળીઓ સાથે ગ્રામીણ મહિલા સશક્તિકરણનું મોટું યોગદાન છે. વિશ્વની પ્રખ્યાત બ્રાન્ડ અમૂલ દ્વારા રાજ્યમાં 18 હજાર ગામોમાં મહિલા સંચાલિત મિલ્ક પાર્લર શરૂ કરવામાં આવશે. આ માટે આજે જી.એલ.પી.સી. અને અમૂલ વચ્ચે એમ.ઓ.યુ. થયા છે.

મુખ્યમંત્રીએ આજના પ્રસંગને શક્તિ ઉપાસનાના પર્વ પહેલા નારીશક્તિને સમૃદ્ધ કરવાની ગુજરાત સરકારની પ્રતિબદ્ધતાનો અવસર ગણાવ્યો હતો. વડાપ્રધાનના `વુમન લેડ ડેવલપમેન્ટ'ના મિશનનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજ્યભરમાં અઢી લાખ જેટલા સખીમંડળોની 30 લાખ ગ્રામીણ બહેનો પોતાના કૌશલ્યથી માતબર આર્થિક આવક મેળવતી થઈ છે. આ બહેનોના વ્યવસાયના વિકાસ માટે તેમજ મહિલાઓ ઉદ્યોગ સાહસિક બનીને રોજગારી સર્જક અને રોજગારદાતા બને તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ હોવાનું તેમણે જણાવ્યું હતું. મહિલાઓની આર્થિક ઉન્નતિ માટે નાણાંની પૂરતી વ્યવસ્થા હોવાનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે, રાજ્ય સરકારે આ ક્ષેત્રે ગયા વર્ષે રૂ. 800 કરોડની સહાય આપી છે અને આવનારા વર્ષોમાં અનેકગણી વધુ સહાય આપવા સરકારની તૈયારી છે.

મહિલાઓને આત્મનિર્ભર બનાવવાના કેન્દ્ર તથા ગુજરાત સરકારના વિઝન વિશે તેમણે કહ્યું હતું કે, વર્ષ 2029 સુધીમાં દેશમાં 6 કરોડ લખપતિ દીદી બનાવવાની વડાપ્રધાનની નેમ છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં 8.5 લાખથી વધુ બહેનો લખપતિ દીદી બની ચૂકી છે. આ સિદ્ધિઓ વડાપ્રધાનશ્રીના વિઝન, સખી મંડળોની મહેનત અને બહેનોની હિંમતનું પરિણામ હોવાનું પણ તેમણે કહ્યું હતું. આજે શરૂ થયેલી પહેલો ગ્રામીણ ગુજરાતની આવનાર સમયની સમૃદ્ધિનો પાયો બનશે તેવો વિશ્વાસ પણ મુખ્યમંત્રીશ્રીએ આ તકે વ્યક્ત કર્યો હતો. આ અવસરે રાજકોટ જિલ્લા પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં નરેન્દ્રભાઈ મોદી દ્વારા લાઈવલીહુડ પ્રમોશન કંપનીની સ્થાપના કરવામાં આવી હતી, જેના પરિણામે સખી મંડળોની રચના થઈ અને મહિલાઓના જીવનમાં સકારાત્મક બદલાવ આવ્યો છે.

ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ મહિલા સશક્તિકરણ અને ગ્રામીણ વિકાસ ક્ષેત્રે અદભુત ક્રાંતિ આવી છે. રાજ્યભરમાં કાર્યરત અંદાજે 03 લાખથી વધુ સખી મંડળો થકી મહિલાઓ આર્થિક રીતે આત્મનિર્ભર અને સશક્ત બની રહી છે. આજે કાર્યક્રમમાં થયેલા વિવિધ એમ.ઓ.યુ.નો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે, સહકાર અને પશુપાલન વિભાગના સંકલનથી મહિલાઓની આર્થિક ઉડાનને પાંખો મળશે. આજના અવસરને તેમણે મહિલાઓના આર્થિક ઉત્કર્ષનો પ્રસંગ ગણાવ્યો હતો. જ્યારે ગ્રામવિકાસ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સુશાસન અને જનસેવાથી રાષ્ટ્રસેવાના 25 વર્ષ દરમિયાન અનેક ગ્રામીણ મહિલાઓ આત્મનિર્ભર બની છે.ગ્રામીણ મહિલાઓના આર્થિક સશક્તિકરણની દિશામાં `મિશન મંગલમ' અભિયાન મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. ગ્રામીણ મહિલાઓ માત્ર ઘર સંભાળવા પૂરતી સીમિત નથી રહી, પરંતુ પોતાની કલા અને કૌશલ્ય થકી રાજ્ય અને રાષ્ટ્રના વિકાસમાં અમૂલ્ય યોગદાન આપી રહી છે.છેલ્લા પાંચ વર્ષ દરમિયાન રાજ્યભરમાં યોજાયેલા 236 જેટલા સરસ મેળામાં 8500 જેટલા સ્વસહાય જૂથોએ અંદાજે રૂ. 40 કરોડ જેટલું વેચાણ કર્યું છે. આ મેળાના માધ્યમથી બહેનોની હસ્તકલા અને ઉત્પાદનોને બજાર પૂરું પાડવામાં આવે છે, જેથી તેઓ આર્થિક રીતે મજબૂત બની શકે.

આ પ્રસંગે અંત્યોદયના ભાવને સાકાર કરતા વિચરતી વિમુક્ત જાતિના જિલ્લાના 139 પરિવારોને રહેણાંક હેતુ માટે પ્લોટનું વિનામુલ્યે વિતરણ પણ મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ તકે મેયર ડો. નેહલ શુક્લ, જિલ્લા પંચાયત પ્રમુખ સંજયભાઈ પીપળીયા, સાંસદ પરશોત્તમભાઈ રૂપાલા, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા, ડો. મહેન્દ્રભાઈ પાડલીયા, જયેશભાઈ રાદડીયા, દુર્લભજીભાઈ દેથરિયા, મેઘજીભાઈ ચાવડા, ગ્રામ વિકાસ વિભાગના કમિશનર અને અગ્રસચિવ ધનંજય દ્વિવેદી, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, જિલ્લા કલેક્ટર ડો.ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક (ઈ) પ્રિયંક ગલચર, અગ્રણી માધવભાઈ દવે, સખી મંડળની મહિલાઓ તેમજ નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીના કાર્યક્રમમાં સ્વાગતને લઈ હાસ્યાસ્પદ દ્રશ્યો : મેયરનું નામ બોલતા જ ધારાસભ્ય પાડલીયા સ્ટેજ પર ચડી ગયા મેયર સહિતના પદાધિકારીઓ સ્વાગત કરવાથી રહી ગયા

રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડમાં આજે યોજાયેલ મુખ્યમંત્રીના કાર્યક્રમમાં સ્વાગતને લઈને હાસ્યાસ્પદ દ્રશ્યો સર્જાયા હતા. મુખ્યમંત્રીના આ કાર્યક્રમમાં સ્વાગત માટે ધારાસભ્ય પાડલીયાનું નામ હજુ બોલાયુ ન હતું તેમ છતાં તેઓ મુખ્યમંત્રીના સ્વાગત માટે સ્ટેજ પર પહોંચી ગયા હતા. કાર્યક્રમમાં મુખ્યમંત્રીના સ્વાગત માટે મેયર નેહલ શુકલનું નામ બોલાયું હોવા છતાં તેઓએ સ્ટેજ પર તાબડતોબ પહોંચી મેયર જે સુતરની આંટીથી મુખ્યમંત્રીનું સ્વાગત કરનાર હતા તે સુતરની આંટી લઈ તેઓએ મુખ્યમંત્રીનું સ્વાગત ન કરતા કાર્યક્રમમાં હાસ્યાસ્પદ દ્રશ્યો સર્જાયા હતા. જેના કારણે મેયર સહિતના અનેક પદાધિકારીઓ મુખ્યમંત્રીના સ્વાગત કરવાથી બાકાત રહી ગયા હતા ધારાસભ્ય મહેન્દ્ર પાડલીયાએ સ્વાગતમાં કરેલ આ ઉતાવળ ભારે ચર્ચાસ્પદ બની છે.

રેસકોર્સ ગ્રાઉન્ડમાં ત્રણ દિ'ના સરસ મેળાનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી સ્વસહાય જુથની બહેનો સાથે સંવાદ કર્યો

મુખ્યમંત્રીએ રેસકોર્સ ખાતે આયોજિત ત્રિદિવસીય સરસ મેળાનો પણ પ્રારંભ કરાવ્યો હતો તેમજ સ્વ સહાય જૂથની બહેનો સાથે સંવાદ કર્યો હતો. જેમાં બહેનોએ મુખ્યમંત્રીનું અભિવાદન કર્યું હતું તેમજ કલા કારીગરીના નિદર્શન અને રોજગારી માટે સરસ મેળાનો `સરસ મંચ' આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. સંવાદમાં બહેનોએ કહ્યું હતું કે, અહીં અમારે સ્ટોલનું કોઈ ભાડું નથી આપવું પડતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ તરફથી બહેનોને આ સ્ટોલ વિનામૂલ્યે ફાળવવામાં આવ્યા છે. સ્વ સહાય જૂથની બહેનો દ્વારા ઉત્પાદિત ઉત્પાદનોના માર્કેટિંગ અને વેચાણ માટે જગ્યા અને બજાર મળે તે હેતુથી જી.એલ.પી.સી. દ્વારા રેલવે, જી.એસ.આર.ટી.સી., રાજ્યના પશુપાલન અને સહકાર વિભાગ, અમૂલ, માઇકા, ઈ.ડી.આઈ.આઈ., એન.આઈ.એફ.ટી., સરદાર પટેલ એગ્રીકલ્ચર યુનિવર્સિટી તેમજ એસ.બી.આઈ., પી.એન.બી., આઈ.સી.આઈ.સી.આઈ., બી.ઓ.બી., સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયા સાથે મળીને 13 સમજૂતિ કરાર કરવામાં આવ્યા હતા. ઉપરાંત વિવિધ સ્વસહાય જૂથને અમૂલ પાર્લર એલોટમેન્ટ લેટર, રૂ. 45 લાખના કેશ ક્રેડિટ ચેક અને ડેરી સાથે સંકળાયેલા સ્વસહાય જૂથને રૂ. 40 લાખના કેશ ક્રેડિટ ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ અન્ય સખી મંડળોને ઈ-કોમર્સ ઈન્સેન્ટિવના કુલ રૂ. 1,08,640ના ચેક એનાયત કરાયા હતા.

પગપાળા જવાથી ઓછો થાય છે કિશોરોનો તણાવ

ખાનગી PTC કોલેજો 20 હજારથી વધુ ફી વસુલી શકશે નહીં

પ્રવેશ કન્ફર્મેશન વખતે માત્ર રૂા.5 હજારની ફી લેવા આદેશ, `ફી'નો મામલો હાઇકોર્ટમાં પેન્ડીંગ હોય, જુના માળખા મુજબ વસુલાત: પ્રવેશ સમિતિ દ્વારા કોલેજોને કરી તાકીદ



અમદાવાદ : રાજ્યની ડિપ્લોમા ઈન એલિમેન્ટરી એજ્યુકેશન કોલેજોમાં પ્રવેશ માટે આજે, તા.9 ઓક્ટોબરે પ્રથમ તબક્કાનું એલોટમેન્ટ કરવામાં આવશે. પ્રવેશ પ્રક્રિયા શ થાય તે પહેલાં જ પ્રવેશ સમિતિએ રાજ્યની તમામ ખાનગી PTC કોલેજોને ફી વસૂલાત અંગે કડક સૂચનાઓ આપી છે. સમિતિએ સ્પષ્ટ કર્યું છે કે હાલ ખાનગી PTC કોલેજો વાર્ષિક રૂ.20 હજારથી વધુ ફી વસૂલી શકશે નહીં. કોઈ કોલેજ નિયત ફી કરતાં વધુ રકમની માંગણી કરશે તો તેની સામે શિસ્તભંગની સાથે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

પ્રથમ તબક્કામાં જે વિદ્યાર્થીઓને કોલેજ ફાળવવામાં આવશે અને તેઓ પ્રવેશ કન્ફર્મ કરવા જશે, ત્યારે કોલેજે માત્ર .5 હજાર જ ફી તરીકે લેવાની રહેશે. બાકીની ફી નિયમ મુજબ બાદમાં ભરવાની રહેશે. પ્રથમ તબક્કે નિયત મર્યાદા કરતાં વધુ રકમ વસૂલવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

PTC કોલેજોનું વર્તમાન ફી માળખું વર્ષ 2006માં નક્કી કરવામાં આવ્યું હતું, જેમાં વાર્ષિક ફી .20 હજાર રાખવામાં આવી હતી. ત્યારબાદ અત્યાર સુધી આ ફીમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. ચાલુ શૈક્ષણિક વર્ષ માટે પણ સરકારે ફીમાં વધારો જાહેર કર્યો નથી.

દરમિયાન ખાનગી PTC કોલેજ સંચાલકોએ ફીમાં વધારો કરવાની માંગ સાથે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી છે. આ મામલો હાલ કોર્ટમાં પેન્ડિંગ છે અને તેનો આખરી ચુકાદો આવ્યો નથી. તેથી હાઈકોર્ટનો અંતિમ ચુકાદો ન આવે ત્યાં સુધી જૂના ફી માળખા કરતાં એક પણ પિયો વધુ વસૂલી શકાશે નહીં, તેવી સ્પષ્ટતા પ્રવેશ સમિતિએ કરી છે. કોર્ટના ચુકાદા બાદ જ ફી અંગે આગળનો નિર્ણય લેવામાં આવશે.

રાજ્ય સરકારે શિક્ષકોની ભરતીનું કેલેન્ડર જાહેર કર્યા બાદ છેલ્લા બે વર્ષથી પ્રમાણમાં ઠંડો પડેલો PTC કોર્સ ફરી વિદ્યાર્થીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. રાજ્યની PTC કોલેજોમાં આશરે 19 હજાર બેઠકો ઉપલબ્ધ છે, જ્યારે ચાલુ વર્ષે 50 હજારથી વધુ વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે નોંધણી કરાવી છે. બેઠકો કરતાં બે ગણીથી પણ વધુ અરજીઓ આવતા આ વખતે પ્રવેશ માટે ભારે સ્પર્ધા જોવા મળશે.

પ્રવેશ પ્રક્રિયા વચ્ચે PTC કોલેજોના 15 ટકા મેનેજમેન્ટ ક્વોટાની ફીનો મુદ્દો પણ ચર્ચામાં આવ્યો છે. વાલીઓ તરફથી ફરિયાદો કરવામાં આવે છે કે મેનેજમેન્ટ ક્વોટાની બેઠકોમાં કેટલીક ખાનગી કોલેજો મનસ્વી રીતે મોટી રકમ ફી તરીકે વસૂલે છે.

મેડિકલ અને ટેકનિકલ શિક્ષણમાં જેમ ફી રેગ્યુલેટરી કમિટી (PTC) દ્વારા સ્ટેટ ક્વોટા અને મેનેજમેન્ટ ક્વોટા બંનેની ફી અગાઉથી નક્કી કરવામાં આવે છે, તેવી જ રીતે PTC કોલેજોના મેનેજમેન્ટ ક્વોટાની ફી પણ સરકાર સત્તાવાર રીતે નક્કી કરે, તેવી માંગ વાલીઓ કરી રહ્યા છે.

વાલીઓના જણાવ્યા મુજબ, મેનેજમેન્ટ ક્વોટા માટે પણ સરકાર દ્વારા ફીની મર્યાદા નક્કી કરવામાં આવે તો ખાનગી કોલેજો દ્વારા થતી મનસ્વી અને ગેરકાયદે ફી વસૂલાત પર કાયમી અંકુશ લાવી શકાય તેમ છે.

સત્યનો વિજય થશે જ કાયદાકીય વ્યવસ્થા પર અમને પુરો ભરોસો : દર્શન શાહ



અમદાવાદ : અમદાવાદની ગરબા ઈવેન્ટમાં સ્પોન્સર્સ સામે વિશ્વાસઘાતમાં કલાકાર કિર્તીદાન ગઢવીનાં ઈશારે પોલીસે બે ફરિયાદ લઈ ઈન્વેટમાં પાર્શ્વ જ્વેલર્સનાં દર્શનભાઈ શાહને કોઈ લેવાદેવા નથી છતાં તેમને પોલીસ દ્વારા માનસીક રીતે પરેશાન કરતા સત્યનો વિજય થશે જ અને કાયદાકીય વ્યવસ્થા પર અમને પુરો ભરોસો છે તેમ દર્શનભાઈ શાહે જણાવ્યું છે.

દર્શનભાઈ શાહના જણાવ્યા પ્રમાણે ગરબા આયોજનમાં નાણાંકીય ગોલમાલ થતાં અમદાવાદના પરમાર જયેશભાઈ નારાયણભાઈ દ્વારા ડીસીબી અમદાવાદમાં કલાકાર કિર્તીદાન ગઢવી તેમના પુત્ર સહિત પાંચ સામે સ્પોન્સર્સના રૂપિયા ઓળવી ગયાની ફરિયાદ આપેલ જે આજ સુધી ગુનો નોંધેલ નથી.

કિર્તીદાન ગઢવીના ઈશારે પોલીસે એક જ કેસની બે ફરિયાદ પોલીસે લીધી હોવા છતા આક્ષેપ સાથે સત્યનો વિજય થશે જ અને કાયદાકીય વ્યવસ્થા પર અમને પુરો ભરોસો છે. તેમ દર્શન શાહે જણાવ્યું છે.

ખાનગી શાળાઓના પ્રશ્નો અને શિક્ષણ સુધારા વિધેયકના વિરોધના મુદ્દે સંચાલકોમાં દ્વીધાભરી સ્થિતિ

એક સંગઠનનું અસહકાર આંદોલન, FRCમાં ફી વધારાની દરખાસ્ત - એફીડેવિટ નહીં કરવા તાકીદ તો બીજાનું સરકાર સાથે સંવાદ જાળવી ધીરજ રાખવા આહવાન



અમદાવાદ : ગુજરાતની ખાનગી શાળાઓના પડતર પ્રશ્નો અને તાજેતરમાં રજૂ થયેલા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક-2026ના વિરોધને લઈને ખાનગી શાળાઓના બે મુખ્ય સંગઠનોના અલગ-અલગ વલણથી રાજ્યભરના શાળા સંચાલકોમાં મૂંઝવણ ઊભી થઈ છે.

એક સંગઠને સરકાર સામે અસહકાર આંદોલનનો માર્ગ અપનાવ્યો છે, જ્યારે બીજા સંગઠને સરકાર સાથે ચર્ચા દ્વારા પ્રશ્નો ઉકેલાવાની આશા વ્યક્ત કરી સંચાલકોને ધીરજ રાખવાની અપીલ કરી છે.

સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળ દ્વારા સભ્ય શાળાઓને અસહકાર આંદોલન અંતર્ગત કડક સૂચનાઓ આપવામાં આવી છે. સંગઠનનું કહેવું છે કે શિક્ષણ વિભાગ અને સરકાર સમક્ષ વારંવાર રજૂઆતો છતાં પડતર પ્રશ્નોનો હકારાત્મક ઉકેલ આવ્યો નથી. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા શિક્ષણ સુધારા વિધેયકમાં ખાનગી શાળાઓને લાગુ ન પડતી કેટલીક જોગવાઈઓનો સમાવેશ કરાયો હોવાનો સંગઠનનો આક્ષેપ છે.

આ વિરોધના ભાગપે સંગઠને જ્યાં સુધી આગળનો આદેશ ન આપવામાં આવે ત્યાં સુધી માં ચાર્જ ઓનન ફી વધારા માટેની દરખાસ્ત અથવા એફિડેવિટ રજૂ નહીં કરવા સભ્ય શાળાઓને સૂચના આપી છે. સાથે જ પત્રિકાઓ સહિતની વિવિધ સરકારી પ્રવૃત્તિઓમાં સંપૂર્ણ અસહકાર દર્શાવવા પણ આહ્વાન કરાયું છે.

બીજી તરફ, રાજ્ય શાળા સંચાલક મહામંડળ દ્વારા અલગ વલણ અપનાવવામાં આવ્યું છે. સંગઠને શિક્ષણ સુધારા વિધેયક-2026,FRC, RTE રિએમ્બર્સમેન્ટ, શાળાની વહીવટી સ્વાયત્તતા, કમ્પલાયન્સનું સરળીકરણ, વિદ્યાર્થી-વાલી કોષ માટે એક ફંડ, શાળા-સ્ટાફની સુરક્ષા સહિતના 10 મુખ્ય મુદ્દાઓ અંગે સરકાર સાથે ચર્ચા માટે સમય માંગ્યો છે.

સંગઠનના જણાવ્યા મુજબ, સરકાર તરફથી આ પ્રશ્નો અંગે હકારાત્મક ચર્ચા-વિચારણા કરીને યોગ્ય નિર્ણય લેવાની ખાતરી આપવામાં આવી છે. તેથી સરકાર સાથેની આખરી બેઠક અને તેના પરિણામ સુધી તમામ શાળાઓને ધીરજ રાખવા તથા સંવાદની પ્રક્રિયા પૂર્ણ થવા દેવા અપીલ કરવામાં આવી છે.

શાળા સંચાલક મહામંડળે સ્પષ્ટ કર્યું છે કે, સરકાર સાથેની બેઠકના પરિણામ બાદ જ સંચાલકો સાથે પરામર્શ કરીને આગળના પગલાં નક્કી કરવામાં આવશે. આમ, એક તરફ FRCની દરખાસ્ત અટકાવી અસહકાર આંદોલન આગળ ધપાવવાની સૂચના છે.

જ્યારે બીજી તરફ સરકાર સાથે શાંતિપૂર્ણ સંવાદ દ્વારા ઉકેલ લાવવાનો અભિગમ અપનાવવામાં આવ્યો છે. બે મોટા સંગઠનોના આ અલગ-અલગ વલણને કારણે રાજ્યભરના ખાનગી શાળા સંચાલકો સામે હાલ કઈ દિશામાં આગળ વધવું તે અંગે દ્વિધાની સ્થિતિ સર્જાઈ છે.

કંડલા-મુન્દ્રા સહિત 25 સ્થળે DRI ના દરોડા : રૂ.2,000 કરોડના શંકાસ્પદ એક્સપોર્ટ વ્યવહારોની તપાસ

પાકિસ્તાનથી આયાતી મીઠાના નામે કરોડોની કસ્ટમ ડ્યુટી ચોરી પ્રકરણની તપાસનો ધમધમાટ

અમદાવાદ: પાકિસ્તાનથી મીઠાની આયાત અને તમાકુની નિકાસના નામે કસ્ટમ ડ્યુટી ચોરી તથા શંકાસ્પદ એક્સપોર્ટ વ્યવહારોની તપાસમાં ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI) દ્વારા કંડલા, મુન્દ્રા, ગાંધીધામ અને વેરાવળ સહિતના વિસ્તારોમાં આશરે 25 સ્થળે દરોડા પાડવામાં આવ્યા છે. છેલ્લા છ મહિનામાં રૂ.2,000 કરોડથી વધુના શંકાસ્પદ એક્સપોર્ટ વ્યવહારોની તપાસ હાથ ધરાઈ છે.


DRI ની પ્રાથમિક તપાસમાં અગાઉ સેન્ટેડ તમાકુની ખોટી રીતે નિકાસ કરવાની મામલાની તપાસ દરમિયાન કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાંથી શંકાસ્પદ રીતે માલ એક્સપોર્ટ થતો હોવાની વિગતો સામે આવી હતી. ત્યારબાદ તપાસનો દોર પાકિસ્તાનથી થતી મીઠાની આયાત સુધી પહોંચ્યો હતો. આયાતી મીઠામાં મિસ-ડિક્લેરેશન કરાતું હોવાની માહિતીના આધારે DRIએ કાર્યવાહી હાથ ધરી હતી. કંડલા પોર્ટ પર પાંચ કન્ટેનરો રોકવામાં આવ્યા છે, જ્યારે અગાઉ પોર્ટમાંથી નીકળી ગયેલા આશરે 400 કન્ટેનરોની પણ તપાસ કરવામાં આવી રહી છે. તપાસનો વ્યાપ ગાંધીધામ, કંડલા, વેરાવળ, ભાવનગર સહિત ગુજરાતના અન્ય વિસ્તારો સુધી લંબાયો હોવાનું જાણવા મળે છે.

કંડલા પોર્ટ પર પાંચ કન્ટેનર રોકવામાં આવ્યા છે, જ્યારે અગાઉ પોર્ટ પરથી નીકળી ગયેલા આશરે 400 કન્ટેનરની પણ તપાસ ચાલી રહી છે. પાકિસ્તાનથી શ્રીલંકા અને ત્યાંથી દુબઈ મારફતે કંડલા ખાતે આયાત દર્શાવી ખોટા દસ્તાવેજો તૈયાર કરવામાં આવ્યા હોવાની પણ આશંકા તપાસ હેઠળ છે. DRI દ્વારા ગાંધીધામના કેટલાક આયાતકારોની પૂછપરછ કરવામાં આવી રહી છે. દરમિયાન આશરે રૂ.15 કરોડનો આયાતી માલ સ્થાનિક બજારમાં ડાયવર્ટ થાય તે પહેલાં અટકાવવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.



આયુર્વેદ - હોમિયોપેથી કોલેજોનું બીજા રાઉન્ડનું એલોટમેન્ટ જાહેર, પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ તા.13 ઓક્ટો. સુધીમાં ફી ભરી શકશે

આયુર્વેદની તમામ 2442 બેઠકો ભરાઇ, હોમિયોપેથીની હજુ 1316 સીટો ખાલી



અમદાવાદ : શૈક્ષણિક વર્ષ 2026-27 માટે આયુર્વેદ (BAMS) અને હોમિયોપેથી (BAMS)ના પ્રવેશ માટે બીજા ઓનલાઈન રાઉન્ડનું પરિણામ પ્રવેશ સમિતિએ જાહેર કર્યું છે. બીજા રાઉન્ડ બાદ આયુર્વેદની સ્ટેટ અને ઓલ ઈન્ડિયા ક્વોટાની તમામ બેઠકો ભરાઈ ગઈ છે, જ્યારે હોમિયોપેથીમાં કુલ 1316 બેઠક ખાલી રહી છે.

આયુર્વેદની કુલ 2442 બેઠકો ભરાઈ ગઈ છે. જ્યારે હોમિયોપેથીની કુલ 4174 બેઠકોમાંથી 2858 બેઠક ફાળવાઈ છે અને 1316 બેઠક ખાલી રહી છે. સ્ટેટ ક્વોટાની કુલ 5744 બેઠકોમાંથી 4799 બેઠક ફાળવાઈ છે. તેમાં BAMSની તમામ 2133 બેઠકો ભરાઈ ગઈ છે, જ્યારે ની 3611માંથી 2666 બેઠક ફાળવાઈ અને 945 બેઠક ખાલી છે. સ્ટેટ ક્વોટામાં 2330 નવા પ્રવેશ, 728 પ્રવેશમાં ફેરફાર અને 1741 પ્રવેશ યથાવત રહ્યા છે.

15 ટકા SFI-ઓલ ઈન્ડિયા ક્વોટાની 872 બેઠકોમાંથી 501 ફાળવાઈ છે. તેમાં BAMSની તમામ 309 બેઠકો ભરાઈ ગઈ છે, જ્યારે ની 563માંથી 192 બેઠક ફાળવાઈ અને 371 બેઠક ખાલી છે. આ ક્વોટામાં 202 નવા પ્રવેશ, 55 પ્રવેશમાં ફેરફાર અને 244 પ્રવેશ યથાવત રહ્યા છે.

બીજા રાઉન્ડમાં ફાળવણી મેળવનારા વિદ્યાર્થીઓ 13 ઓક્ટોબર સુધી ઓનલાઈન ટ્યુશન ફી ભરી શકશે. HDFC બેંકની શાખામાં પણ 9થી 13 ઓક્ટોબર સુધી ફી ભરવાની રહેશે. વિદ્યાર્થીઓએ 14 ઓક્ટોબર સુધી હેલ્પ સેન્ટર ખાતે રિપોર્ટિંગ કરી અસલ પ્રમાણપત્રો જમા કરાવવાના રહેશે.

હેલ્પ સેન્ટર સોમવારથી શુક્રવાર સવારે 10થી સાંજે 4 અને શનિવારે સવારે 10થી બપોરે 12 વાગ્યા સુધી કાર્યરત રહેશે. મેડિકલ-ડેન્ટલમાં મળેલો પ્રવેશ રદ કરાવવો હોય તેવા વિદ્યાર્થીઓએ 9 ઓક્ટોબરે પોતાના મૂળ હેલ્પ સેન્ટર પર બ જઈ પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.

ડીમોલીશન કરનાર કર્મચારીઓ પાસેથી નાણાં વસુલી શકે છે: કોર્પોરેશન વચનમાંથી ફરી જાય તે મંજુર નથી

સૌરાષ્ટ્ર - ઉત્તર ગુજરાતમાં દુકાળની ભીતિ, પશુપાલકો માટે ઘાસચારાની માંગ

ભાજપના પૂર્વ મંત્રી રાઘવજી પટેલ સહિત આગેવાનોની રજૂઆત; આગામી કેબિનેટ બેઠકમાં દુષ્કાળ અંગે નિર્ણયની શક્યતા

ગાંધીનગર : ગુજરાતમાંથી ચોમાસાની વિદાય બાદ અનિયમિત વરસાદની વિપરીત અસર હવે ખેતી અને પશુપાલન ક્ષેત્રે દેખાવા લાગી છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ઘાસચારાની સમસ્યા ઊભી થતાં પશુપાલકોના સ્થળાંતરની ભીતિ વ્યક્ત કરવામાં આવી છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને ભાજપના આગેવાનો દ્વારા સરકાર સમક્ષ તાત્કાલિક રાહત અને ઘાસચારાની વ્યવસ્થા કરવાની માંગ કરવામાં આવી છે.

રાજ્યમાં 2026ના ચોમાસા દરમિયાન સરેરાશ વરસાદમાં 10 ટકાથી વધુની ઘટ નોંધાઈ છે. ઝોન પ્રમાણે કચ્છમાં 57.50 ટકા, સૌરાષ્ટ્રમાં 71.43 ટકા અને ઉત્તર ગુજરાતમાં 71.04 ટકા વરસાદ નોંધાયો છે. બીજી તરફ દક્ષિણ ગુજરાતમાં 114.23 ટકા વરસાદ પડ્યો છે.

કૃષિ વિભાગના એક ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ, આ વર્ષે વરસાદની સ્થિતિમાં જિલ્લા, તાલુકા અને તાલુકાના ગામો વચ્ચે પણ મોટો તફાવત જોવા મળ્યો છે. પોતાની સિંચાઈની સુવિધા ધરાવતા ખેડૂતોને પાકમાં થોડી રાહત મળી હતી, પરંતુ કેનાલ પર નિર્ભર ખેડૂતોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. અનિયમિત વરસાદના કારણે પાક તો થયો, પરંતુ પાકને અંતિમ પાણી આપવાના સમયે વરસાદ કે સિંચાઈનું પાણી ન મળતાં ઉત્પાદન સામે પ્રશ્ન ઊભો થયો છે.

સત્વરે દુષ્કાળ જાહેર કરવાની માંગ

પૂર્વ કૃષિમંત્રી અને ધારાસભ્ય રાઘવજી પટેલે સરકાર સમક્ષ સત્વરે દુષ્કાળ જાહેર કરી ખેડૂતો અને પશુપાલકો માટે રાહત સહાય જાહેર કરવાની માંગ કરી છે. સાથે જ સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના અસરગ્રસ્ત વિસ્તારોમાં ઘાસચારાની વ્યવસ્થા શરૂ કરવાની પણ માંગ ઉઠી છે.

દરમિયાન, આગામી ટૂંક સમયમાં આપત્તિ વ્યવસ્થાપનના ધોરણો મુજબ સર્વેની કામગીરી શરૂ કરવાની તૈયારીઓ તંત્ર દ્વારા કરવામાં આવી રહી છે. જોકે, આ વર્ષે વરસાદમાં વિસ્તારો પ્રમાણે ભારે તફાવત હોવાથી ગામ કે તાલુકાને એકમ ગણી સર્વે કરવો પડકારરૂપ બની શકે છે.

જળાશયોમાં પાણીનો જથ્થો પણ ચિંતાનો વિષય

હાલ નર્મદા ડેમમાં આશરે 90 ટકા, ધરોઈમાં 68 ટકા, કડાણામાં 75 ટકા, કરજણમાં 72 ટકા, ઉકાઈમાં 60 ટકા, ધમણગંગામાં 100 ટકા, મચ્છુ-2માં 80 ટકા અને શેત્રુંજીમાં 100 ટકા પાણીનો જથ્થો છે. જ્યારે અન્ય સિંચાઈ વિભાગના જળાશયોમાં સરેરાશ આશરે 60 ટકા જ પાણી ઉપલબ્ધ હોવાનું જણાવાયું છે.



આ સ્થિતિમાં ઉપલબ્ધ પાણીનો જથ્થો રવિ સિઝનના પાક માટે કેટલો ઉપયોગ કરી શકાશે તે પણ મહત્વનો પ્રશ્ન બન્યો છે. સમગ્ર સ્થિતિને ધ્યાનમાં રાખીને આગામી કેબિનેટ બેઠકમાં દુષ્કાળ અંગે આખરી નિર્ણય લેવાય તેવી શક્યતા છે.

આજથી આકાશમાં ડ્રકોનીકસ ઉલ્કા વર્ષાનો અદ્ભૂત નજારો



દુનિયાભરમાં અવકાશમાં ડ્રકોનીકસ ઉલ્કા વર્ષાનો નજારો જોવા મળશે, આજથી શનિવાર સુધી અને તા.8મીએ આકાશમાં મહતમ ઉલ્કા ખરતી જોવા મળશે, વહેલી સાંજ અને મધ્ય રાત્રિ બાદ પરોઢે નિહાળવાનો શ્રેષ્ઠ સમય, પ્રારંભે કલાકની 10, ત્યારબાદ કલાકના 50 થી 100 વચ્ચે ઉલ્કા ખરતી જોવા મળશે

અમદાવાદ: દુનિયાભરમાં આજથી ચાર દિવસ સુધી આકાશમાં ડ્રકોનીકસ ઉલ્કા વર્ષાનો અદભૂત નજારો જોવા મળશે. સ્વચ્છ આકાશમાં પ્રારંભે કલાકની 10, ત્યારબાદ કલાકના 50 થી 100 વધુ ઉલ્કા પડતી જોવા મળશે. ઉલ્કા વર્ષાનો નજારો નિહાળવા રાજયના લોકોને ભારત જનવિજ્ઞાન જાથાની રાજય કચેરીએ અપીલ કરી છે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડ્યા જણાવે છે કે તા.7 થી 10 દરમ્યાન સક્રિય અને 8 ઓકટોબરે મહતમ ડ્રકોનીકસ ઉલ્કા વર્ષા પડતી જોવા મળશે. ડ્રકોનીકસ ઉલ્કા વર્ષાની મહતમ બુધવાર અને ગુરૂવાર વહેલી સાંજે, મધ્ય રાત્રિ બાદ અને વહેલી પરોઢે આકાશમાં જોવા મળશે. નરી આંખે નિર્જન જગ્યાએથી સ્પષ્ટ જોઈ શકાય છે.

ઉલ્કા વર્ષા વર્ષ દરમ્યાન 10 થી 12 વખત અને વધુમાં વધુ પાંચ વખત આકાશમાં જોવા મળે છે. આ ઉલ્કા વર્ષાઓ પાછળ ધુમકેતુઓ કારણભૂત છે. ઉલ્કા વર્ષા નિહાળવા મધ્ય રાત્રિ બાદ અને વહેલી પરોઢનો સમય શ્રેષ્ઠ છે. મોટેભાગે વહેલી પરોઢે મહતમ ઉલ્કા વરસાદ જોવા મળે છે. વિદેશમાં લોકો દરિયાઈ કિનારે તથા પર્વતીય-ખડકાળ, નિર્જન જગ્યાએ પસંદ કરી બે કે ત્રણ દિવસનો પડાવ નાખે છે. ચારેય દિશામાં ખગોળરસિકોને ગોઠવી ઉલ્કાના આંકડાની નોંધ રાખવામાં આવેછે. સેક્ધડની ગણતરીમાં દિવાળીની આતશબાજી, રંગબેરંગી ફટાકડાના દ્રશ્યો અવકાશમાં જોવા મળે છે. ઘણા લોકો ગુણવતાના દૂરબીનની વ્યવસ્થા કરી નજારો જોવે છે. જાથાએ ફાયરબોલ ફોટોગ્રાફી, ઈન્ટરનેટ મિત્રોનો સહયોગ મેળવી ડિઝીટલ વિડીયોગ્રાફી કેમેરામાં કેદ કરવા આયોજન ગોઠવ્યું છે. રાજયમાં ઉલ્કા વર્ષા સંબંધી વિશેષ જાણકારી માટે નો.98252 16689 ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાય.


અમદાવાદમાં ભાજપ મહિલા મોરચાનો કોંગ્રેસ સામે વિરોધ : પોલીસ સાથે ઘર્ષણ

કોંગ્રેસ સાંસદ સામે જાતિય સતામણીનાં આરોપસર દેખાવો



અમદાવાદ : દિલ્હીમાં હાલ ભાજપ-કોંગ્રેસ વચ્ચે ચાલી રહેલી ખેંચતાણની અસરો દેશમાં ઠેર ઠેર નજરે પડવા લાગી છે. ત્યારે આજે અમદાવાદ ખાતે પણ કોંગ્રેસના વિરોધમાં ભાજપ મહિલા મોરચાને ઘર્ષણ થયું હતું. આ અંગેની પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ અમદાવાદના પાલડીમાં આવેલા રાજીવ ગાંધી ભવન બહાર આજે ભાજપ મહિલા મોરચાના વિરોધ પ્રદર્શનને લઈ પોલીસનો લોખંડી બંદોબસ્ત ગોઠવાયો છે. ઉંગઝના પ્રોફેસર અને કોંગ્રેસના સાંસદ અંગોમચા બિમોલ અકોઈજાન સામે વિદ્યાર્થિનીઓની જાતીય સતામણીના આરોપોને લઈને ભાજપ મહિલા મોરચાએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિરોધ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને એક DCP, બે ACP, ૭ PI સહિત 600થી વધુ પોલીસકર્મીઓ તૈનાત છે. મોટી સંખ્યામાં ભાજપ મહિલા મોરચાની કાર્યકર્તાઓ રાજીવ ગાંધી ભવન તરફ આગળ વધતા પોલીસે રોકતા ઘર્ષણ થયું હતું. રાજીવ ગાંધી ભવન તરફ જતા અટકાવવામાં આવતા રસ્તામાં ધરણા પર બેસી વિરોધ પૂર્ણ કર્યો હતો.

અંબાજી મંદિરના સુપ્રસિધ્ધ મોહનથાળ પ્રસાદને 'જીઆઇ' ટેગનો દરજ્જો પ્રાપ્ત



પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિરના પરંપરાગત મોહનથાળ પ્રસાદને કેન્દ્રીય જીઆઈ રજિસ્ટ્રી દ્વારા ભૌગોલિક ઓળખ (જીઆઈ) ટેગ આપવામાં આવ્યો છે. આ પ્રસાદને હવે કાનૂની સંરક્ષણ મળ્યું છે. તિરુપતિ લાડુ અને પલાની પંચામૃતમની જેમ અંબાજીનો મોહનથાળ પણ દેશના વિશિષ્ટ મંદિર પ્રસાદોમાં સામેલ થયો છે. શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલી અરજીને આધારે જીઆઈ રજિસ્ટ્રી દ્વારા 'અંબાજી મોહનથાળને ખાધ પદાર્થોની ક્લાસ-30 શ્રેણી હેઠળ સત્તાવાર જીઆઈ ટેગ એનાયત કરવામાં આવ્યો છે. અધિકૃત દસ્તાવેજો મુજબ 1 ઓક્ટોબર, 2026ના રોજ આ સર્ટિફિકેટ જારી કરવામાં આવ્યું છે. આ સાથે અંબાજીનો મોહનથાળ દેશના સુપ્રસિદ્ધ અને વિશિષ્ટ મંદિર પ્રસાદોની યાદીમાં સ્થાન પામ્યો છે. આ ઐતિહાસિક સિદ્ધિ નિમિત્તે નવરાત્રીના પ્રથમ નોરતે એટલે કે 11 ઓક્ટોબરે અંબાજી દેવસ્થાન ખાતે વિશેષ સમારોહ યોજાશે. સવારે 10 થી 11 વાગ્યા દરમિયાન યોજાનાર કાર્યક્રમમાં કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટ્સ, ડિઝાઈન્સ એન્ડ ટ્રેડમાર્ક્સ તથા જ્યોગ્રાફિકલ ઈન્ડિકેશન્સના રજિસ્ટ્રાર પ્રોફેસર ડૉ. ઉન્નત પી. પંડિત ઉપસ્થિત રહી ટ્રસ્ટને સત્તાવાર જીઆઈ સર્ટિફિકેટ અર્પણ કરશે. જીઆઈ ટેગ મળતા હવે 'અંબાજી મોહનથાળ' નામનો અનધિકૃત ઉપયોગ અથવા નકલ સામે કાનૂની સંરક્ષણ પ્રાપ્ત થયું છે. આથી પ્રસાદની ગુણવત્તા, શુદ્ધતા અને પરંપરાગત ઓળખ જાળવવામાં મદદ મળશે.

ડીમોલીશન કરનાર કર્મચારીઓ પાસેથી નાણાં વસુલી શકે છે: કોર્પોરેશન વચનમાંથી ફરી જાય તે મંજુર નથી

સુરતમાં ગેરકાયદે ડીમોલીશન : કોર્પોરેશને મકાનો અથવા વળતર આપવું જ પડશે : હાઇકોર્ટની કડક ટીપ્પણી



અમદાવાદ : સુરતના નાસિરનગર વિસ્તારમાં જૂન મહિનામાં હાથ ધરાયેલી ગેરકાયદે ડિમોલિશન ઝુંબેશ બાદ વિસ્થાપિત થયેલા રહેવાસીઓના પુનર્વસન મામલે ગુજરાત હાઈકોર્ટે સુરત મહાનગરપાલિકાને ભારે ફટકાર લગાવી છે. શુક્રવારે આ કેસની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે મૌખિક અવલોકન કરતા સ્પષ્ટ કર્યું હતું કે, જે રહેવાસીઓના ઘર તોડી પાડવામાં આવ્યા છે તેમને વૈકલ્પિક આવાસ આપવાની અગાઉ આપેલી સંમતિમાંથી મહાનગરપાલિકાને પીછેહઠ કરવા દેવામાં આવશે નહીં.

જસ્ટિસ નિખિલ એસ. કારીયેલની સિંગલ બેન્ચ જૂન મહિનામાં તોડી પાડવામાં આવેલા મકાનો અંગે અસરગ્રસ્ત રહેવાસીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી રહી હતી.

સુનાવણી દરમિયાન કોર્ટે મ્યુનિસિપલ કોર્પોરેશનના વકીલને સૂચનાઓ મેળવવા સમય આપતા મૌખિક રીતે જણાવ્યું હતું કે, મહાનગરપાલિકા જે સંકેત આપી રહી છે તે મુજબ અગાઉ આ કોર્ટ સમક્ષ એ વાત પર સંમતિ બની હતી કે રહેવાસીઓને આવાસ આપવામાં આવશે. હવે જો કોર્પોરેશન પોતાના વચનથી પાછળ હટવાનો પ્રયાસ કરશે તો હું તેની પરવાનગી નહીં આપું.

રહેવાસીઓને આવાસ મળવું જ જોઈએ. વ્યવસ્થા કેવી રીતે કરવી તે તમારી જવાબદારી હતી. એડવોકેટ જનરલ મારફતે કોર્પોરેશને સ્વીકાર્યું હતું કે આ લોકોને મકાન અપાશે. હવે જો કોર્પોરેશન પીછેહઠ કરવાની કોશિશ કરી રહ્યું હોય તો યાદ રાખવું જોઈએ કે કોર્પોરેશન પાસે ફંડની કોઈ અછત નથી.

કોર્પોરેશન તરફથી ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલે દલીલ કરી હતી કે અગાઉની જેએન યોજના (જેએન સ્કીમ) હેઠળ પુનર્વસન શક્ય હતું, પરંતુ અરજદારોને તે મંજૂર નહોતું. તેના પર વળતો પ્રહાર કરતા અદાલતે કહ્યું કે, તમે તમારી જવાબદારી કેન્દ્ર સરકારની કોઈ યોજના પર ઢોળવાનો પ્રયાસ કરી રહ્યા છો. તમારે પોતાના ભંડોળમાંથી જ ચુકવણી કરવી પડશે. પોતાના અધિકારીઓએ કરેલી ભૂલને સુધારવા માટે અમે કોર્પોરેશનને કેન્દ્ર સરકારની યોજનાઓનો ઉપયોગ કરવા દેવા નથી માંગતા. તમારે જ કોઈ રસ્તો બતાવવો પડશે. એકવાર મકાન તોડી પાડ્યા પછી તમે એવું ન કહી શકો કે કેન્દ્રની યોજનામાં જોગવાઈ હતી પણ અત્યારે નથી. સુરત મહાનગરપાલિકા પાસે પૂરતું ભંડોળ છે. મકાનો તોડી પાડનારા તમારા કર્મચારીઓ પાસેથી જ તમે જમીન મહેસૂલની બાકી નીકળતી રકમની જેમ આ રકમ વસૂલી શકો છો. વહીવટી રીતે કોર્પોરેશન પોતે જ આ ભૂલ માટે જવાબદાર છે. કોર્પોરેશન દ્વારા એવી દલીલ પણ કરવામાં આવી હતી કે કેટલાક લોકો ગેરકાયદેસર કબ્જો ધરાવતા હતા. આ અંગે કોર્ટે સ્પષ્ટ કહ્યું કે રહેવાસીઓ ગેરકાયદેસર કબ્જામાં હતા કે નહીં તે હજુ નક્કી થયું નથી. જો કાયદાકીય પ્રક્રિયા પૂરી કરીને ડિમોલિશન કરાયું હોત તો આ દલીલ યોગ્ય ગણાત.

દર બીજી વ્યક્તિ ચાલુ વાહને મોબાઇલ વાપરે છે, વીડીયોકોલમાં પણ વાત કરે છે : હાઇકોર્ટ લાલઘૂમ

સરકાર - પોલીસનો ઉધડો લીધો : કારચાલકો તો મુવી જોતા - જોતા ડ્રાઇવીંગ કરતા હોવાની ટકોર : હેલ્મેટનો પણ ઉલ્લેખ



અમદાવાદ : અમદાવાદ શહેરમાં દિવસેને દિવસે કથળતી જતી ટ્રાફિક વ્યવસ્થા અને માર્ગ સુરક્ષાની કમ્મરતોડ સ્થિતિ અંગે ગુજરાત હાઈકોર્ટમાં યોજાયેલી સુઓમોટો સુનાવણી દરમિયાન એક્ટિંગ ચીફ જસ્ટિસની બેન્ચે રાજ્ય સરકાર અને પોલીસ પ્રશાસનનો ભારે ઉધડો લીધો હતો.

ખાસ કરીને પાંજરાપોળ ચાર રસ્તા ખાતે નિર્માણધીન ફ્લાયઓવર બ્રિજ અને ત્યાં સતત સર્જાતી ટ્રાફિકની જટિલ સમસ્યા અંગે કોર્ટે સરકાર પાસે આકરા શબ્દોમાં ખુલાસો માગ્યો હતો.

હાઈકોર્ટે અત્યંત નારાજગી વ્યક્ત કરતાં ટકોર કરી હતી કે, સમગ્ર દેશમાં કદાચ આપણે જ એકમાત્ર એવા છીએ, જ્યાં મોટા ભાગના લોકો હેલ્મેટ પહેર્યા વિના બિન્દાસ વાહનો ચલાવે છે.

દેશના અન્ય રાજ્યોમાં વાહન ચાલક તેમજ પાછળ બેસનાર (પિલિયન રાઈડર) બંને માટે હેલ્મેટ ફરજિયાત છે, તો પછી ગુજરાતમાં આ કાયદાનો કડક અમલ કેમ કરવામાં આવતો નથી?

વધુમાં કોર્ટે ઉમેર્યું હતું કે, દર બીજા દિવસે રોડ પર ડમ્પર અને ટુ-વ્હીલર વચ્ચે જીવલેણ અકસ્માતો સર્જાય છે, જેમાં મોટા ભાગે હેલ્મેટ ન પહેરનારા વાહનચાલકો જ પોતાનો જીવ ગુમાવે છે. આ સિવાય રસ્તા પર બેફામ દોડતા ડમ્પરો પર નંબર પ્લેટ પણ હોતી નથી, જે અત્યંત ગંભીર બાબત છે.

ટ્રાફિક પોલીસની ઢીલી કામગીરી અને નિષ્ક્રિયતા સામે સવાલો ઉઠાવતા હાઈકોર્ટે આંખ ઉઘાડનારી ટિપ્પણી કરી હતી કે, રસ્તા પર દર બીજી વ્યક્તિ ચાલુ વાહને મોબાઈલ પર વાત કરતી નજરે પડે છે, છતાં પોલીસ તેમની સામે કોઈ કાર્યવાહી કરતી નથી.

સ્થિતિ એટલી હદે વણસી છે કે, હવે લોકો ચાલુ વાહને વીડિયો કોલ કરે છે અને કારના ડેશબોર્ડ પર મોબાઈલ મૂકીને મૂવી જોતા જોતા ડ્રાઈવિંગ કરે છે! અન્ય રાજ્યોમાંથી આવતા જજ પણ ગુજરાતની આવી બદતર સ્થિતિ જોઈને ચોંકી જાય છે અને પૂછે છે કે શું તમારા રાજ્યમાં કોઈ હેલ્મેટ જ નથી પહેરતું? કોર્ટે આ પ્રકારના તમામ જોખમી ટ્રેન્ડ તાત્કાલિક અસરથી બંધ કરાવવા માટે કડક નિર્દેશ આપ્યા હતા.

સુનાવણી દરમિયાન ગુજરાત સરકારે હાઈકોર્ટમાં સોગંદનામું રજૂ કરીને ટ્રાફિક નિયંત્રણ માટે લેવાયેલા પગલાંની વિગતો આપી હતી. સરકારી પક્ષ તરફથી જણાવવામાં આવ્યું હતું કે, શહેરોમાં ટ્રાફિક સંચાલન સુચા બનાવવા માટે 650 નવા ટ્રાફિક જવાનોની ભરતી કરવામાં આવી છે. આ ઉપરાંત, ટ્રાફિક બ્રિગેડ (ટીઆરબી)ના જવાનોને 30 દિવસની ખાસ ટ્રાફિક તાલીમ આપીને માર્ગો પર ટ્રાફિક નિયમન માટે તૈનાત કરવામાં આવશે.

હેલ્મેટ કાયદાનો અમલ કેમ નહીં? સવાલ પુછ્યો હાઇકોર્ટ દ્વારા સુનાવણી દરમ્યાન હેલ્મેટના કાયદાનો અમલ ન થવા મામલે પણ ખાસ ટકોર કરી હતી. અકસ્માતો નિવારવા હોટસ્પોટની ઓળખ જેવી કામગીરી થાય છે પરંતુ હેલ્મેટ કાયદાનો અમલ થતો નથી. દેશમાં કદાચ ગુજરાત જ એક માત્ર એવું રાજ્ય છે જ્યાં આ કાયદાનો અમલ થતો નથી. ગુજરાત આવતા અનેક મહાનુભાવો તથા અન્ય રાજ્યોમાંથી આવતા ન્યાયાધીશો પણ હેલ્મેટ વિના ખુલ્લેઆમ વાહન ચલાવતા વાહનચાલકોને જોઈને આઘાત પામે છે અને એવું પુછે છે કે ગુજરાતમાં હેલ્મેટ કાયદો નથી?

રૂા.5 કરોડ કે તેથી વધુની જીએસટી ચોરીમાં જ ફોજદારી - ધરપકડની સતા

રૂા.10000થી ઓછીની GST નોટીસો પાછી ખેચાશે : E-કોમર્સ ડીલીવરી મોંઘી બનશે

જીએસટી કાઉન્સીલમાં નિર્ણય : 10000થી ઓછા વિવાદથી 12 લાખ નોટીસો રદ : નવી ઈશ્યુ થશે નહી : ઈ-કોમર્સ મારફત વેચાતા માલમાં હવે ટ્રાન્સપોર્ટના દરેક મોડમાં 5% જીએસટી લાગશે

નવી દિલ્હી: ગઈકાલે મળેલી જીએસટી કાઉન્સીલની બેઠકમાં ખાસ કરીને આ આડકતરી વેરા વ્યવસ્થાને વધુ સરળ બનાવવા માટે લેવાયેલા નિર્ણયમાં સૌથી મહત્વનું જીએસટી વિવાદમાં વ્યાપારી-કેપ્ટનના સંચાલકની ધરપકડની સતા પાછી ખેચી લેવાઈ છે અને જીએસટી ચોરીમાં કે અન્ય કોઈ વિવાદમાં જે તે ધરપકડ-જેલવાસ એ તમામ નિર્ણય ન્યાયતંત્ર પર છોડાયો છે.

જે વ્યાપાર-ઉદ્યોગ માટે મોટી રાહત હશે તો બીજી તરફ હવે આ બેઠકના નિર્ણય મુજબ જીએસટીમાં રૂા.10000ની ઓછા કેસમાં નોટીસ મોકલાશે નહી તે નિશ્ચિત કરવામાં આવ્યું છે. જેના કારણે 12 લાખ જેટલા નાના વ્યાપારીઓને રાહત મળશે.

એટલું જ નહી અગાઉ કોઈ વ્યાપારીને રૂા.10000થી ઓછા વિવાદમાં નોટીસ પાઠવવામાં આવી હશે તો તે પણ પાછી ખેંચાશે અને વ્યાપારી સામે કાનુની કાર્યવાહી કરવા માટે રૂા.5 કરોડ કે તેથી વધુનો કેસ હોવો જોઈએ..

તેથી જો ટેક્ષ ચોરી રૂા.5 કરોડ કે તેથી ઓછી રકમની હોય તો ટેક્ષ અધિકારી ધરપકડ કરી શકશે નહી તથા વેપારી સામે ફોજદારી કેસ કરવા પણ રૂા.5 કરોડથી વધુની ટેક્ષ ચોરીનો મામલો હોવો જરૂરી છે. પહેલા આ મર્યાદા રૂા.1 કરોડની હતી તો જીએસટીના ચોકકસ વિવાદમાં દંડની રકમ રૂા.25000થતી ઘટાડીને રૂા.5000 કરી છે. આ ઉપરાંત ઈ-કોમર્સ કંપનીઓ પર જીએસટી અંગે એક મહત્વનો નિર્ણય લેવાયો છે. જેમાં તેઓ જે ડીલીવરી સેવા આપે તેના પર હવે એક સમાન 5% જીએસટી વસુલાશે. જો કે તેમાં કોઈ ઈનપુટ ટેક્ષ



ક્રેડીટ મળશે નહી. આ નિયમ ડીલીવરી સર્વિસ કંપનીઓ જે ઈ-કોમર્સ વ્યાપારમાં ડીલીવરી સાથે જોડાયેલા છે તેને જ લાગુ પડે છે અને તે સર્વિસ આપનારને સેન્ટ્રલ જીએસટી હેઠળ નોંધણી ફરજીયાત બનશે નહી. તેઓએ 5% જીએસટી કોઈ ઈનપુટ ટેક્ષ ક્રેડીટ વગર જ ભરવાપાત્ર થશે. એટલું જ નહી. હવે ટ્રાન્સપોર્ટ જેવા પ્રકારના ઈ-કોમર્સ ગુડ્સની હેરાફેરી થતી હોય તેને પણ 5%નો જીએસટી લાગશે. આમ ઈ-કોમર્સ કંપની જે પ્રકારે ઉત્પાદન મોકલે તેના ટ્રાન્સપોર્ટના દરેક મોડ પર 5% જીએસટી વસુલાશે. જેના કારણે આ પ્રકારનો ડીલીવરી ખર્ચ વધશે જે અંતે ગ્રાહકને જ ભરવો પડશે. આમ ઈ-કોમર્સ ડીલીવરી મોંઘી બનશે. જો કે આ નિયમ કુરિયર કે પોસ્ટલ સેવાને લાગુ પડશે નહી.

રૂા.5 કરોડથી ઓછું ટર્નઓવર ધરાવતા આખરી વેચાણકર્તાને રિટર્ન-ટેક્ષ પ્રક્રિયામાં રાહત

સીધા વપરાશકર્તા ગ્રાહકને વેચનારને વર્ષમાં એક વખત રિટર્ન: ત્રણ મહિને ટેક્ષ ભરવાની સુવિધા અપાશે

નવી દિલ્હી: આગામી સમયમાં જીએસટીમાં મોટા ફેરફાર આવી રહ્યા છે. જેમાં હવે નાના વેપારીને જે રીતે ત્રણ મહિને જે રિટર્ન ફાઈલ કરવું પડે છે તે મુશ્કેલીનો અંત આવશે. રૂા.5 કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા વ્યાપારીને વર્ષમાં એક વખત રિટર્ન તથા જો કોઈ ટેક્ષ જવાબદારી થતી હોય તો દર ત્રણ મહિને તે ભરી શકાશે.

આ અંગેનું એક માળખુ તૈયાર થઈ રહ્યું છે જે નિશ્ચિત થતા જ સંભવત આગામી આગામી એપ્રિલ-2027થી લાગુ પડશે. જીએસટી કરદાતાએ 99% એટલે કે જેઓ સીધો ગ્રાહકને છુટક રીતે માલ વેચે છે તેમાં 16.66 લાખનું ટર્નઓવર રૂા.5 કરોડથી ઓછું છે અને તેઓ માલ વેચાણમાં આખરી કડી છે. આ અંક મોટી સંખ્યા છે પણ તેઓ તરફથી જીએસટી આવક સૌથી ઓછી છે.

જેમાં નાની દુકાનો, નાના રેસ્ટોરા કે સલુન કે તેવી સેવા આપનાર છે અને જયારે ગ્રાહક કોઈ ઈનપુટ ટેક્ષ ક્રેડીટ કલેમ કરતા નથી તેની આ પ્રકારના વ્યાપારીઓની કોઈ ટેક્ષ ક્રેડીટ બનતી નથી. હવે નવી યોજના હેઠળ આ વ્યાપારીઓને વર્ષમાં એક રિટર્ન દર ત્રણ મહિને ટેક્ષ ભરવાની સુવિધા અપાશે.

મલ્ટી પ્લેકસને રૂા.20 ની પાણીની બોટલ રૂા.50 માં વેંચવી મોંઘી પડી : ગ્રાહક કોર્ટે રૂા.85 હજારનો દંડ ફટકાર્યો

વર્ષ 2016 ની એક ફરિયાદમાં પટણા કન્ઝયુમર કોર્ટનો ચુકાદો



પટણા : મલ્ટીપ્લેકસમાં ખાદ્ય અને પેય પદાર્થોની મુળ કિંમત કરતા અનેકગણી કિંમતે વેંચવુ મોંઘુ પડી શકે છે. આ મામલે પટણા કન્ઝયુમર કોર્ટે વિક્રેતાને 85 હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે. અહીં સિને પોલીસનાં સિનેમા હોલમાં 20 રૂપિયાની પાણીની બોટલ 50 રૂપિયામાં વેચવુ સિને પોલીસ અને કોકા-કોલા, કંપનીને ભારે પડયું છે. ગ્રાહક તકરાર નિવારણ પંચે તેને અનુચિત અને પ્રતિબંધાત્મક વ્યાપાર વ્યવહાર માનીને બન્ને પર કુલ રૂા.85 હજારનો દંડ ફટકાર્યો છે. ગ્રાહકને વળતરના 25 હજાર રૂપિયા અને 10 હજાર રૂપિયા કેસના ખર્ચના તો 50 હજાર રૂપિયા રાજય ગ્રાહક કલ્યાણ કોષમાં જમા કરવાનો આદેશ આપ્યો છે. ઉલ્લેખનીય છે કે ફરીયાદી 23 સપ્ટેમ્બર 2016 માં સિને પોલીસમાં ફિલ્મ જોવા ગયો હતો ત્યાં બહારથી પાણી લાવવા પર રોક હતી. જયારે સિનેમા હોલથી પાણીની બોટલ ખરીદી તો ખુલ્લા બજારમાં 20 રૂપિયામાં મળતી પાણીની બોટલના 50 રૂપિયા વસુલાયા હતા. ગ્રાહક પંચે વિધીક માપ વિજ્ઞાન વિભાગ અને ગ્રાહક સંરક્ષણ મંત્રાલયને પણ એક જ ઉત્પાદનની મનમાની ડબલ કિંમત વસુલતી રોકવા જરૂરી કાર્યવાહીનો નિર્દેશ આપ્યો છે.

નવરાત્રિ પહેલાં ત્વચાનો ગ્લો, એનર્જી અને શરીરમાં પાણીનું પ્રમાણ જાળવી રાખવા માટે I.V થેરાપી લેવાનું ચલણ વધ્યું

ગરબામાં ત્વચાની ચમક-તાકાત મેળવવા યુવાનોમાં ગ્લુકોઝ-વિટામિનના બાટલા ચડાવવાનો નવો ટ્રેન્ડ

અમદાવાદ : અમદાવાદમાં નવરાત્રિનો તહેવાર નજીક આવતાં જ શહેરનાં યુવાનોમાં ઈન્ટ્રાવેનસ (IV) થેરાપી એટલે કે વિટામિન્સ અને મિનરલ્સનો બાટલો ચડાવવાનો ક્રેઝ ઝડપથી વધી રહ્યો છે. તહેવારની રાતોમાં ગરબા રમતી વખતે ત્વચામાં ચમક લાવવા, શરીરમાં પાણીનું પ્રમાણ જાળવી રાખવા અને થાક ન લાગે તે માટે ઉર્જા મેળવવા યુવાનો આ તરફ આકર્ષાઈ રહ્યાં છે. 24 વર્ષની એક યુવતી સહિત અનેક યુવતીઓએ કોઈ બીમારી ન હોવા છતાં માત્ર મિત્રોની સલાહથી નવરાત્રિ પહેલાં આવા 3 થી 6 સેશન લઈને બાટલા ચડાવ્યાં છે. શહેરના સ્કીન (ત્વચા) અને સુંદરતાના નિષ્ણાત ડોકટરોના જણાવ્યાં મુજબ, નવરાત્રિ પહેલાં રૂપરંગ સુધારવા અને તાજગી મેળવવા માટે આવી થેરાપીની માંગ ખૂબ વધી ગઈ છે. ડોકટરોના મતે, પહેલાંના સમયમાં લોકો માત્ર લગ્નપ્રસંગો પહેલાં જ આવા વિટામિનના બાટલા ચડાવતા હતા, પણ હવે આ ટ્રેન્ડ તહેવારો સુધી પહોંચી ગયો છે. સામાન્ય રીતે આ ડ્રીપ (બાટલા)માં વિટામિન, મિનરલ્સ, એન્ટિ-ઓક્સિડન્ટ્સ અને ગ્લુટાથિઓન જેવા તત્વોનું મિશ્રણ હોય છે, જે મોં દ્વારા ગોળીઓ ખાવા કરતાં ખૂબ ઝડપી અસર બતાવે છે. માત્ર છોકરીઓ જ નહીં, પરંતુ છોકરાઓમાં પણ સુંદર દેખાવાની અને આવી ટ્રીટમેન્ટ લેવાની ચિ વધી છે. ત્વચારોગ નિષ્ણાતોનું કહેવું છે કે કોરોના પછી પુરુષો પણ પોતાની ત્વચાની સંભાળ માટે આગળ આવી રહ્યાં છે. આ થેરાપી ખાસ કરીને તડકાથી કાળી પડી ગયેલી ત્વચા (ટેનિંગ) કે નુકસાન પામેલી સ્કીનને સુધારીને કલર ટોન સરખો કરવા માંગતા લોકો માટે વધુ ઉપયોગી બને છે. બીજી તરફ, ડોકટરો એ વાતની ખાસ ચેતવણી આપે છે કે સોશિયલ મીડિયામાં જોઈને કે કોઈનું સાંભળીને અંધધૂંધ બાટલા ચડાવી લેવા યોગ્ય નથી. ઈંટ થેરાપી દરેક વ્યક્તિની શારીરિક સ્થિતિ અને સ્કીન માટે અનુકૂળ નથી હોતી. તેથી, આવી કોઈ પણ પ્રોસિજર કરાવતાં પહેલાં સાચા અને નિષ્ણાત ડોક્ટરની સલાહ લઈને તેનાં ફાયદા, જોખમો અને ભવિષ્યની અસરો સમજી લેવી ખૂબ જરૂરી છે.



નવરાત્રિમાં ગરબા ગ્રાઉન્ડ પર મંજૂરી વગર ફોટો - વિડિયો લીધો તો ખેર નથી : પોલીસની કડક ચેતવણી ગરબા ગ્રાઉન્ડમાં મહિલાઓની મંજૂરી વગર છૂપી રીતે ફોટોગ્રાફી કે વિડિયોગ્રાફી કરનારાઓ સામે આ નવરાત્રિએ કડક કાર્યવાહી કરવામાં આવશે. પોલીસ દ્વારા બહાર પાડવામાં આવેલી જાહેરાત મુજબ, ગરબાના સ્થળો, ખાસ કરીને એન્ટ્રી-એક્ઝિટ ગેટ, પાર્કિંગ એરિયા અને અંધારા વાળા રસ્તાઓ પર એન્ટિ-રોમિયો ડ્રાઈવ ચલાવવામાં આવશે. મહિલાઓની છેડતી કરનારા, પીછો કરનારા કે અયોગ્ય ટિપ્પણી કરનારા તત્વોને ઝડપી પાડવાનો મુખ્ય હેતુ છે.



પોલીસે મહિલાઓને પણ સતર્ક રહેવા અપીલ કરી છે. ફક્ત નવરાત્રિમાં સાથે ફરવા માટે સોશિયલ મીડિયા પર અજાણ્યા લોકોની ફ્રેન્ડ રિક્વેસ્ટ સ્વીકારવી નહીં, નવી ઓળખાણ પર આંખ બંધ કરીને વિશ્વાસ ન કરવો અને અજાણી વ્યક્તિ સાથે અવાવરુ સ્થળોએ જવાનું ટાળવું. ઉપરાંત, પરિવારનાં સભ્યો સાથે પોતાનું લાઈવ લોકેશન શેર કરવા સલાહ આપવામાં આવી છે.

સાદા પોશાકમાં પોલીસ અને સરપ્રાઈઝ પેટ્રોલિંગ છેડતી કરનારાઓ અને રોમિયોગિરી કરનારાઓ પર નજર રાખવા માટે શી ટીમો સાદા કપડાંમાં તૈનાત રહેશે. આ સરપ્રાઈઝ ચેકિંગ માત્ર મોટા પાર્ટી પ્લોટ પૂરતું સીમિત નહીં રહે, પરંતુ શેરી ગરબા, મોહલ્લા, રજિસ્ટર્ડ સોસાયટીઓ અને ખાણી-પીણીની ગલીઓ સુધી લંબાવાશે. નવરાત્રિ પહેલાં અને તહેવાર દરમિયાન શી ટીમ ગરબા ક્લાસીસ અને સ્થળોની મુલાકાત લઈને યુવતીઓ સાથે સંવાદ સાધશે, સુરક્ષા માર્ગદર્શન આપશે તેમજ સેલ્ફ ડિફેન્સ અને જાગૃતિના કાર્યક્રમો યોજશે.

મદદ માટે 112 ડાયલ કરો મોડી રાત્રે મુશ્કેલીમાં મુકાયેલી અથવા વાહન વ્યવસ્થા ન મળતી હોય તેવી મહિલાઓને 112 નંબર પર કોલ કરવા જણાવવામાં આવ્યું છે. ઈમરજન્સી રિસ્પોન્સ સિસ્ટમ અને શી ટીમ મહિલાઓ સુરક્ષિત ઘરે પહોંચે તે સુનિશ્ચિત કરશે. ગરબા સ્થળો પર 112 અને 181 જેવી હેલ્પલાઈન દર્શાવતાં પમ્પલેટ્સનું વિતરણ કરાશે. આ ઉપરાંત, તૈનાત ટુકડીઓ, પકડાયેલા રોમિયો અને લેવાયેલા પગલાંનો દૈનિક રેકોર્ડ રાખવામાં આવશે.

PRINTER / PUBLISHER / OWNER / EDITOR : **SEEMA SHAH** PUBLISHED : "STOCK TODAY" M : 99985 29220 : 102, Atithi Annexi Pritamnagar Akhada Paldi, Ahmedabad. (GUJARAT) 380 007.
Printed at JAY GRAPHICS AND PRINTERS, C/15, Vikram Chambers, Income Tax, Ashram Raod, Ahmedabad - 380 009.